# નયપ્રદીપ

## નયચક્ર સંક્ષેપ

લેખકઃ
સ્વ. શ્રી મનઃસુખભાઇ કિરતચંદ મહેતા.

ૐ


# શ્રીમાન્ યશોવિજયગણી કૃત

# નયપ્રદીપ

—o—

અને

## નયચક્ર સંક્ષેપ સ્વરૂપ



અનુવાદક અને વિવેચક:

**સ્વ૦ શ્રી. મનઃસુખભાઇ કિરત્ચંદ મહેતા.**

—o—

સંપાદક: પ્રકાશક—

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા,
એમ. બી. બી. એસ.
૫, ચોપાટી રોડ, મુંબઈ, ૭

મૂલ્ય: એક રૂપીઓ

પ્રથમાવૃત્તિઃ ઈ. સ. ૧૯૫૦
પ્રતઃ ૫૦૦
સર્વ હક્ક સ્વાધીન

મુદ્રક
અંબાલાલ હીરાલાલ પટેલ
એન. એમ. પ્રિન્ટીંગ પ્રેસ.
ઘીકાંટા, અમદાવાદ.

"एकेनाकर्षंती श्लथयंती वस्तुतत्त्वमितरेण ।
अंतेन जयति जैनी नीतिर्मंथाननेत्रमिव गोपी ॥"
**શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત પુરુષાર્થસિદ્ધિઉપાય**

(અર્થાત્) રવૈયા તણું નેતરૂં, એક છેડે ખેંચંત;
બીજે ઢીલું છોડતી, માખણ ગોપી લહંત.
ત્યમ એક અંતથી વસ્તુનું, તત્ત્વ જ આકર્ષંત;
બીજે શિથિલ કરંતી આ, જૈની નીતિ જયવંત.
—(ભગવાનદાસ)

"એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની હે વાદીઓ! મને તમારે માટે દર્શાવે છે. કારણ શિખાઉ કવિઓ કાવ્યમાં જેમ તેમ ખામી દાબવા 'જ' શબ્દનો ઉપયોગ કરે છે, તેમ તમે પણ 'જ' એટલે નિશ્ચયતા શિખાઉ જ્ઞાન વડે કહો છો. મહારો **મહાવીર** એમ કોઈ કાળે કહે નહિં, એ જ એની સત્કવિની પેઠે ચમત્કૃતિ છે."—**શ્રીમદ્ રાજચંદ્ર.**

"इमां समक्षं प्रतिपक्षसाक्षिणामुदारघोषामुद्घोषणां ब्रुवे ।
न वीतरागात्परमस्ति दैवतं, न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥"
—**શ્રી હેમચંદ્રાચાર્યકૃત અન્યયોગવ્ય. દ્વા.**

(વંશસ્થ) વિપક્ષ સાક્ષીની સમક્ષ એહ હું,
ઉદારઘોષા ઉદ્‌ઘોષણા કહું:
ના દેવતા છે પર વીતરાગથી,
વિના અનેકાંત નયસ્થિતિ નથી.(ભગવાનદાસ)

ॐ

# श्री सद्‌गुरुचरणार्पणमस्तु !

"જે સ્વરૂપ સમજ્યા વિના,
પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું,
શ્રી સદ્‌ગુરુ ભગવંત.

卐

નિશ્ચય વાણી સાંભળી,
સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં,
સાધન કરવાં સોય.

ગચ્છ મતની જે કલ્પના,
તે નહિં સદ્‌વ્યવહાર;
ભાન નહિં નિજ રૂપનું,
તે નિશ્ચય નહિં સાર."

—श्री आत्मसिद्धि

# સુભાષિત રત્નો

"परमागमस्य जीवं निषिद्धजात्यंधसिंधुरविधानम् ।
सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकान्तम् ॥'
શ્રી અમૃતચંદ્રસૂરિ કૃત પુ૦ સિ૦ ઉ૦

(આર્યા) પરમાગમનો જીવ જે, હસ્તી-જન્માંધ વાદ જે હરતો;
અનેકાંત પ્રણમું તે, સકલ નય વિરોધને મથતો.

"अनंतधर्मणस्तत्त्वं पश्यंती प्रत्यगात्मनः ।
अनेकान्तमयी मूर्त्तिर्नित्यमेव प्रकाशताम् ॥"
શ્રી અમૃતચંદ્રસૂરિ કૃત સમયસાર કલશ.

(અનુ૦) અનંતધર્મી આત્માનું, પૃથક્ પેખતી તત્ત્વ જે;
અનેકાંતમયી મૂર્ત્તિ, નિત્ય જ તે પ્રકાશજે !-(ભગવાનદાસ)

" जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयए ।
एकेण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ॥"-આર્ષવચન

( દોહરા ) જિનમત ઈચ્છ તો નિશ્ચય, વ્યવહાર મૂકજે ના જ;
તીર્થ છેદાય એક વિણ, તત્ત્વ ઈતર વિના જ.

"आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिं, यत्र तत्र मतिरेति निवेशं ॥"
શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય.

આગ્રહી દોરે યુક્તિ ત્યાં, જ્યાં તસ મતિ નિવેશ;
નિર્પક્ષને તો યુકિત જ્યાં, ત્યાં લહે મતિ પ્રવેશ. (ભગવાનદાસ)

"નય અનંતા છે, અકેકા પદાર્થમાં અનંત ગુણધર્મ છે; તેમાં અનંતા નય પરિણમે છે; તો એક અથવા બે ચાર નયપૂર્વક બોલી શકાય એવું ક્યાં છે? માટે નયાદિકમાં સમતાવાન રહેવું; જ્ઞાનીઓની વાણી 'નય'માં ઉદાસીન વર્ત્તે છે; તે વાણીને નમસ્કાર હો! × × × માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે; અને તેથી વિષમ ફળની પ્રાપ્તિ હોય છે. કોઇ નય જ્યાં દુભાતો નથી એવાં જ્ઞાનીના વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય એવાં પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહીં અને કોઇ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં. અને એ આગ્રહ જેને છૂટ્યો છે તે કોઇ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતો નથી. × × નાના પ્રકારના નય, નાના પ્રકારના પ્રમાણ, નાના પ્રકારની ભંગજાળ, નાના પ્રકારના અનુયોગ એ સઘળાં લક્ષણારૂપ છે. લક્ષ એક સચ્ચિદાનંદ છે."—**શ્રીમદ્ રાજચંદ્ર.** પત્રાંક ૧૭૯–૧૮૦

"દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે."
**—શ્રી યશોવિજયજી.**

"ફલ વિસંવાદ જેહમાં નહિં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે....
શાંતિ જિન! એક મુજ વિનતિ."—**શ્રી આનંદઘનજી.**

"સ્વામી **સુજાત** સુહાયા, દીઠા આણંદ ઉપાયા રે;
જિણે પૂરણ તત્ત્વ નિપાયા, દ્રવ્યાસ્તિક નય ઠહરાયા રે.
પર્યાયાસ્તિક નયરાયા, તે મૂલ સ્વભાવ સમાયા રે;
જ્ઞાનાદિક સ્વપર્યાયા, નિજ કાર્ય કરણ વરતાયા રે."
**—શ્રી દેવચંદ્રજી.**

# પ્રસ્તાવના

આ ગ્રંથમાં મ્હારા પૂ. સદ્. પિતાશ્રીના નયવિષયક ત્રણ લેખ સંશોધી મેં સંપાદિત કર્યા છે:(૧) **શ્રી યશોવિજયજી** કૃત નયપ્રદીપ—સાર્થ સવિવેચન, (૨) નયચક્ર સંક્ષેપ સ્વરૂપ, (૩) ભિન્ન ભિન્ન ગ્રંથાનુસાર નય વ્યાખ્યા. આ પ્રકાશન બા. પ્રેસ અંગે શ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતા તથા શ્રી ચંદુલાલભાઈ ગુલાબચંદ મહેતાએ મિત્રભાવે સદ્‌ભાવથી લીધેલ શ્રમ માટે આભાર વ્યક્ત કરી, સંક્ષેપમાં આ ગ્રંથનો વસ્તુનિર્દેશ કરૂં છું:—

## નય પ્રદીપ

શ્રીમાન્ યશોવિજયજી કૃત આ ગ્રંથ 'નય'ના સમ્યક્ શાસ્ત્રીય સ્વરૂપને પ્રકાશનારો 'પ્રદીપ' છે. તેના યથાર્થ ભાવ–પ્રકાશને ઝીલી, શ્રી **મનઃસુખભાઇ**એ વિશદ હૃદયંગમ અર્થમીમાંસા અને વિપુલ ટિપ્પણ આદિથી સમૃદ્ધ કરી, આ 'પ્રદીપ'ના પ્રકાશને પુષ્ટ કર્યો છે; અને 'નય' જેવા કઠિન વિષયને સુગમ અને સરસ બનાવી નયમાર્ગ પર અપૂર્વ ઉદ્યોત રેલાવ્યો છે. ન્યાય પર અનેક ગ્રંથનું નવસર્જન કરનારા શ્રીમાન્ **યશોવિજયજી** આ વિષયના તજ્જ્ઞ નિષ્ણાત (Specialist) અને પરમ પ્રમાણભૂત (Authority) એક્કા મનાય છે. આત્મસામર્થ્યના ભાનવાળી એમની પોતાની જ ઉક્તિ છે કે 'વાણી વાચક **જશ** તણી, કોઇ

નયે ન અધૂરી રે.' આવા સમર્થ આ ન્યાયાચાર્યના આ ન્યાય ગ્રંથને સહ૦ લેખકે સુંદર અર્થ-વિવેચનથી યથાયોગ્ય 'ન્યાય' આપ્યો છે. (વિષયની વિશદતા અને વાંચકની સુગમતાર્થે અત્રે પ્રકરણોની યોજના મેં પ્રયુકત કરી છે.)

આ ગ્રંથમાં સૌથી પ્રથમ પ્રકરણમાં સમસ્ત પ્રમાણના પાયારૂપ **સપ્તભંગી નય**નું સ્વરૂપ વિસ્તારથી નિરૂપણ કર્યું છે. કોઇ પણ વસ્તુની સર્વદેશીય પરીક્ષા માટે '**स्याद् अस्ति**', '**स्यान्नास्ति**' આદિ સાત જ ભંગ-વચન પ્રકાર થઇ શકે. વસ્તુ તત્ત્વની સાંગોપાંગ નિશ્ચયાત્મક સમીક્ષામાં પરમ નિપુણ એવો આ જૈનોનો પ્રસિદ્ધ સ્યાદ્વાદ અથવા અનેકાંત છે. આ અનેકાંત તો મહાન્ તત્ત્વદૃષ્ટા **શ્રી અમૃતચંદ્રાચાર્ય**જીએ કહ્યું છે (જુઓ સુભાષિત રત્નો) તેમ 'પરમાગમનો જીવ-પ્રાણ છે, અને જન્માંધ પુરુષોના હાથીના સ્વરૂપ વિષેના ઝઘડાને શમાવનારો તથા સકલ નય વિલસિતોના વિરોધને મથી નાંખનારો,' એવો પરમ ઉદાર ગંભીર ને સર્વગ્રાહી છે. કારણકે તે ભિન્ન ભિન્ન નય-અપેક્ષાવિશેષ લક્ષમાં રાખી જૂદા જૂદા દૃષ્ટિકોણથી અસંદિગ્ધ નિશ્ચયપૂર્વક સમગ્ર-સંપૂર્ણ (Comprehensive, collective & complete) વસ્તુનું સ્વરૂપ તપાસે છે. તેથી પરસ્પર કલહ કરતા નયોની તકરારનો અંત આવે છે, અને કોઇ પણ પ્રકારના એકાંતવાદરૂપ મતાગ્રહને ઉભવાનું સ્થાન રહેતું નથી. તત્ત્વના જીવનરૂપ આ અનેકાંતના આવા પરમ અદ્ભુત ચમત્કારિક સર્વ સમન્વયકારી સ્વરૂપથી મુગ્ધ થઇને પરમ તત્ત્વજ્ઞોએ ઉદારઘોષા ઉદ્ઘોષણા કરી છે કે 'અને-

કાંત સિવાય તત્ત્વ વ્યવસ્થા નથી.' તે અત્યંત સત્ય છે. આ સપ્તભંગી નય કાંઇ ભંગજાલમાત્ર નથી, પણ તત્ત્વનો અવિસંવાદી યથાર્થ વિનિશ્ચય દૃઢ કરાવનારી પરમ સુંદર યુક્તિ છે. દા. ત. તે આત્મા પર ઉતારીએ તો આત્મા '**स्वरूपेण अस्ति**', '**पररूपेण नास्ति**', આત્મા સ્વરૂપથી છે, પરરૂપથી નથી, ઇત્યાદિ પ્રકાર ફલિત થાય છે. અર્થાત્ સ્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્મા છે, પર દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્મા નથી. આમ પર દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્મા ભિન્ન છે એવું તત્ત્વવિનિશ્ચયરૂપ ભેદજ્ઞાન આથી વજ્રલેપ દૃઢ થાય છે.

"નિજ ભાવે સીય અસ્તિતા રે; પર નાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે."
**શ્રી દેવચંદ્રજી.**

"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઇ કોઇ પલટે નહિં, છોડી આપ સ્વભાવ."
**શ્રીમદ્ રાજચંદ્રજી**

આ સપ્તભંગીનું સ્વરૂપ દર્શન કરાવી, બીજા પ્રકરણમાં અત્ર **નય**ની સામાન્ય ચર્ચા કરી, **દ્રવ્ય, પર્યાય, ગુણ** અને **સ્વભાવ**નું પરિસ્ફુટ સ્વરૂપ દર્શાવ્યું છે. તેમાં પ્રથમ નય એટલે શું? તેની વિવિધ વ્યાખ્યા કરી, નયાભાસનું સ્વરૂપ કહ્યું છે, અને નયના બે મુખ્ય મૂળ ભેદ (૧) દ્રવ્યાર્થિક, (૨) પર્યાયાર્થિકનો નિર્દેશ કર્યો છે. એટલે પ્રસંગપ્રાપ્ત 'દ્રવ્ય' એટલે શું? દ્રવ્યનું લક્ષણ શું? એની

**'सत् द्रव्य लक्षणं'** ઇ. વિવિધ વ્યાખ્યા કહી, **વિશેષાવશ્યક** અનુસારે દ્રવ્યની સર્વગ્રાહી વ્યાખ્યા બતાવી છે. પછી સ્વભાવ પર્યાય–વિભાવ પર્યાયનું કથન કરી, દ્રવ્યના અસ્તિત્વાદિ દશ સામાન્ય ગુણ અને જ્ઞાન–દર્શનાદિ સોળ વિશેષ ગુણ વિવરી બતાવ્યા છે; અને દ્રવ્યમાત્રમાં પ્રાપ્ત થતા 'અસ્તિ સ્વભાવ' આદિ ૧૧ સામાન્ય સ્વભાવ તથા ચેતન સ્વભાવ આદિ ૧૦ વિશેષ સ્વભાવ–એમ કુલ એકવિશ સ્વભાવનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે, અને તે અંગે ફૂટનોટમાં વિસ્તૃત ટિપ્પણ મૂકી આ વિષયને અત્યંત નિષ્તુષ કર્યો છે. છેવટે નય-પ્રમાણનો સુમેળ–સમન્વય સાધવાની ભલામણ કરી છે.

પછી ત્રીજા પ્રકરણમાં **દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયના** ભેદનો વિષય ચર્ચ્યો છે. તેમાં દ્રવ્યાર્થિક નયના દશ ભેદનું પરિસ્ફુટ વિવરણ કરી, પર્યાયાર્થિક નયનું વ્યાખ્યાન કર્યું છે. તે અંગે પર્યાયના બે પ્રકાર–સહભાવી પર્યાય અને ક્રમભાવી પર્યાયનો નિર્દેશ કરી, સહભાવી પર્યાય તે ગુણ અને ક્રમભાવી પર્યાય તે પર્યાય એ સ્પષ્ટીકરણ કર્યું છે. પછી 'સ્વભાવ દ્રવ્ય, સ્વભાવ ગુણ, વિભાવ દ્રવ્ય અને વિભાવ ગુણ એ વડે કરીને પર્યાય પણ ચાર પ્રકારના છે' એમ કહી જીવ અને પુદ્ગલના ચાર ચાર વ્યંજન પર્યાય વિવરી બતાવ્યા છે. સાથે સાથે બાકીના દ્રવ્યોને વ્યંજન પર્યાય ન હોય, અર્થપર્યાય જ હોય એમ ટિપ્પણમાં સ્પષ્ટ કરી, પર્યાયાર્થિક નયના છ ભેદનું યુક્તિપૂર્વક કથન કર્યું છે. અને દ્રવ્યાર્થિક નય કહ્યો, પર્યાયાર્થિક કહ્યો, તો ત્રીજો ગુણપ્રધાન ગુણાર્થિક નય કેમ ન કહ્યો? પર્યાય તો દ્રવ્ય-

ના જ છે, છતાં દ્રવ્યાર્થ અને અને પર્યાયાર્થ એવા બે જૂદા નય શા માટે કહ્યા? તેમજ સામાન્યાર્થિક અને વિશેષાર્થિક એવા નય કેમ ન કહ્યા?—એ સર્વ શંકાઓનું યુક્તિસંગત સમાધાન અત્ર દાખવ્યું છે. અને પ્રકરણ પ્રાંતે સામાન્યના તિર્યક્ સામાન્ય અને ઊર્ધ્વતા સામાન્ય એ બે ભેદનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

ચોથા પ્રકરણમાં **સાત નય**નું સામાન્ય સ્વરૂપ કહ્યુ છે. મૂળ નય બેઃ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક. તેમાં દ્રવ્યાર્થિકના ત્રણ ભેદ—નૈગમ, સંગ્રહ, વ્યવહાર; અને પર્યાયાર્થિકના ચાર ભેદ—ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત;—એમ સાત નયનો નિર્દેશ કરી, તે સાતે નયની નિર્યુક્તિ (વ્યુત્પત્તિ) શ્રી **અનુયોગદ્વાર** સૂત્ર અનુસાર આપી છે. અને છેવટે નૈ. સં. વ્ય. એ દ્રવ્યાર્થિકના ત્રણ ભેદના ક્ષેત્રપ્રદેશની મર્યાદા નિયત કરી છે.

પાંચમા પ્રકરણમાં **દ્રવ્યાર્થિક નયના નૈગમાદિ ત્રણ** ભેદનું સવિસ્તર વર્ણન કર્યું છે: (૧) નૈગમ નયની પ્રરૂપણામાં 'નથી એક જેને ગમ (બોધમાર્ગ) તે નૈગમ' એમ તેનો વ્યુત્પત્ત્યર્થ દર્શાવી, તેના ત્રણ ભેદ ઉદાહરણ આદિથી સ્પષ્ટ સમજાવેલ છે. સાથે સાથે **નૈગમાભાસનું** સ્વરૂપ બતાવી, નૈયાયિક-વૈશેષિક દર્શનોને તેના ઉદાહરણ રૂપ ટાંક્યા છે. (૨) **સંગ્રહ નય**—'સામાન્યને જ ગ્રહણ કરનાર જે પરામર્શ (બોધ) તે સં ન.' ઈત્યાદિ તેની વ્યાખ્યા કરી તેના બે ભેદ પરસંગ્રહ અથવા મહાસામાન્ય અને અપરસંગ્રહ અથવા અવાન્તર સા. નો નિર્દેશ કર્યો છે.

તેમજ પર સંગ્રહાભાસનું લક્ષણ દર્શાવી તેના ઉદાહરણરૂપ બધા અદ્વૈતવાદી દર્શનો કહ્યા છે. અથવા સંગ્રહના સામાન્ય સંગ્રહ અને વિશેષ સંગ્રહ એમ બે પ્રકાર દર્શાવ્યા છે. (૩) **વ્યવહારનય**—'સંગ્રહે ગ્રહેલ પિંડિતાર્થ તેનું વિધિપૂર્વક જે વિવેચન કરે, તેની વિધિપૂર્વક જે વ્હેંચણ કરે તે વ્ય. ન.' એમ તેની વ્યાખ્યા કરી, તેનું સ્વરૂપ લક્ષણ દાખવ્યું છે, અને સાથે સાથે **વ્યવહારાભાસ**નું લક્ષણ દર્શાવી તેના ઉદાહરણરૂપ ચાર્વાક દર્શન ટાંક્યું છે. આ ઉપરાંત વ્ય. નયનું કેટલુંક સ્વરૂપ ગ્રંથાંતરથી લખ્યું છે; તેમાં સદ્ભૂત વ્ય. નય આદિ વ્ય. નયના ચૌદ ભેદનું અત્યંત બોધપ્રદ સ્વરૂપ રોચક શૈલીમાં પ્રગટ કર્યું છે.

છઠ્ઠા પ્રકરણમાં **પર્યાયાર્થિક નયના ઋજુસૂત્રાદિ ચાર ભેદનું** સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે: (૧) **ઋજુસૂત્ર નય**–'વર્ત્તમાનક્ષણસ્થાયિ પર્યાયને જ–પ્રધાનપણે જે ઇચ્છે, ગ્રહે તે ઋજુ૦' એમ તેની વ્યાખ્યા કરી, ઋજુસૂત્રાભાસનું નિરૂપણ કર્યું છે, અને તેના ઉદાહરણરૂપે બૌદ્ધમતનો નિર્દેશ કર્યો છે. (૨) **શબ્દ નય**—'કાલાદિ ભેદે કરી ધ્વનિના અર્થ ભેદનું પ્રતિપાદન કરનાર તે શબ્દ નય,' એમ વ્યાખ્યા કરી, કાલાદિભેદે અર્થભેદનાં ઉદાહરણ દાખવ્યા છે. સાથે શબ્દાભાસનું પણ નિરૂપણ કર્યું છે. (૩) **સમભિરૂઢ નય**–'વ્યુત્પત્તિ ભેદે કરી પર્યાય શબ્દને વિષે ભિન્ન અર્થ ઉત્પન્ન કરે તે સમભિરૂઢ', એમ વ્યાખ્યાપૂર્વક સમભિરૂઢનું સ્વરૂપ દર્શાવી સમભિરૂઢાભાસનું લક્ષણ દાખવ્યું છે. (૪) **એવંભૂત નય**--'જે ક્રિયાને લઇ શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે જ ક્રિયા–

વિશિષ્ટ અર્થને વસ્તુ પ્રકાશે ત્યારે એવંભૂત' એમ વ્યાખ્યા કહી તેનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે. અને **ભાષ્ય** આદિકમાં કહેલ જાતિ, ગુણ, ક્રિયા આદિ વાચક શબ્દો પણ ક્રિયા–શબ્દ જ છે, તે દાખલા દલીલથી સમજાવ્યું છે. સાથે સાથે એવંભૂતાભાસનું લક્ષણ પણ સ્પષ્ટ કરી દીધું છે. આમ પર્યાયાર્થિક નયના ચાર ભેદનું **સ્વરૂપ** આ અધિકારમાં વર્ણવ્યું છે. 'આ સાત નયમાં પ્રથમના ચાર નય અર્થ નિરૂપણમાં પ્રવીણ હોવાથી **અર્થ નય** અને પછીના ત્રણ શબ્દ વાચ્યાર્થગોચર હોવાથી **શબ્દ નય'** એમ તેને બે ભાગમાં વિભક્ત કરેલ છે. આ સાતે નયમાં પૂર્વ પૂર્વ નય છે તે સ્થૂલ (પ્રચુર ગોચર) છે અને ઉત્તર ઉત્તર નય છે તે સૂક્ષ્મ (પરિમિત વિષય) છે.

સાતમા–છેલ્લા પ્રકરણમાં **નયના સાતસો આદિ વિશેષ ભેદો** ગણી બતાવી ઉપસંહાર કર્યો છે કે–'જેટલા વચન પ્રકાર શબ્દાત્મગૃહીત છે, સાવધારણ છે, તે બધા પરસમય છે; અને જે અવધારણ રહિત 'સ્યાત્' પદથી લાંછિત છે તે સર્વે નય એકઠા કરીએ તો સમ્યક્ત્વ છે, જિન સિદ્ધાંત છે.' છેવટે અલગ અલગ પ્રત્યેક નય મિથ્યાત્વ હેતુ છે, તો પછી વિષકણિકાની જેમ સર્વ એકત્ર થતાં મિથ્યાત્વ હેતુ કેમ નહિં ?—એ શંકાનું પરમ સુંદર યુક્તિસંગત સમાધાન કર્યું છે કે–' પરસ્પર વિરોધી જૂદા જૂદા નયોરૂપી વિષની કણીયું પણ જૈનસાધુરૂપ પ્રૌઢ મંત્રવાદીના **સાપેક્ષવાદરૂપ પ્રયોગ**થી અવિરોધરૂપ નિર્વિષપણાને પામે છે, અને હઠ–કદાગ્રહ આદિરૂપ કોઢ આદિથી પીડિતને હઠ–કદાગ્રહાદિ ટળવારૂપ અમૃતરૂપે પરિણમે છે.'

# નયચક્ર સંક્ષેપ સ્વરૂપ

આ ગ્રંથનો બીજો નિબંધ નયચક્ર સંક્ષેપ સ્વરૂપ છે. આ લેખના પુરોભાગમાં સદ્. શ્રી મનઃસુખભાઈએ નય વિષય પરત્વે માર્મિક અને મનનીય સૂચન કર્યું છે કે— 'અત્રે તો સ્વવિચારણા માટે સંગ્રહાતો આ શાસ્ત્રીય વિષય રજૂ કરૂં છું. ક્વચિત્ તેનો જેને **હાલ** ખપ ન લાગતો હોય તેને આ વિષય નીરસ લાગશે; તેથી એની ઉપકારિતા-ઉપયોગિતા કંઈ ન્યૂન નથી થતી. તેના થોડા પણ જિજ્ઞાસુઓને એ સુરસ લાગશે. **છેવટ માટે તો બધાને** એવા વિષયો ઉપયોગી છે.' નય વિષયના અભ્યાસી તત્ત્વરસિક જનને ઉપયોગી આ સંક્ષેપ નોંધ સદ્૦ શ્રીએ **શ્રી દેવસેનાચાર્ય** કૃત આલાપપદ્ધતિ અનુસાર તૈયાર કરેલ જણાય છે.

આ પ્રસ્તુત નિબંધમાં પણ પ્રાયઃ નયપ્રદીપમાં ચર્ચાયેલા વિષયોનું જ ચર્ચન હોઇ તે ગ્રંથના ભાવને પુષ્ટ કરે છે. જેમકે-ષડ્ દ્રવ્ય, સત્ સ્વરૂપ, દ્રવ્યના ૧૦ સામાન્ય ગુણ, ૧૬ વિશેષ ગુણ, સ્વભાવ પર્યાય, વિભાવ પર્યાય, વ્યંજન પર્યાય, દ્રવ્યના ૧૧ સામાન્ય સ્વભાવ અને ૧૦ વિશેષ સ્વભાવ, નય અને પ્રમાણ, દ્રવ્યાર્થિક નયના ૧૦ ભેદ, પર્યાયાર્થિકના ૬ ભેદ, નૈગમાદિ સાત નયના ભેદ, ઉપનય અને તેના ભેદ-પ્રતિભેદ,-ઇત્યાદિ વિશદ શૈલીથી અત્ર નિરૂપણ કરેલ વિષયો આ **નય પ્રદીપ** ગ્રંથની પાઠ્ય પુસ્તક તરિકેની ઉપયોગિતામાં ઓર વધારો કરે છે.

# ભિન્ન ભિન્ન ગ્રંથાનુસાર સપ્ત નય વ્યાખ્યા

આ ગ્રંથનો ત્રીજો લેખ ભિન્ન ભિન્ન ગ્રંથાનુસાર **નૈગમાદિ સાત નયની વ્યાખ્યા** એ છે. સદ્દ્ગ શ્રીએ પોતાની નોટમાં સ્વ અભ્યાસાર્થે મહાપરિશ્રમે સંગૃહીત કરેલ પૃથક્ પૃથક્ નોંધ પરથી સંશોધિત કરી, મેં આ તત્ત્વજિજ્ઞાસુ અભ્યાસીને ઉપયોગી જાણી અત્ર જેમ છે તેમ આપી છે. મહામતિ મહાત્માઓએ એકજ વિષયની ભિન્ન છતાં અભિન્ન વ્યાખ્યા કરવામાં કેવો બુદ્ધિવૈભવ દાખવ્યો છે, તેની અત્ર સાનંદ પ્રતીતિ થવા સાથે સુજ્ઞ જિજ્ઞાસુને રસોત્પાદન કરે છે; અને આ વિષયનો તુલનાત્મક પૃથક્-કરણાત્મક (Comparative & analytical) સંશોધન અભ્યાસ (Research Study) કરવા ઇચ્છનાર ખંતીલા વિદ્યાસંગીને વિપુલ સામગ્રી પૂરી પાડે છે. આ પરથી સદ્દ્ગ **શ્રી મનઃ-સુખભાઇનું** આ વિષયનું પરિશીલન-અવગાહન કેટલું ગંભીર અને તલસ્પર્શી હશે, તેનો ખ્યાલ આવી, તેમની બહુશ્રુતતાને માટે કોઇને પણ બહુમાન ઉપજાવે એમ છે.

આમ સંક્ષેપમાં આ ગ્રંથનો પરિચય આપ્યો. અનભિજ્ઞને પ્રથમ દૃષ્ટિએ શુષ્ક અને કઠિન જણાતા નય વિષયને સદ્દ્ગ લેખકે જેમ બને તેમ રસિક અને સરળ બનાવવાનો પ્રત્યેક પ્રયત્ન કરેલો અત્ર પ્રતીત થશે. કોઈ કોઈ બુદ્ધિમંતોની પણ જ્યાં ચાંચ બૂડતી નથી, એવા વિષયમાં અત્યંત અંતઃ-પ્રવેશ કરી, ઊંડું તત્ત્વગંભીર અવગાહન કરી, ઉત્તમ અર્થ રત્નો ખોળી કાઢવા એ કાંઇ જેવા તેવા પુરુષાર્થ-કૌશલ્યનું

કામ નથી, એ આવા વિષયમાં કૃતશ્રમ સજ્જનો સહેજે સમજી શકે છે.

આ નયવાદ માત્ર શાસ્ત્રીય રસનો ( Academic interest ) કે વાદવિવાદ (controversy) માટેનો વિષય નથી, પણ વસ્તુસ્વરૂપ સમજવા અને પરમાર્થ પામવા માટેની અનુપમ યુક્તિવાળી સર્વ સમન્વયકારી સુંદર યોજના છે, અને એ જ તેની વ્યવહારૂ ઉપયોગિતા (Practical utility) છે. કારણકે વ્યુત્પત્તિ અર્થ પ્રમાણે નય શબ્દ 'ની' (To lead, દોરી જવું-લઇ જવું) ધાતુ પરથી નિકળ્યો હોઇ, નય એટલે આગળ ને આગળ વસ્તુસ્વરૂપ પ્રત્યે દોરી જાય-લઇ જાય તે નય; અને આ જ ગ્રંથ પ્રમાણે આપણે ઉપર જોયું તેમ નૈગમાદિ નય પ્રકાર ઉત્તરોત્તર સૂક્ષ્મગોચર છે. એટલે આ નયનો પ્રયોગ વસ્તુના ઉત્તરોત્તર સૂક્ષ્મ બોધરૂપ પરમાર્થ પ્રત્યે લઇ જવા માટે આત્માર્થીને અવશ્ય ઉપયોગી-ઉપકારી થઇ પડે છે. આત્માની ગુણદશારૂપ વિકાસક્રમમાં અને પ્રભુભક્તિથી પ્રાપ્ત ભાવસેવારૂપ આત્મપ્રગતિ આદિમાં નૈગમાદિ સાતે નયની કેવી સુંદર રસપ્રદ અને બોધપ્રદ પરમાર્થ ઘટના કરી શકાય છે, તેના બે ઉત્તમ ઉદાહરણ—(૧) આત્મામાં નયઘટના, અને (૨) પ્રભુભક્તિમાં નય ઘટના—અત્રે હવે પછી ટાંકયા છે.—જેનું પરમાર્થભાવન તત્ત્વરસિક સજ્જનોને આનંદપ્રદ થઇ પડશે !

૧-૮-૪૯<br>
૫, ચોપાટી રોડ<br>
મુંબઇ, ૭

**ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.**

卐

# આત્મામાં નયઘટના

એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.

ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.

નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.

એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.

સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.

એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.

વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.

એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર.

શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.

એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.

સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક.

એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.

એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા.

એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

श्रीमद् राजचंद्र

(પત્રાંક, ૫૪૬)

[ શ્રીમદે સ્વ આત્મા પર અદ્ભુત રીતે ઘટાવેલા આ સપ્ત નયની ગહન અર્થઘટનાવાળા ઉપરોક્ત સૂત્રો પરમ આશય ગંભીર છે. આ નયસૂત્રોનો ભાવાર્થ સમજાવવા માટે એક જિજ્ઞાસુ મુનિએ મને પૂછતાં, આનો જે યત્કિંચિત્ સ્વલ્પ પરમાર્થ મને યથામતિ સમજાયો તે મેં તેમને લખી મોકલ્યો હતો. તે અત્ર પ્રસંગથી આપ્યો છેઃ— ]

## ૧. 'એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.'

જેવા પ્રકારે શુદ્ધ નિશ્ચયથી આત્માની એવંભૂત શુદ્ધ સ્વરૂપ સ્થિતિ છે, તે દૃષ્ટિ લક્ષમાં રાખી ઋજુસૂત્રપણે—વર્ત્તમાન પર્યાયમાં તથાપ્રકારે સ્થિતિ કર! એટલે કે વર્ત્તમાનમાં શુદ્ધ સ્વરૂપમાં વર્ત્ત.

## 'ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.'

અને વર્ત્તમાન પર્યાયની—ઋજુસૂત્રની દૃષ્ટિએ પણ જેવા પ્રકારે આત્માનું એવંભૂત શુદ્ધ નિશ્ચય સ્વરૂપ છે, તેવા પ્રકારે સ્થિતિ કર! અથવા વર્ત્તમાન વ્યવહારરૂપ આચરણની દૃષ્ટિએ પણ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિ કર! શુદ્ધ સ્વરૂપસ્થ થા!

## ૨. 'નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.'

નૈગમ દૃષ્ટિથી એટલે કે જેવા પ્રકારે ચૈતન્યલક્ષણથી આત્મા લોકપ્રસિદ્ધ વ્યવહારથી વ્યવહારાય છે, તે દૃષ્ટિથી–લક્ષમાં રાખી એવંભૂત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સ્થિતિ કર! અથવા નૈગમ એટલે જેવા પ્રકારે વીતરાગ ભક્તિ, વૈરાગ્ય આદિ મોક્ષસાધક વ્ય-

વહાર લોકપ્રસિદ્ધ છે, તે દૃષ્ટિથી–તથારૂપ વ્યવહાર આચરણની દૃષ્ટિથી એવંભૂત એટલે કે જેવા પ્રકારે આત્મસ્વરૂપ છે તેવા પ્રકારે થા ! આ લોકપ્રસિદ્ધ વ્યવહાર આચરીને પણ નિરંતર એવંભૂત-યથોક્ત આત્મસ્વરૂપ પામવાનો જ લક્ષ રાખ!

**'એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.'**

અને એવંભૂત દૃષ્ટિથી એટલે સાધ્ય એવા શુદ્ધ આત્મસ્વરૂપને નિરંતર લક્ષમાં રાખી નૈગમથી ચૈતન્યલક્ષણ આત્માને વિશુદ્ધ કર ! અથવા લોકપ્રસિદ્ધ મોક્ષસાધક વ્યવહારને વિશુદ્ધ કર !

**૩. 'સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.'**

સામાન્યગ્રાહી એવા સંગ્રહનયની દૃષ્ટિથી એવંભૂત થા ! સંગ્રહનયની દૃષ્ટિની અપેક્ષાએ સર્વ જીવ સત્તાથી સિદ્ધ સમાન છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ.'–આ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત થા ! અર્થાત જેમ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિને પામેલો થા ! એવો સ્વરૂપસ્થ થા !

**'એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.'**

એવંભૂત અર્થાત્ જેવું યથાસ્થિત શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવી દૃષ્ટિથી–તે અપેક્ષા દૃષ્ટિ સન્મુખ રાખી સંગ્રહ અથાત્ જે પોતાની સ્વરૂપ સત્તા છે તે વિશુદ્ધ કર ! એટલે કે–શુદ્ધ નિશ્ચય સ્વરૂપ લક્ષમાં રાખી તેને અનુકૂળ શુદ્ધ વ્યવહારનું એવું અનુષ્ઠાન કર, કે જેથી કરીને—જે સાધન વડે કરીને તે એવંભૂત આત્મારૂપ સાધ્ય સિદ્ધ થાય.

### ૪. 'વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.'

વ્યવહાર દૃષ્ટિથી એટલે પરમાર્થસાધક વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ સ્વરૂપ પ્રત્યે જા! કારણ કે સર્વ વ્યવહાર-સાધનનું એક જ સાધ્ય સ્વરૂપસિદ્ધિ છે.

### 'એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર.'

એવંભૂત—નિશ્ચયરૂપ શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિ લક્ષમાં રાખી વ્યવહાર વિનિવૃત્તિ કર! એવી ઉત્તરોત્તર ચઢતી આત્મદશા ઉત્પન્ન કરતો જા, કે જેથી પછી વ્યવહાર-સાધનની વિનિ-વૃત્તિ થાય, અપેક્ષા ન રહે. (કારણકે-સમસ્ત વ્યવહાર નિશ્ચયની સિદ્ધિ માટે છે. તેની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યવહારની નિવૃત્તિ થાય છે.)

### ૫. 'શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.'

શબ્દ દૃષ્ટિથી એટલે આત્મા શબ્દના ખરેખરા અર્થમાં એવંભૂત—શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે જા! દાખલા તરીકે—જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યે ગમન-પરિણમન કરે તે આત્મા, એમ 'આત્મા' શબ્દનો અર્થ છે. આ શબ્દના યથાર્થ અર્થરૂપ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ આત્મ-સ્વરૂપને પામ!

### 'એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.'

એવંભૂત—શુદ્ધ સ્વરૂપલક્ષી દૃષ્ટિથી શબ્દને-યથાર્થ અર્થરૂપ 'આત્મા' નામધારી શબ્દને નિર્વિકલ્પ કર! અર્થાત્ 'આત્મા' શિવાય જ્યાં બીજો કાંઈ પણ વિકલ્પ વર્ત્તતો

નથી એવો કર ! નિર્વિકલ્પ આત્મધ્યાનને-શુકલ ધ્યાનને પામ !

### ૬. ' સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક. '

સમભિરૂઢ—નિશ્ચય સ્વરૂપની સાધનામાં સમ્યક્‌પણે અભિરૂઢ–અતિ ઉંચે ચઢેલ, ઉચ્ચ ગુણુસ્થાન સ્થિતિને પામેલ એવી દૃષ્ટિથી, એવંભૂત એટલે જેવા પ્રકારે મૂળ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે અવલોક ! જો ! કારણકે સમભિરૂઢ સ્થિતિવાળાને પ્રત્યક્ષ પ્રગટ એવંભૂત આત્મદર્શન—કેવલદર્શન થાય છે.

### ' એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર. '

એવંભૂત—શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી સમભિરૂઢ–આત્મસ્વરૂપમાં સમ્યક્‌પણે અત્યંત આરૂઢ, એવી પરમ યોગદશાસંપન્ન સ્થિતિ કર ! સ્વરૂપારૂઢ થા ! યોગારૂઢ સ્થિતિ કર !

### ૭. ' એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા. '


એવંભૂત દૃષ્ટિથી—શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી –લક્ષમાં રાખી એવંભૂત થા ! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે એવો સ્વરૂપસ્થિત થઇ જા !

### ' એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ '

અને આવા પ્રકારે એવંભૂત સ્થિતિથી—યથાસ્થિત શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિથી એવંભૂત અર્થાત્ આત્મસ્વરૂપ

સ્થિતિની દૃષ્ટિ શમાવ ! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ જે ત્હારૂં સાધ્ય, ધ્યેય, લક્ષ હતું, તે શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં તો તું હવે સ્થિત થઈ ચૂક્યો છે, એટલે હવે જૂદી એવી એવંભૂત દૃષ્ટિ રહી નથી. દૃષ્ટિ અને સ્થિતિ બંને એકરૂપ—એકાકાર થઇ ગયા છે, એકમેકમાં સમાઈ ગયા છે, તન્મય થઈ ગયા છે; એટલે હવે એનું અલગ—જૂદું ગ્રહણ કરવાપણું રહ્યું નથી, 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' તેં ઉત્પન્ન કરી દીધી છે. માટે હે પરબ્રહ્મ ! હવે તે એવંભૂત દૃષ્ટિને પણ સમાવી દે, કારણકે તે તું જ છો. દૃષ્ટિ અને સ્થિતિની એકરૂપતારૂપં, પરમ સિદ્ધ અભેદરૂપ, પરમ નિશ્ચયરૂપ તે જ પરમ યોગદશાને તું પામ્યો છે.

—ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.



# પ્રભુભક્તિમાં નયઘટના

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાએ જે હલિયાજી;
આતમ અનુભવ ગુણથી મલિયા, તે ભવભયથી ટલિયાજી.
શ્રી ચંદ્ર૦ ૧.

દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિઃકામોજી. શ્રી ચંદ્ર૦ ૨.
ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી;
સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી. શ્રી ચંદ્ર૦ ૩.
વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી;
પ્રભુગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાને સ્મરણાજી.
શ્રી ચંદ્ર૦ ૪.

શબ્દે શુકલ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;
બીએ શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી.
શ્રી ચંદ્ર૦ ૫

ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટયો, નૈગમ પ્રભુતા અંશેજી;
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી.
શ્રી ચંદ્ર૦ ૬.

ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આતમ શક્તિ પ્રકાશેજી;
યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી.
શ્રી ચંદ્ર૦ ૭.

ભાવ સયોગિ અયોગિ શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;
સાધનતાએ નિજ ગુણ વ્યક્તિ, તેહ સેવના વખાણોજી.
શ્રી ચંદ્ર૦ ૮.

કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી;
આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી.
શ્રી ચંદ્ર૦ ૯.

કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;
કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી.
શ્રી ચંદ્ર૦ ૧૦.

પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, **દેવચંદ્ર** પદ પાવેજી.
શ્રી ચંદ્ર૦ ૧૧.

—**મહામુનિ દેવચંદ્રજી**

# જિનેશ્વરની વાણી

**"અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,**
**અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;**
**સકલ જગત હિત કારિણી હારિણી મોહ,**
**તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;**
**ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,**
**આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે;**
**અહો! રાજ્યચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ,**
**જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે."**

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી મોક્ષમાળા.

# વિષયાનુક્રમણિકા

## નય પ્રદીપ


૧. સપ્તભંગી .............................. પૃષ્ઠ–૧–૨૬
૨. નયઃ દ્રવ્ય, પર્યાય, ગુણ, સ્વભાવ ૨૭–૪૫
નયની વ્યાખ્યા : પ્રકાર. નયાભાસ ૨૭
દ્રવ્યનું લક્ષણ : સ્વભાવ–વિભાવ પર્યાય ૩૦
દ્રવ્યના ૧૦ સામાન્ય ગુણ : ૧૬ વિશેષ ગુણ ૩૪
દ્રવ્યના ૧૧ સામાન્ય સ્વભાવ : ૧૦ વિશેષ સ્વ. ૩૭
એકવિંશ સ્વભાવના અર્થ ૪૧
નય–પ્રમાણનો સુમેળ ૪૫
૩. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય ૪૬–૬૧
દ્રવ્યાર્થિક નયના દશ ભેદ ૪૬
પર્યાયાર્થિક નયના છ ભેદ ૫૪
૪. સાત નય : નિર્યુક્તિ (વ્યુત્પત્તિ) ૬૨–૬૫
૫. દ્રવ્યાર્થિક નયના નૈગમાદિ ત્રણ ભેદ ૬૬–૮૧
૬. પર્યાયાર્થિક નયના ઋજુસૂત્રાદિ ચાર ભેદ ૮૨–૯૦
૭. નયના સાતસો ભેદ : ઉપસંહાર ૯૧–૯૩

નયચક્ર સંક્ષેપ સ્વરૂપ ૯૫–૧૦૯
નય અને કુનય–નયાભાસ ૧૧૦–૧૧૩
ભિન્ન ભિન્ન ગ્રંથાનુસાર સપ્ત નય વ્યાખ્યા ૧૧૪–૧૩૫

ॐ श्री वीतरागाय नमः

શ્રીમાન્ યશોવિજયગણી કૃત

# નય પ્રદીપ

મંગલાચરણ

ऐन्द्रादिप्रणतं देवं ध्यात्वा सर्वविदं हृदि।
सप्तभङ्गनयानां च वक्ष्ये विस्तरमाश्रुतं॥

પ્રદીપકાર શ્રીમાન્ **યશોવિજયજી** મંગલાચરણરૂપે પ્રકાશે છે કે—જેને સુરેંદ્ર નરેંદ્ર આદિ પણ પ્રણમે છે, એવા સર્વજ્ઞ દેવને હૃદયમાં ધ્યાવીને, **સપ્તભંગી** આદિ નયોનો વિસ્તાર મેં જાણ્યો છે તેમ, અથવા આગમને અનુસરિને કહીશ

## (૧) સપ્તભઙ્ગી

**સપ્તભંગી શા માટે જાણવી ?**

જૈનોએ પ્રથમ **સપ્તભંગી**નું સ્વરૂપ જાણવું જોઈએ, કેમકે **સ**પ્તભંગી જ તેઓના **પ્રમાણ**ની ભૂમિકા રચે છે, અર્થાત્ યથાર્થ જ્ઞાન **સ**પ્તભંગી વડે જ થાય છે; પ્રમાણના પાયારૂપ અથવા પ્રથમ પગથીઆરૂપ **સ**પ્તભંગી જ છે. દમવા મુશ્કેલ એવા જે પરવાદીઓના વાદરૂપ હાથી તેને પકડી અંકુશમાં આણવા ઈચ્છતા, તેમજ પોતાના (જૈન) સિદ્ધાંતના રહસ્યના જિજ્ઞાસુ એવા શ્રેષ્ઠ વાદીઓ સમ્યક્ પ્રકારે **સપ્તભંગી**નો અભ્યાસ કરે છે. આ માટે કોઈ આચાર્યે કહ્યું છે કે:—

"या प्रश्नाद्विधिपर्युदासभिदया बाधच्युता सप्तधा,
धर्मे धर्ममपेक्ष्य वाक्यरचना नैकात्मके वस्तुनि ।
निर्दोषा निरदेशि देव भवता सा सप्तभंगी यया,
जल्पञ्जल्परणाङ्गणे विजयते वादी विपक्षं क्षणात् ॥"

હે! દેવ! પ્રશ્નવશાત્ આપે અનેકાત્મક (અનંત ધર્મ-વાળી) વસ્તુમાં એકેક ધર્મની અપેક્ષાએ વિધિ અને નિષેધ (પર્યુદાસ) ના ભેદ વડે, (સંશય, વિપર્યય, અનધ્યવસાય એ) બાધ રહિત, નિર્દોષ એવી જે સાત પ્રકારની વચન રચના કરી તે **સપ્તભંગી** છે; કે જે સપ્તભંગી વડે વાદરૂપી રણક્ષેત્રમાં વાદી પ્રતિવાદી ઉપર એક ક્ષણમાં વિજય પામે છે.×

**'શબ્દ'ના પણ સાત ભંગ.**

તેમજ આ **શબ્દ યત્કિંચિત્ (કથંચિત્) સદંશ** અને **યત્કિંચિત્ (કથંચિત્) અસદંશ** એ બે ભાગ વડે પોતાના અર્થનું પ્રતિપાદન કરતો **સપ્ત ભંગ** (સાત ભાંગા) ને **જ** પામે છે. એજ બતાવતું આ સૂત્ર છેઃ—

"**सर्वत्रायं ध्वनिर्विधिनिषेधाभ्यां स्वार्थमभिदधानः सप्तभङ्गीमनुगच्छतीति।**"—પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, ૪–૧૦

અર્થાત્–સર્વત્ર આ ધ્વનિ (શબ્દ) વિધિ–નિષેધ વડે કરીને પોતાના અર્થને કહેતો **સપ્તભંગીને** પામે છે.

## સપ્તભંગીનું સ્વરૂપ લક્ષણ

એનું સ્વરૂપ લક્ષણ કહીએ છીએઃ—

---

× એક વસ્તુના એક ધર્મ અંગે પ્રશ્ન ઊઠાવીને; એક વસ્તુના અનંત ધર્મ, તેમાંથી એક ધર્મ અંગે પ્રશ્ન ઊઠાવીને; એક ધર્મ અંગે સાત **જ** પ્રશ્ન ઊઠી શકે, તેથી તેના ઉત્તરરૂપે સાત પ્રકારનાં વાક્ય તે સાત ભંગ.

**“ एकत्र वस्तुनि एकैकधर्मपर्यनुयोगवशादविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधिनिषेधयोः कल्पनया स्यात्कारांकितः सप्तधा वाक्प्रयोगः सप्तभङ्गीति ॥”—प्र. न. त. ४–१४.**

અર્થાત્—જીવાજીવાદિ **એક**[1] પદાર્થના **એકેક**[2] **ધર્મ અંગે** પ્રશ્ન કરીને, બધાં પ્રમાણુથી અબાધિત, ભિન્ન વિધિ–પ્રતિષેધ અને અભિન્ન વિધિ–પ્રતિષેધરૂપ વિભાગ કરી, ‘**સ્યાત્**’ શબ્દથી અંકિત એવો જે સાત પ્રકારે વચનનો ઉપન્યાસ ( કહેવું ) કરવો, તે **સપ્તભંગી** જાણવી. +

---

+ જુઓ, **એ** વ્યાખ્યા સમજવા એક **જીવ** પદાર્થ લઇએ. જીવના અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ અનેક ધર્મ છે. તેમાંથી એક ‘અસ્તિત્વ’ ધર્મ લઇએ અને **એ અંગે** પ્રશ્ન પૂછીએ કે “**अस्ति किं जीवः ?**”–‘જીવ છે શું ?’ હવે જીવના આ ‘**અસ્તિત્વ**’ અંગેના પ્રશ્નનો સંપૂર્ણ જવાબ **સપ્તભંગી** વડે જ મળી શકશે. તે વ્યાખ્યામાં બતાવેલી રીતે એ પ્રશ્ન ઉપર સાત ભાંગાની યોજના કરીએઃ—

( બધાં પ્રમાણુથી અબાધિત અર્થાત્ જે ઉત્તર આપીએ તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણનો, અથવા સંશય કે વિપર્યય કે અનધ્યવસાયનો વિરોધ ન આવવો જોઇએ; એ ઉત્તર યથાસ્થિત આવવો જોઇએ.) **વિધિ** એટલે ‘કથંચિત્ હા’; **નિષેધ** એટલે ‘કથંચિત્ ના’; એક વખત **વિધિ** ( કોઈ અપેક્ષાએ હા ) જૂદો (ભિન્નવિધિ); બીજી વખત **નિષેધ** ( કોઇ અપેક્ષાએ **ના** ) જૂદો ( ભિન્ન નિષેધ ); ત્રીજી વખત **વિધિ–નિષેધ** ( કોઇ અપેક્ષાએ ક્રમે કરી **હા, ના** ) સાથે ( અભિન્ન વિધિ–નિષેધ ); ચોથી વખત યુગપત્ વિધિ–નિષેધ, માટે **અવક્તવ્ય** પાંચમી વખત **વિધિ** હોવા છતાં પાછો યુગપત્ વિધિ–નિષેધ હોઈ **વિધિ+અવક્તવ્ય**; છટ્ઠી વખત નિષેધ હોવા છતાં યુગપત વિધિ–નિષેધ હોઇ **નિષેધ+અવક્તવ્ય**; સાતમી વખત ક્રમે કરી વિધિ;

**ટિપ્પણ—વિધિ** એટલે **સદંશ** (સત્+અંશ, સ્યાત અસ્તિ કથંચિત્; હા, કોઇ અપેક્ષાએ છે.)

**પ્રતિષેધ** એટલે **અસદંશ** (અસત્+અંશ; સ્યાન્નાસ્તિ કથંચિત્; ના, કોઇ અપેક્ષાએ નથી.) **નિષેધ, પર્યુદાસ.**

૧. પદાર્થ તો ઘણા છે, એટલે પદાર્થસમૂહના સદંશ, અસદંશ ધર્માદિ અનેક પ્રકારના વિભાગ કરવાથી તો **અનંતભંગી**નો પ્રસંગ આવે, એ દૂર કરવા સૂત્રકારે **एकत्र**, તેમજ સૂત્રના અર્થમાં **એક** ( ગમે તે એક વસ્તુ) ગ્રહણ કરેલ છે.

૨. તેમજ—અનંત ધર્મ સંયુક્ત એવા એક જીવાજીવાદિ વસ્તુના અનંત ધર્મ અંગે પ્રશ્ન કરવામાં આવે, તો

---

–નિષેધરૂપ હોવા છતાં પાછો યુગપત્ વિધિ–નિષેધરૂપ હોઇ **વિધિ–નિષેધરૂપ અવક્તવ્ય.**

(૧) જીવ સત્ છે. (સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ.)

(૨) જીવ અસત્ છે. ( પરદ્રવ્યાદિની અપેક્ષાએ. )

(૩) જીવ સત્ છે, અને (પુનઃ ક્રમે કરી ) અસત્ છે.

(૪) જીવ સત્ અસત્ બન્ને યુગપત્ છે; ( પણ એ બંને ધર્મ યુગપત્ કહ્યા ન જાય માટે **અવક્તવ્ય** ).

(૫) જીવ સત્ હોવા છતાં, પાછો યુગપત્ 'સત્ અસત્' માટે સત્ અવક્તવ્ય.

(૬) જીવ અસત્ હોવા છતાં પાછો ,, ,, ,, અસત્ અવક્તવ્ય.

(૭) જીવ ક્રમે કરી સત્ અસત્ હોવા છતાં, પાછો ,, ,, ,, સત્ અસત્ અવક્તવ્ય.

ત્યાં પણ **અનંતભંગ**નો સંભવ છે, તેની વ્યાવૃત્તિ માટે (તે દૂર કરવા માટે) સૂત્રકારે **एकैकधर्मपर्यनुयोग**, તેમજ સૂત્રના અર્થમાં **એકેક ધર્મ અંગે**, એમ ગ્રહણ કરેલ છે. એટલે એવો નિયમ છે કે–અનંત ધર્મ સંયુકત અનંત પદાર્થ છતાં પણ, પ્રતિ પદાર્થે પ્રતિ ધર્મ અંગે પ્રશ્ન કરવામાં આવે, ત્યારે વસ્તુના એકેક ધર્મમાં એકેક **સપ્તભંગી** થાય. અનંત ધર્મની વિવક્ષા કરતાં ( એક ધર્મની એક **સપ્તભંગી**, તેમ અનંત ધર્મની અનંત **સપ્તભંગી** એ પ્રમાણે ) તેની **સપ્તભંગી** પણ નાનાકલ્પ (અનંત ) થશે જે અમને અભીષ્ટ જ છે; અને એ સૂત્રકારે કહ્યું છે:—

" **विधिनिषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुन्यनन्तानामपि सप्तभंगीनां संभवात् प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव संभवादिति ॥** " પ્ર. ન. ત. ૭–૩૮, ૩૯

અર્થાત્—વિધિ-નિષેધ પ્રકારની અપેક્ષાએ વસ્તુના દરેક પયાર્ય (ધર્મ) માં સાત ભાંગાનો જ (અનંત ભાંગાનો નહિં જ) સંભવ છે, કેમકે દરેક ધર્મ અંગે (પ્રતિપર્યાયે) સાત જ પ્રશ્ન થઇ શકે, (એથી વધારે નહિં જ), એટલે વસ્તુના પ્રતિધર્મે એક, એમ અનંત ધર્મને અંગે અનંત **સપ્તભંગી** થઇ શકે; (પણ અનંતભંગી તો નહિં જ).

સપ્તભંગીનું લક્ષણ કહ્યું, હવે એનું સ્વરૂપ બતાવીએ છીએ:—

(૧) **स्यादस्त्येव सर्वमिति सदंशकल्पनाविभजनेन प्रथमो भङ्गः।**

અર્થાત્–કોઇ ધર્મની અપેક્ષાએ સંપૂર્ણ વસ્તુ છે જ, એવું જે વિધિ (સદંશ) ધર્મની કલ્પનાની મુખ્યતાએ કહેવું, તે પ્રથમ ભંગ. ૧

(૨) **स्यान्नास्त्येव सर्वमिति पर्युदासकल्पनाविभजनेन द्वितीयो भङ्गः।**

અર્થાત—કોઇ ધર્મની અપેક્ષાએ સંપૂર્ણ વસ્તુ નથી જ, એવું જે નિષેધ (પર્યુદાસ અથવા અસદંશ) ધર્મની મુખ્યતાએ કહેવું, તે બીજો ભંગ. ૨

(૩) **स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमेण सदंशासदंशकल्पना-विजभनेन तृतीयो भङ्गः।**

અર્થાત્-કોઈ અપેક્ષાએ છે જ અને કોઈ અપેક્ષાએ નથી જ, એમ ક્રમવાર વિધિ-નિષેધની કલ્પનાને મુખ્ય કરી કહેવું, તે ત્રીજો ભંગ. ૩

(૪) **स्यादवक्तव्य मेवेति समसमये विधिनिषेधयो रनिर्वचनीय-ख्यापनाकल्पनाविभजनया चतुर्थो भङ्गः।**

અર્થાત્-કોઈ અપેક્ષાએ વસ્તુ અવકતવ્યજ છે, એવું સમસમયે (યુગપત્-એકી સાથે) વિધિ-નિષેધની મુખ્યતા કરીને કહેવું, તે ચોથો ભંગ. ૪.

(૫) **स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिप्राधान्येन युगपद्विधि-निषेधानिर्वचनीयख्यापनाकल्पनाविभजनया पंचमो भङ्गः।**

અર્થાત્-કોઇ અપેક્ષાએ વસ્તુ છે, પણ અવકતવ્ય છે,-એવું વિધિની મુખ્યતાએ અને યુગપત્ વિધિ-નિષેધની મુખ્યતાએ કહેવું, તે પાંચમો ભંગ. ૫.

(૬) **स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधप्राधान्येन युगप-द्विधिनिषेधानिर्वचनीयकल्पनाविभजनया षष्ठो भङ्गः।**

અર્થાત્‌-કોઇ અપેક્ષાએ વસ્તુ નાસ્તિરૂપ હોવા છતાં પણ જ્યારે અવક્તવ્ય થાય છે, ત્યારે નિષેધ ધર્મની મુખ્યતાને લઇ અને વિધિ-નિષેધ બંનેની એક સાથે મુખ્યતાને લઇને છઠ્ઠો ભંગ થાય છે. ૬.

(૭) **स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति क्रमात् सदंशासदंशप्राधान्यकल्पनया युगपद्विधिनिषेधानिर्वचनीयख्यापनाकल्पनाविभजनया च सप्तमो भङ्गः।**

અર્થાત્‌-કોઈ અપેક્ષાએ વસ્તુ અસ્તિ-નાસ્તિ તથા અવક્તવ્યરૂપ છે, એવું સાતમો ભંગ કહે છે. તે એવી રીતે કે જ્યારે ક્રમવાર પણ વિધિ-નિષેધની મુખ્યતા કરે છે, અને યુગપત્‌ પણ વિધિ-નિષેધની મુખ્યતા કરે છે, ત્યારે ક્રમવાર અસ્તિ-નાસ્તિ હોઇને પણ, એ જ વખતે યુગપત્‌ બંને ધર્મ, વિધિ અને નિષેધની મુખ્યતા કરી કથંચિત્‌ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્યરૂપ થાય છે.

---

# પ્રથમ ભંગ

## હવે અર્થપૂર્વક પ્રથમ ભંગ પ્રકટ કરે છેઃ—

વિધિની પ્રધાનતાને લઈ પહેલો ભંગ થાય છે. '**स्यात्**' એ અવ્યય છે અને અનેકાંતનું દ્યોતક ( જણાવનારૂં, પ્રકાશક ) છે, એનો અર્થ કથંચિત્‌ થાયછે. **स्याद् अस्ति एव** એટલે કથંચિત્ છે જ, કોઇ અપેક્ષાએ છે જ; કઈ અપેક્ષાએ? તો કે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવની અપેક્ષાએ. તેમજ **स्यान्नास्ति एव** એટલે કથંચિત્‌ નથી જ, કોઇ અપેક્ષાએ નથી

જ; કઈ અપેક્ષાએ? તો કે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, અને પરભાવની અપેક્ષાએ? જેમકે ઘડો આદિ.

કોઇ પ્રકારે અર્થાત્ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ ચતુષ્ટયને લઇ ઘટાદિ વસ્તુ ' અસ્તિ ' રૂપ જ છે; અને અન્ય વસ્તુ સંબંધી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ ચતુષ્ટયીને લઇ ઘટાદિ 'નાસ્તિ' રૂપ જ છે, તે આ પ્રમાણે:—

ઘડો છે, તે **દ્રવ્યથી** પાર્થિવ દ્રવ્યનો છે, જલ દ્રવ્યનો નથી. જલાદિરૂપે નથી.
,, ,, **ક્ષેત્રથી** પટણાનો છે, કનોજનો નથી.
,, ,, **કાળથી** શિશિર ઋતુનો છે, વસંતનો નથી.
,, ,, **ભાવથી** રાતો છે, પીળો નથી.

એ પ્રમાણે બીજા પદાર્થ પણ જાણવા. ઘડો સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ કથંચિત્ 'છે', પરદ્રવ્યાદિની અપેક્ષાએ કથંચિત 'નથી' એવો ઉલ્લેખ થયો.

( હવે પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ જો વસ્તુ ' **હોય** ' તો ) અન્ય પદાર્થને અન્ય પદાર્થના રૂપની પ્રાપ્તિ હોય, તો પદાર્થના સ્વરૂપની હાનિનો પ્રસંગ આવે. (માટે પદાર્થ સ્વજાતિની અપેક્ષાએ કથંચિત્ સત્ છે, પરજાતિની અપેક્ષાએ કથંચિત્ અસત્ છે, એ સ્વરૂપ સિદ્ધ થયું. )

( હવે સ્યાદસ્તિ એવ સ્યાન્નાસ્તિ **એવ** એમાં જે **એવ** છે તે ) **એવ**કારથી આવા પ્રકારનો ભંગ (અન્ય પ્રકારનો નહિ ) એવો નિશ્ચય (અવધારણ) થાય છે; અને અવ-

ધારણ તો અવશ્ય કર્ત્તવ્ય છે; ( કથંચિત્ આ અપેક્ષાએ આમ જ છે, અથવા આમ નથીજ એવો ) નિશ્ચય ન કરવામાં આવે તો કોઇ જગ્યાએ તેનું કહેવું એ નહિં કહેવા બરોબર છે.+

અવધારણ અર્થે જેમ **અસ્તિ** સાથે **એવ** મૂકવાનું કહ્યું, તેમજ '**સ્યાત્**' અવ્યય પણ અવશ્ય યોજવો જોઇએ.

---

+ આ માટે કહ્યું છેઃ—

**" वाक्येऽवधारणं तावदनिष्टार्थनिवृत्तये ।**
**कर्त्तव्य मन्यथानुक्तसमत्वा त्तस्य कुत्रचित् ॥ "**

અર્થાત્—'ત્યારે વાકયમાં જે અર્થ ઇષ્ટ નથી તે દૂર કરવાને અને અભીષ્ટ અર્થ આગળ કરવાને, 'એવ'કાર (જ) રૂપે નિશ્ચય કરવો જ જોઇએ; જો એમ ન કરવામાં આવે તો જે કહેવું ઇષ્ટ છે, તે જે કહેવું ઇષ્ટ નથી, તેના સમાન થઇ જાય.'

દાખલા તરિકે-આપણે એમ કહેવું હોય કે આ જગ્યાએ 'ઘોડો' છે; બીજું કોઈ જાનવર નથી; તો આપણે વાકયમાં ઘોડા સાથે **જ** ( ઘોડો **જ**, એવકારરૂપ નિશ્ચય ) જોડવો જ જોઇએ, કે જેથી 'ઘોડા શિવાય બીજું કોઈ જાનવર નથી' એમજ સમજાઈ જાય. 'આ જગ્યાએ ઘોડો **જ** છે' એ વાકયમાં **જ**કારરૂપ અવધારણથી સહજ સમજાઇ ગયું કે બીજું જાનવર ગાય આદિ નથી; પણ જો **જ**કારરૂપ અવધારણ વિના ફકત એમ જ કહ્યું હોત કે 'આ જગ્યાએ ઘોડો છે', તો 'ઘોડા શિવાય બીજું નથી' એવો અભીષ્ટ અર્થ ન સમજાત, અથવા 'ઘોડા શિવાય બીજું કાંઇ છે' એવો અનિષ્ટ અર્થ સમજાવાનો પ્રસંગ આવત.

કેમકે '**अस्ति एव घट:**' ઘડો છે જ એમાં ( અસ્તિ-ધર્મનો) ઘડો હોવાનો નિશ્ચય તો થઇ જાય છે, પણ ઘડો જ છે, બીજું કાંઇ નથી એવો 'નાસ્તિ ધર્મ'નો નિશ્ચય નથી થતો; કેમકે નિશ્ચયવાચક '**જ**' '**છે**' ને લગાડયો છે, (**છે જ**, એમ), ઘડાને નહિ ; એટલે અન્ય વસ્તુઓથી ઘડાનો ભેદ પ્રતીત થવો દુર્લભ છે, એટલા માટે '**સ્યાત્**' શબ્દ લગાડીને પ્રત્યેક વાકય બોલવું જોઈએ. '**સ્યાત્**' શબ્દ યોજવાથી એ ફળ આવે છે, કે 'વિધિ' અથવા 'નિષેધ'ની મુખ્યતાથી જે વસ્તુ અંગે કહેવામાં આવે, તે જ વસ્તુઓનો વિધિનિષેધ થશે, બીજીનો નહિં. જેમકે—આ ઘડો જ છે, બીજું કાંઇ નહિં, —આમાં આ વિધિ વાકયથી ઘડાનો જ વિધિ થયો, અન્ય સર્વનો નિષેધ થયો. પણ જો '**છે**'ની સાથે '**જ**' યોજવામાં આવે, અર્થાત્ 'ઘડો છે **જ**' એમ કહેવામાં આવે, તો અમુક વસ્તુ '**અસ્તિ**' રૂપે (હોવા રૂપે) કહી તે હોવા રૂપે જ છે,'**નાસ્તિ**' રૂપે (નહિં હોવા રૂપે) નથી; અથવા '**નાસ્તિ**' રૂપે કહી, તે '**નાસ્તિ**' રૂપે જ છે, '**અસ્તિ**' રૂપે નથી.. આમ પ્રતિનિયત સ્વરૂપની ઉપપત્તિ નહિં થાય, કેમકે ઘટને સ્તંભાદિકપણે અસ્તિત્વની પ્રાપ્તિ થાય. માટે ઘટની પ્રતિનિયત સ્વરૂપની પ્રતિ-પત્તિ અર્થે 'સ્યાત્' એ અવ્યય પણ જોડવામાં આવે છે. એ 'સ્યાત્નો' પ્રયોગ કરવાથી અમુક ( e. g. ઘટ ) સ્યાત્ અથવા કંથચિત્ અથવા સ્વજાતિની અપેક્ષાએ છે જ, અન્ય જાતિ (પરદ્રવ્યાદિ) ની અપેક્ષાએ નથી, એવો નિર્દોષ અર્થ ( એવું પ્રતિનિયત સ્વરૂપ પમાય છે) સમજાઇ જાય છે.

હવે, જેમ અયોગાદિ વ્યવચ્છેદક ( અન્યનો નિષેધ

કરનાર ) ' એવ ' અથવા ' જ ' શબ્દનો મુખથી ઉચ્ચાર ન કરવામાં આવે, તો પણ વાક્યમાં એનો જેવો હોય તેવો જ અભિપ્રાય વિદ્વાન્ પુરુષ ઉપરથી સમજી લે છે; તેમ ક્યાંઈ ' સ્યાત્ ' શબ્દનો મુખથી પ્રયોગ ન કર્યો હોય, ત્યાં પણ તે ઉપરથી સમજી લેવો. આ માટે કહ્યું છે કે:—

" सोऽप्रयुक्तोऽपि वा तज्ज्ञैस्सर्वत्रार्थात्प्रतीयते ।
यथैवकारोऽयोगादिव्यवच्छेदप्रयोजनः ॥ "

અર્થાત્—અથવા ક્યાંઈ આ (સ્યાત્ શબ્દ) નો પ્રયોગ ન કરવામાં આવ્યો હોય, ત્યાં પણ તેના ( સ્યાત્ પદના ) જાણકાર અયોગાદિવ્યવચ્છેદક એવકારની પેઠે, સર્વત્ર અર્થ ઉપરથી તેની પ્રતીતિ કરી લે છે. માટે ' **એવ** 'કાર અને '**સ્યાત્** 'કાર એ બંનેનો પ્રયોગ સાતે ભંગમાં ગ્રહણ કરવો.×

આ પ્રથમ ભંગ વિધિપ્રધાન હોવાથી વિધિરૂપ જ છે.
**પ્રથમ ભંગ સમાપ્ત.**

---

× કોઇ પ્રશ્ન કરે કે '**સ્યાત્**' એ અનેકાંત પ્રકાશક અવ્યય છે, એમાં કથંચિત્ વસ્તુના ધર્મોનો સમાવેશ થઇ જાય છે, તો પછી 'અસ્તિ' 'નાસ્તિ' આદિ શબ્દોના પ્રયોગની શું જરૂર છે? આના ઉત્તરમાં કહેવાનું કે '**સ્યાત્**' શબ્દથી વસ્તુના ધર્મોનો સામાન્યરૂપે બોધ થાય છે, વિશેષરૂપે નહિ, માટે વિશેષરૂપે બોધ થવા અર્થે 'અસ્તિ' આદિ શબ્દોના પ્રયોગની જરૂર છે. એ માટે કહ્યું છે કે:—

" स्याच्छब्दादप्यनेकान्तसामान्यस्यावबोधने ।
शब्दांतरप्रयोगोऽत्र विशेषप्रतिपत्तये ॥ "

# દ્વિતીય ભંગ

**હવે અર્થપૂર્વક બીજો ભંગ પ્રકટ કરે છે:—**

'**स्यात् नास्ति एव**'–કથંચિત્ વસ્તુ નથી જ, એમ નિષેધમુખ્ય કલ્પના વડે આ બીજો ભંગ થાય છે .

સાધ્યના સદ્ભાવે જે નિશ્ચયપણે ' અસ્તિ ' રૂપ કહેવાય છે, તે જ સાધ્યના અભાવે સાધનના 'નાસ્તિ' રૂપ કહેવાય છે. જેમકે–ઘટ સ્વદ્રવ્ય ચતુષ્ટય વડે ' અસ્તિ ' રૂપે સિદ્ધ છે, તેમ તે મુદ્ગર આદિના લાગવાથી ( ભાંગી જઈ ) નષ્ટ થઇ ' નાસ્તિ' રૂપે સિદ્ધ થાય છે; કારણકે જ્યાં અસ્તિત્વ છે ત્યાં નાસ્તિત્વ છે,* એવો અસ્તિત્વ, નાસ્તિત્વનો અવિનાભાવી સંબંધ છે. તેમજ ક્ષણવિનાશી ભાવોની જે ઉત્પત્તિ, તે જ તેના વિનાશનું કારણ છે. તે અંગે કહ્યું છે કે:—

**" उत्पत्तिरेव भावानां, विनाशे हेतुरिष्यते ।**
**यो जातश्च न च ध्वस्तो, नश्येत्पश्चात् स केन च ॥ "**

અર્થાત્—ભાવોની ઉત્પત્તિ જ તેના વિનાશનું કારણ છે; જે ઉત્પન્ન થયું અને નાશ ન પામ્યું, તે પછી કોના વડે નાશ પામે ?

ઉત્પત્તિ અસ્તિત્વની સિદ્ધિ કરે છે, તે જ ઉત્પત્તિ

---

* તેમાં એટલું છે કે જ્યાં 'અસ્તિત્વ' પ્રધાનપણે છે, ત્યાં 'નાસ્તિત્વ' ગૌણપણે છે અને જ્યાં નાસ્તિત્વ પ્રધાનપણે છે, ત્યાં અસ્તિત્વ ગૌણપણે છે.

વિનાશ અથવા જેનું બીજું નામ (અપર પર્યાય) નાસ્તિત્વ છે, તેનું મૂળ કારણ હોવાથી (અસ્તિત્વ–નાસ્તિત્વનો) અવિનાભાવી સંબંધ સિદ્ધ કરે છે.

હવે કોઇ પ્રશ્ન કરે કે–જે સ્વરૂપે અસ્તિપણું છે તે જ સ્વરૂપે નાસ્તિપણું છે, ત્યારે અસ્તિપણું, નાસ્તિપણું એ બંને એકત્ર (એક જ તેની તે વસ્તુમાં) હોવાથી ભાવ અને અભાવ એ ઉભયના ઐક્ય થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે.

આના ઉત્તરમાં કહેવાનું કે **જૂદા જૂદા સમયમાં** (તેના તે સમયમાં નહિં) એ બંનેની (અસ્તિત્વ, નાસ્તિત્વની) પ્રરૂપણા હોવાથી પૂર્વોક્ત દોષ નહિ લાગે, કેમકે ભાવો (પદાર્થો) પ્રતિક્ષણે નાશ પામે છે; તેમજ અમે એમ પણ નથી માનતા કે જે સમયે ઉત્પત્તિ તે જ સમયે વિનાશ; એટલે અસ્તિત્વનું અવિનાભાવિ નાસ્તિત્વ સિદ્ધ થયું.

એટલે સર્વ વસ્તુ સ્વ–પર દ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિરૂપે સિદ્ધ છે; અસ્તિત્વની મુખ્યતાએ કરી પ્રથમ ભંગ થાય છે; નાસ્તિત્વની મુખ્યતાએ બીજો ભંગ થાય છે.÷

**દ્વિતીય ભંગ સમાપ્ત.**

# તૃતીય ભંગ

## હવે અર્થપૂર્વક ત્રીજો ભંગ પ્રકટ કરે છેઃ—

÷ '**अर्पितानर्पितसिध्धेः**'—શ્રીમાન ઉમાસ્વાતિ.

અર્પિત તથા અનર્પિતથી, વિધિ તથા નિષેધથી, અપેક્ષા તથા ઉપેક્ષાથી, મુખ્યતા તથા ગૌણતાથી પદાર્થમાં ભંગ સિદ્ધ થાય છે.

'स्याद्स्ति एव स्यान्नास्ति एव ।'—ઘટની પેઠે સર્વ વસ્તુ **ક્રમે કરીને જ** (એકી સાથે નહિં) સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ મુખ્યપણે સત છે, અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ મુખ્યપણે અસત્ છે,—એવો ક્રમે કરીને જ સ્વ–પર ચતુષ્ટયાધારાનાધારની વિવક્ષા વડે પ્રાપ્ત પૂર્વાપર ભાવરૂપ વિધિ–નિષેધની મુખ્યતાએ ત્રીજો ભંગ થાય છે. જેમકે—ઘટ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ કંથચિત્ છે જ, પરદ્રંવ્યાદિની અપેક્ષાએ કથંચિત્ નથી જ. વિધિ અને પ્રતિષેધ બંનેની (ક્રમે કરી) મુખ્યતાવાળો આ ભંગ છે. **તૃતીય ભંગ સમાપ્ત.**

# ચતુર્થ ભંગ

**હવે અર્થપૂર્વક ચોથો ભંગ પ્રગટ કરે છેઃ—**

**स्याद् अवक्तव्यम् एव ।**—બે વિરુદ્ધ ધર્મોનો મુખ્યપણે યુગપત્ (એક સમયે) પ્રયોગ ન જ થઈ શકે. વિધિ અને પ્રતિષેધ બંને વિરુદ્ધ ધર્મ છે; તેઓનો પ્રધાનપણે (બંનેનું પ્રાધાન્ય હોય તે વખતે) એકી સમયે એક પદાર્થમાં પ્રયોગ ન થઇ શકે, કેમકે એવો પ્રયોગ થઇ શકે એવો કોઇ શબ્દ જ નથી, અર્થાત્ એ અનિર્વચનીય છે. માટે આ ચોથા ભંગને 'સ્યાત્ અવક્તવ્ય એવ' કહ્યો. બે વિરુદ્ધ ધર્મનું, બંનેની મુખ્યતારૂપે, ક્રમપૂર્વક પ્રતિપાદન થઇ શકે; પણ બંનેનું, બંનેની મુખ્યતા ગ્રહણ કરીને, એક જ સમયે તો ન જ થઈ શકે. શીત–ઉષ્ણ, સુખ–દુઃખની પેઠે. એક વસ્તુ અપેક્ષાવિશેષે એક સમયે મુખ્યપણે ઉષ્ણ હોય અને અપેક્ષાવિશેષે તે જ

સમયે મુખ્યપણે શીત હોય*, તે છતાં બંને ધર્મો યુગપત્ કહ્યા ન જાય, માટે આ ભંગ અનિર્વચનીય અથવા **અવક્તવ્ય** છે. અર્થ એક સમયમાં સમજાય, પણ તે વચનગોચર તો ક્રમે કરીને જ થાય, યુગપત્ ન થઇ શકે. ક્રમે કરીને જ અર્થ પ્રકાશવાનું સામર્થ્ય શબ્દમાં છે, યુગપત્ નહિં. ક્તાક્તવતુથી + સંકેતિત નિષ્ઠા શબ્દની પેઠે, અથવા પુષ્પદંત શબ્દથી સંકેતિત સૂર્ય-ચંદ્રની પેઠે. નિષ્ઠા શબ્દથી અથવા

---

*એક વસ્તુ એક જ સમયે મુખ્યપણે શીત અને મુખ્યપણે ઉષ્ણ કેવી રીતે ઘટે? એવો સહજ પ્રશ્ન થશે.

ત્રણ ઉના પાણીના ઘડા છે. તેમાં એક ઘટમાં નવસેકું પાણી છે, બીજામાં કાંઇક વધારે ગરમ પાણી છે, અને ત્રીજામાં બીજા કરતાં વધારે ગરમ પાણી છે. હવે બીજા ઘડામાં જે પાણી છે તે પહેલા ઘડાના પાણીની અપેક્ષાએ (સરખામણીમાં) ગરમ છે, અને **તે જ વખતે** ( at that very moment ) ત્રીજા ઘડાના પાણીની અપેક્ષાએ **શીત** છે. આ ઘડાના પાણીમાં અપેક્ષાવિશેષે યુગપત્ પ્રધાનપણે વર્તતા બે શીત અને ઉષ્ણ ધર્મનું પ્રતિપાદન **એક જ સમયે** શબ્દવડે કેમ કહી શકાય? ન જ કહી શકાય; માટે અવક્તવ્ય ધર્મ કહ્યો.

અથવા એક માણસ એક સમયે તેના પુત્રની અપેક્ષાએ પિતા છે, તેના પિતાની અપેક્ષાએ પિતા નથી પણ પુત્ર છે; તેની સ્ત્રીની અપેક્ષાએ પુત્ર નથી પણ પતિ છે, ઇત્યાદિ સદંશ-અસદંશરૂપ ધર્મ તેમાં એક સમયે વર્તે છે, તે એક સમયે કેમ કહી શકાય? ન કહી શકાય, માટે **અવક્તવ્ય**.

પુષ્પદંત શબ્દથી ક્રમે કરીને જ ક્તક્તવતુ અથવા સૂર્ય-ચંદ્રના અર્થની પ્રતીતિ ( નિશ્ચય ) થાય છે.

+ દ્વંદ્વાદિ પદો ( શબ્દો ) અર્થની યુગપત્ પ્રતીતિ કરાવે છે, એ માનીનતા પણ આથી ખંડિત થાય છે. e. g. ' **ધવખદિરૌ સ્તઃ** '—ધાવડી અને ખાદિરનું વૃક્ષ છે. ' આ દ્વન્દ્વમાં ક્રમે કરીને જ જ્ઞાન થાય છે, યુગપત્ નહિ, કેમકે સમકાલે શબ્દનું અવાચકપણું હોવાથી ક્રમે કરીને જ જ્ઞાન પ્રત્યય થાય છે, માટે અવક્તવ્ય છે. +

જીવાદિ વસ્તુ યુગપત્ અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મે કરીને સંયુક્ત હોવા છતાં તેમ યુગપત કહી ન જાય, માટે **અવક્ત-**

---

+ અહીંઆ એવું કહેવાનો હેતુ છે, કે જૂદા જૂદા અર્થ એક સમયે વચનગોચર ન થઇ શકે; શબ્દનું સામર્થ્ય એક સમયે એક અર્થ પ્રગટ કરવાનું છે, વધારેનું નહિં. અહિંઆ કોઇ પ્રશ્ન કરે કે-સંકેતરૂપ એક શબ્દ હોય તેથી શું જેના માટે એ સંકેત હોય તે બધા અર્થ સાથે સમજાઇ ન જાય ? દાખલા તરિકે:—

(૧) પુષ્પદંત=સૂર્ય, ચંદ્ર. (૨) વન=અનેક પ્રકારનાં ઝાડ.
(૩) સેના=હાથી, ઘોડા, પાયદળ આદિ. (૪) જગત=દેશ, નગર, ગામ આદિ.

ઇત્યાદિ શબ્દો સંકેતરૂપ છે; તો તેમાં રહેલા અર્થ યુગપત સમજાઇ નથી જતા ? હા, સમજાઇ જાય છે, પણ એ સંકેતરૂપ શબ્દથી પ્રતીત થતા અર્થોના સમૂહરૂપ એક જ અર્થ પ્રગટ કરવાનું સામર્થ્ય શબ્દમાં છે, એમ અહીં કહેવાનું છે. તેમજ દ્વંદ્વાદિ સમાસનું પણ જાણવું.

વ્ય અર્થાત્ અનિર્વચનીય. તેમજ ઘટ. એટલે ઘટનો 'સ્યાત્ અવક્તવ્યમેવ ' રૂપ આ ચોથો ભંગ ફલિતાર્થ થાય છે. (આ-માં કહેવાનું તાત્પર્ય એ છે કે-એકી સાથે પરસ્પર વિરુદ્ધ બે ધર્મ કહી શકે એવો કોઇ શબ્દ ન હોવાથી, વસ્તુનું સ્વરૂપ કથંચિત્ અવક્તવ્ય રહે છે; અને વસ્તુનું સ્વરૂપ કથંચિત્ અવક્તવ્ય છે, સર્વથા અવક્તવ્ય નહિંજ; જો સર્વથા અવકતવ્ય હોય તો અવક્તવ્ય શબ્દ પણ ન યોજી શકાય.)

**ચતુર્થ ભંગ સમાપ્ત.**

# પંચમ ભંગ

**હવે અર્થપૂર્વક પાંચમો ભંગ પ્રકટ કરે છેઃ—**

**स्यात् अस्ति एव स्यात् अवक्तव्यम् इति ।**—સદંશપૂર્વક યુગપત સદંશ—અસદંશને લઇ અનિર્વચનીય કલ્પનાપ્રધાન આ ભંગ છે. પોતપોતાના દ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ (વસ્તુનું) અસ્તિત્વ હોવા છતાં, સદંશ—અસદંશરૂપ પ્રરૂપણા કરવાને આ ભંગ અસમર્થ છે. જીવાદિ સર્વ વસ્તુ સ્વજાતિ અપેક્ષાએ 'અસ્તિ' રૂપ હોવા છતાં, વિધિ અને નિષેધ એ બંને રૂપે (એકી સાથે) વચનગોચર થઈ શકે એમ નથી. e. g. આ પ્રદેશે (સ્થળે) ઘટ છે; આમ ઘટ વિધિરૂપ હોવા છતાં પણ, તેના સદ્રૂપ અને અસદ્રૂપ એ બંને ધર્મને લઇને એકી સાથે એ બંને ધર્મ કહી શકાય એમ નથી, માટે 'સ્યાત અસ્તિ એવ સ્યાત્ અવકતવ્ય એવ ચ ઘટઃ '—એ પાંચમો ભંગ ફલિતાર્થ થયો. **પંચમ ભંગ સમાપ્ત.**

# ષષ્ઠ ભંગ

## હવે અર્થપૂર્વક છઠ્ઠો ભંગ કહે છે:—

**स्यात् नास्ति एव स्यात् अवक्तव्यम् इति ।**—નિષેધપૂર્વક એકી સાથે વિધિ–નિષેધને લઈ અવક્તવ્ય કલ્પનાપ્રધાન આ ભંગ છે. પર દ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ (વસ્તુનું) નાસ્તિત્વ હોવા છતાં, વિધિ–નિષેધરૂપ પ્રરૂપણા કરવાને અસમર્થ એવા આ ભંગમાં, જીવાદિ સર્વ વસ્તુ પરદ્રવ્યાદિ અપેક્ષાએ 'નાસ્તિ'રૂપ હોવા છતાં, વિધિ અને નિષેધ એ બંને રૂપે યુગપત્ વચનગોચર થઇ શકે એમ નથી. e.g. આ સ્થળે ઘટ નથી. એમ ઘટ નિષેધરૂપ હોવા છતાં પણ, તેના સદ્રૂપ અને અસદ્રૂપ એ બંને ધર્મને લઈ ને એક સમયે તે બંને ધર્મ કહી શકાય એમ નથી. માટે 'સ્યાત્ નાસ્તિ એવ સ્યાત્ અવક્તવ્યશ્ચ ઘટઃ'—એ છઠ્ઠો ભંગ ફલિતાર્થ થયો. **ષષ્ઠ ભંગ સમાપ્ત.**

# સપ્તમ ભંગ

## હવે અર્થપૂર્વક સાતમો ભંગ પ્રકટ કરે છે:—

**'स्यात् अस्ति एव स्यात् नास्ति एव स्यात् अवक्तव्यम् इति"**—ક્રમે કરી અસ્તિત્વ–નાસ્તિત્વપૂર્વક એકી સાથે વિધિ–નિષેધ પ્રરૂપણા–નિષેધ આ ભંગ છે. (ઇતિ શબ્દ સપ્તભંગીની સમાપ્તિ સૂચવે છે.)

(વસ્તુ) સ્વજાતિની અપેક્ષાએ અસ્તિત્વરૂપ હોવા

છતાં, અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિરૂપ હોવા છતાં એકી સાથે વિધિ–પ્રતિષેધ કરવાને આ ભંગ અસમર્થ છે.

આ ભંગમાં સર્વ જીવાદિ વસ્તુ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ છે, પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્ છે, તથાપિ યુગપત્ વિધિ–નિષેધ વડે તેનું પ્રતિપાદન થવું અશક્ય છે. e. g. આ સ્થળે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ ઘટ છે, અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ ઘટ નથી, આમાં એનું વિધિ–નિષેધરૂપે એક સમયે સ્વરૂપકથન કરવું અશક્ય હોવાથી અવક્તવ્ય છે. (આમ અર્થ સ્પષ્ટ છે.) એટલે—'સ્યાત્ અસ્તિ એવ સ્યાત્ નાસ્તિ એવ સ્યાદ્ અવક્તવ્યમ્'–આ સાતમો ભંગ ફલિતાર્થ થયો.

## સપ્તમ ભંગ સમાપ્ત.

વારુ, એક વસ્તુમાં અનંત ધર્મ હોવાથી અનંત ભંગી થાય, સપ્તભંગી જ કેમ ? આ શંકા કર્ત્તવ્ય નથી. જુઓ, એ જ અંગે **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારમાં** કહ્યું છે કે :–

**"न वाच्यमेकत्र वस्तुनि विधीयमाननिषिध्यमाना ऽनन्तधर्माभ्युपगमेनानन्तभंगीप्रसंगादसंगतैव सप्तभंगीति, विधिनिषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुन्यनन्तानामपि सप्तभंगीनामेव संभवात्। प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव संभवात् इति।"**

અર્થાત્–એક એક વસ્તુમાં અનંતા અનંતા ધર્મ છે, અને તે બધા વિધિરૂપ (સદંશરૂપ) અને નિષેધરૂપ (અસદંશરૂપ) છે; એટલે એના અનંત ભંગ થઈ શકે, છતાં સાત ભંગ જ થાય છે એમ કેમ કહ્યું ? આ શંકા કર્ત્તવ્ય નથી,

કેમકે ગમે તેટલા ધર્મને અસ્તિ-નાસ્તિરૂપ કહીએ, પણ પ્રત્યેક ધર્મમાં તો અસ્તિ નાસ્તિરૂપ ભંગ (વચનના પ્રકાર) સાત જ થશે; એટલે અનંત ધર્મની સપ્તભંગી ભલે અનંતી થાય, પણ એક ધર્મની તો એક જ થવાની, એક ધર્મના સાત જ ભંગ+ થવાના. કેમકે પ્રતિપર્યાયે* (એકેક ધર્મે) પ્રશ્નોત્તર (પ્રતિપાદ્યપર્યનુયોગ) સાત જ ઊઠી શકે. ÷

---

+ આ વાત શરૂઆતમાં પણ 'ટિપ્પણ રૂપે પૃ. ૩-૪' કરી છે.

* જેમ આ સદંશ-અસદંશરૂપ ધર્મોને લઇ સાત ભંગ થાય છે, તેમ સામાન્ય-વિશેષ એ બે ધર્મો પણ સાતભંગીરૂપે ઉતરી શકશે. જુઓ, **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર.**

÷ પ્રશ્ન થશે કે સાત જ પ્રશ્ન કેમ ઊઠે? ઉત્તર—એના સ્વરૂપને જાણવાની ઇચ્છા સાત પ્રકારે જ થઈ શકે, માટે.

પ્રશ્ન—સપ્તવિધ જિજ્ઞાસા શા માટે?

ઉ૦—એ અંગેના સંદેહ સાત પ્રકારના ઉદ્ભવે છે, માટે.

પ્રશ્ન—સપ્તવિધ જ સંદેહ શા માટે?

ઉ૦—વસ્તુના પ્રત્યેક ધર્મમાં એ સાતની જ ઉપપત્તિ છે, માટે. જુઓ **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારઃ**—

"**प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव संभवात् ।३९। तेषामपि सप्तत्वं सप्तविधतज्जिज्ञासासंभवात् ।४०। तस्या अपि सप्तविधत्वं सप्तधैव तत्संदेहसमुत्पादात् ।४१। तस्यापि सप्तविधत्वनियमः स्वगोचरवस्तुधर्माणां सप्तविधस्यैवोपपत्तेरिति" ।४२। प्र. न. त.**

**સપ્તભંગીનો પ્રત્યેક ભંગ બે પ્રકારનો–**

(૧) સકલાદેશ ભંગ ( અથવા પ્રમાણ ).

(૨) વિકલાદેશ ભંગ ( અથવા નય ).

ત્યાં જ ( **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારમાં** ) કહ્યું છે કે:—

" **इयं सप्तभंगी प्रतिभंगं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च ॥ ४३ ॥ प्रमाणप्रतिपन्नानंतधर्मात्मक वस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः ॥ ४४ ॥ तद्विपरीतस्तु विकलादेशः ॥ ४६ ॥** " ઈતિ ચતુર્થ પરિચ્છેદે.

અર્થાત્—આ સપ્તભંગીના પ્રત્યેક ભંગ બે પ્રકારના છે: એક **સકલાદેશ ભંગ**+, બીજો **વિકલાદેશ** ભંગ. તેમાં જે ભંગ પ્રમાણથી નિશ્ચય કરેલ અનંત ધર્માત્મક વસ્તુનું–કાલાદિ આઠ વડે ( ધર્મ–ધર્મીના ) અભેદ વૃત્તિને મુખ્ય કરીને અથવા (ધર્મ–ધર્મીના) અભેદ વૃત્તિનો ઉપચાર કરીને–**એક સાથે**+ પ્રતિપાદન કરે તે * **સકલાદેશ** ભંગ અથવા **પ્રમાણ**; અને

---

+ **तत्र सकलादेशः प्रमाणवाक्यम्** । તેમાં સકલાદેશ ભંગ તે પ્રમાણ વાક્ય છે, અને **विकलादेशो नयवाक्यम्** । વિકલાદેશ છે તે નય વાક્ય છે.

* તાત્પર્ય કે–સકલાદેશ ભંગ અથવા પ્રમાણ છે, તે કાલાદિ વડે ધર્મ–ધર્મીનો અભેદ મુખ્ય કરીને, અથવા ધર્મ–ધર્મીના અભેદનો ઉપચાર કરીને **એક સમયે** વસ્તુના **સંપૂર્ણ ધર્મોનું** ઐક્ય પ્રતિપાદન કરે છે; અને વિકલાદેશ ભંગ અથવા નય છે, તે ધર્મ–ધર્મીમાં ભેદભાવને મુખ્ય કરીને અથવા ભેદ ભાવનો ઉપચાર કરીને, **ક્રમે કરીને એકેક ધર્મ** લઈને, વસ્તુના સ્વરૂપનું કથન ભિન્નરૂપે કરે છે.

તેથી વિપરીત તે **વિકલાદેશ** ભંગ, અર્થાત્ **ક્રમે* કરીને** (ધર્મ-ધર્મીના) ભેદને મુખ્ય કરીને, અથવા (ધર્મ-ધર્મીના) ભેદનો ઉપચાર કરીને, વસ્તુનું પ્રતિપાદન કરે, તે **વિકલાદેશ** ભંગ અથવા **નય.**

પુનઃ કાલાદિ આઠ શું? તો કે (૧) કાલ, (૨) આત્મ-સ્વરૂપ, (૩) અર્થ, (૪) સંબંધ, (૫) ઉપકાર, (૬) ગુણિ દેશ, (૭) સંસર્ગ અને (૮) શબ્દ, એ આઠ. એ આઠનો સંગ્રહ બતાવનાર આ શ્લોક છે :—

---

* ક્રમે કરીને અને યુગપત્ (એક સમયે, એક સાથે) એ શબ્દો પણ સમજવા જેવા છે:—

**" कः पुनः क्रमः? किं च यौगपद्यम्? यदाऽस्तित्वादि-धर्माणां कालादिभिर्भेदविवक्षा तदैकशब्दस्यानेकार्थप्रत्यायने शक्त्यभावात्क्रमः। यदा तु तेषामेव धर्माणां कालादिभिरभेदेन वृत्तमात्मरूपमुच्यते तदैकेनापि शब्देनैकधर्मप्रत्यायनमुखेन तदात्मकतापन्नस्याऽनेकाशेषधर्मरूपस्य वस्तुनः प्रतिपादन-संभवाद्यौगपद्यम्। "–प्र. न. त.**

અર્થાત્:-ક્રમ એટલે શું? યુગપત્ એટલે શું?

જ્યારે એક વસ્તુના અસ્તિત્વ-નાસ્તિત્વાદિ અનંત ધર્મોનાં લક્ષણ, પ્રયોજનાદિ કારણોદ્વારા ભેદભાવની વિવક્ષા કરીએ, ત્યારે એ બધા જૂદા જૂદા ધર્મોની પ્રતીતિ એક શબ્દ વડે નથી થતી; એટલે પ્રત્યેક ધર્મ ક્રમે કરીને જ અનેક શબ્દો વડે કરીને કહેવા પડે છે, આ ક્રમ જાણવો.

અને જ્યારે એ બધા સંપૂર્ણ ધર્મોને કાલાદિ કારણોને લઇ અભિન્ન માનીએ, ત્યારે સર્વ ધર્મ એકરૂપ વિવક્ષિત થવાથી એક જ

" कालात्मरूपसंबंधाः संसर्गोपक्रिये तथा ।
गुणिदेशार्थशब्दाश्चेत्यष्टौ कालादयः स्मृताः ॥ "

અર્થાત્—કાલ, આત્મરૂપ, સંબંધ, સંસર્ગ, ઉપક્રિયા, ગુણિદેશ, અર્થ અને શબ્દ એ આઠ કાલાદિ કહ્યા છે.*

આ અંગે વિશેષ જિજ્ઞાસુએ **સ્યાદ્વાદ રત્નાકરની** લઘુવૃત્તિમાં જોવું.

આ સપ્તભંગી વિવક્ષામાં રભસવૃત્તિથી (પ્રમાદથી) મારાથી કાંઇ દુરુકત થયું હોય તો બુધ પુરુષોએ શાસ્ત્રાનુસાર તે સુધારી લેવું.

॥ ઈતિ સપ્તભંગી સમર્થન રૂપ પ્રથમ સર્ગ સમાપ્ત. ॥

---

સમયે ( યુગપત્ ) એક જ શબ્દદ્વારા કહી શકાય છે, **આ યુગપત્** જાણવું. અહિંઆ એ ધ્યાનમાં રાખવાનું છે કે તે શબ્દ વાચક તો એક જ ધર્મનો છે ( કેમકે શબ્દ બધા ધર્મોને એક સમયે ન જ કહી શકે. ), પણ તે વાચ્ય ધર્મની બીજા બધા ધર્મો સાથે અભેદ વૃત્તિ માની હોવાથી, તે એક ધર્મની વિવક્ષામાં બધા ધર્મો એક શબ્દ વડે યુગપત્ સમજાઈ જાય છે.

* કાલાદિ વડે અભેદ વૃત્તિ શું ?—એ પણ સમજવા યોગ્ય છેઃ—

" तत्र (१) स्याज्जीवादिवस्त्वस्त्येवेत्यत्र यत्कालमस्तित्वं तत्कालमशेषानन्तधर्मा वस्तुन्येकत्रेति तेषां कालेनाऽभेद-वृत्तिः । "

જીવાદિ કથંચિત્ ' અસ્તિરૂપ ' છે જ, એમાં જે કાલે અસ્તિત્વ ગુણ છે, તે જ કાલે નાસ્તિત્વાદિ બીજા અનંત ગુણો પણ તે વસ્તુમાં એકત્ર રહેલા છે, તેથી તે ધર્મોની **કાલે** કરીને **અભેદ વૃત્તિ** જાણવી.

(२) यदेव चास्तित्वस्य तद्गुणत्वमात्मरूपं तदेवान्यानंतगुणानामपि इति आत्मरूपेणाऽभेदवृत्तिः ।

અસ્તિત્વ વસ્તુનો ગુણ હોઈ તેનું જે ( વસ્તુ સાથે ) **આત્મરૂપત્વ છે**, તેજ આત્મરૂપત્વ વસ્તુના નાસ્તિત્વાદિ અન્ય ગુણોનું પણ છે, તેથી તે ધર્મોની **આત્મરૂપે** કરી **અભેદ વૃત્તિ** છે.

**(૩) य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य स एवाऽन्यपर्यायाणामित्यर्थेनाऽभेदवृत्तिः ।**

'દ્રવ્ય' નામનો જે અર્થ (પદાર્થ) અસ્તિત્વ પર્યાયનો આધાર છે, તેજ અર્થ નાસ્તિત્વાદિ અન્ય પર્યાયનો આધાર છે, માટે તે પર્યાયોની **અર્થરૂપે** કરીને **અભેદ વૃત્તિ** જાણવી.

**(૪) य एव चाऽविष्वग्भावः कथंचित्तादात्म्यलक्षणः सम्बन्धोऽस्तित्वस्य स एव शेषविशेषाणामिति सम्बन्धेनाऽभेदवृत्तिः ।**

કથંચિત્ તાદાત્મ્યરૂપ અવિષ્વગ્ભાવ ( જેનો કદી વિશ્લેષ ન થાય **એવો** ) જે સંબંધ દ્રવ્યની સાથે '**અસ્તિત્વ**' વિશેષ ( ધર્મ, ગુણ, પર્યાય ) નો છે, તે જ સંબંધ નાસ્તિત્વાદિ અપર વિશેષનો પણ દ્રવ્ય સાથે છે, માટે તે પર્યાયોની **સંબંધરૂપે અભેદ વૃત્તિ** જાણવી.

**(૫) य एव उपकारोऽस्तित्वेन स्वानुरक्तकरणं स एव शेषैरपि गुणैरित्युपकारेणाऽभेदवृत्तिः ।**

અસ્તિત્વ ગુણે કરીને નિજસ્વરૂપમાં અનુરાગ થવા રૂપ જે ઉપકાર થાય છે, તે જ ઉપકાર નાસ્તિત્વાદિ અન્ય ગુણોએ કરીને પણ થાય છે, માટે તે ગુણોની **ઉપકારે** કરીને **અભેદવૃત્તિ** જાણવી.

**(૬) य एव गुणिनः सम्बन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य स एवान्यगुणानामिति गुणिदेशेनाऽभेदवृत्तिः ।**

અસ્તિત્વ ગુણ (પર્યાય) ના ગુણી (દ્રવ્ય) નો જે દેશ (ક્ષેત્ર) સાથે સંબંધ છે, તેજ દેશ સાથે નાસ્તિત્વાદિ અન્ય પર્યાયોના ગુણી (તે જ

દ્રવ્ય) નો સંબંધ હોવાથી તે પર્યાયોની **ગુણીદેશ** વડે **અભેદવૃત્તિ** છે. (cp. Things which are equal to the Same thing are equal to one another એ ન્યાયે.)

**(૭) य एव चैकवस्त्वात्मनाऽस्तित्वस्य संसर्गः स एव शेषधर्माणामिति संसर्गेणाऽभेदवृत्तिः। अविष्वग्भावेऽभेदः प्रधानं भेदो गौणः, संसर्गे तु भेदः प्रधानमभेदो गौण इति विशेषः।**

અસ્તિત્વનો એક વસ્તુરૂપે કરી જે સંસર્ગ છે, તે જ સંસર્ગ નાસ્તિત્વાદિનો પણ હોવાથી **સંસર્ગાભેદ વૃત્તિ** છે. અહિં પ્રશ્ન થશે કે (૪) અવિષ્વગ્ભાવ સંબંધ અને આ (૭) સંસર્ગ સંબંધમાં વિશેષ (ભેદ) શો? તેના ઉત્તરમાં કહેવાનું કે અવિષ્વગ્ભાવમાં અભેદ પ્રધાન-પણે છે અને ભેદ ગૌણપણે છે; અને સંસર્ગમાં એથી ઉલટું છે.

**(૮) य एवास्तीति शब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वाचकः स एव शेषानन्तधर्मात्मकस्यापीति शब्देनाऽभेदवृत्तिः।**

'અસ્તિ' અર્થાત્ 'છે' એવા (આ) અસ્તિત્વ ધર્મવાળી વસ્તુનો વાચક જે શબ્દ છે, તે જ શબ્દ 'નાસ્તિ' અર્થાત્ 'નથી' એવા નાસ્તિ-ત્વાદિ અન્ય અનંત ધર્માત્મક વસ્તુનો વાચક છે, એટલે એ ધર્મોની **શબ્દે** કરી **અભેદ વૃત્તિ** થઈ.

**पर्यायार्थिकनयगुणभावे द्रव्यार्थिकप्राधान्यादुपपद्यते।**

એ પૂર્વોક્ત આઠ પ્રકારે અભેદવૃત્તિ કહી, તે અભેદવૃત્તિ પર્યા-યાર્થિક નય ગૌણ કરીએ અને દ્રવ્યાર્થિકને પ્રધાન કરીએ તો ઉત્પન્ન થાય છે. પણ—

**द्रव्यार्थिकगुणभावे पर्यायार्थिकप्राधान्ये तु न गुणानामभेदवृत्तिः संभवति, (१) समकालमेकत्र नानागुणानामसंभवात्, संभवे वा तदाश्रयस्य तावद्धाभेदप्रसंगात् ।**

દ્રવ્યાર્થિકને ગૌણ કરી પર્યાયાર્થિક મુખ્ય કરીએ, તો ગુણોની અભેદ વૃત્તિ નથી સંભવતી. કેમકેઃ—

(૧) એક જ વસ્તુમાં સમકાલે જૂદા જૂદા પર્યાયોનો ( ગુણોનો ) અસંભવ છે, અને એક જ સમયે જૂદા જૂદા પર્યાયોની સંભાવના કરવી હોય તો તે તે પર્યાયના આશ્રયરૂપ દ્રવ્યમાં ભેદનો પ્રસંગ આવશે. ( જ્યારે ) આપણે તો **એક જ વસ્તુ**ની વાત કરીએ છીએ. ) તેમજ—

**(९) नानागुणानां सम्बन्धिन आत्मरूपस्य च भिन्नत्वात् आत्मरूपाऽभेदे तेषां भेदस्य विरोधात् ।**

# નય: દ્રવ્ય, પર્યાય, ગુણ, સ્વભાવ

**સપ્તભંગી કહી; હવે નય લક્ષણ કહીએ છીએ:—**

(१) **नानास्वभावेभ्यो व्यावृत्यैकस्मिन् स्वभावे वस्तु नयति प्राप्नोतीति नयः।**—વસ્તુના અનેક જૂદા જૂદા સ્વભાવ છે, તેમાંથી તેને વ્યાવૃત્ત (દૂર) કરી એક સ્વભાવમાં આણવી, પ્રાપ્ત કરવી, એનું નામ નય. (અથવા)

(२) **प्रमाणेन संगृहीतार्थैकांशो नयः।**—પ્રમાણ વડે સંગૃહેલો જે અર્થ, તેનો એક અંશ તે નય. (અથવા)

(३) **ज्ञातुरभिप्रायः श्रुतविकल्पो वा इत्येके।**—જ્ઞાતાનો અભિપ્રાય અથવા શ્રુતનો વિકલ્પ તે નય. (અથવા)

(४) **सर्वत्रानन्तधर्माध्यासितेवस्तुनि एकांशग्राहको बोधो नय इति-अनुयोगवृत्तौ।**-વસ્તુમાત્રમાં અનંત ધર્મનો અધ્યાસ રહેલો છે, તેમાંથી એક અંશ ગ્રાહક જે જ્ઞાન તે નય. (અથવા)

(५) **नीयते येन श्रुताख्य प्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः।** ( સ્યાદ્વાદ રત્નાકર ).—પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે નિશ્ચિત કરેલ વસ્તુના અંશને કે અંશોને જે ગ્રહણ કરે, અને બાકીના અંશો અંગે ઉદાસીન રહે, અર્થાત્ બાકીના અંશોનો નિષેધ ન કરે તે નય; ( જાતિની અપેક્ષાએ 'अंश:' એ એકવચન લીધું છે. ) બાકીના અંશોનો નિષેધ (પ્રતિક્ષેપ) કરે તો તે **નયાભાસ** જાણવું. **પંચાશત**માં એ અંગે કહ્યું છે કે :—

" निःशेषांशजुषां प्रमाणविषयीभूयं समासेदुषां ।
वस्तूनां नियतांशकल्पनपराः सप्तश्रुता भंगिनः ॥
औदासीन्यपरायणास्तदपरे चांशे भवेयु र्नया ।
श्चदेकान्तकलंकपंककलुषास्ते स्युस्तदा दुर्नयाः ॥

અર્થાત્–પ્રમાણુ વડે નિશ્ચિત અનંત ધર્માત્મક વસ્તુઓના નિયત અંશ ( અમુક અંશ ) ના કલ્પના કરવામાં તત્પર સાત પ્રકારનાં શ્રુત ભંગી થાય છે. તેમાં જે શ્રુત સ્વકલ્પિત અંશને સ્વીકારી તે શિવાયના બીજા અંશનો નિષેધ નહિં કરતાં તેમાં ઉદાસીન રહે છે, તે **નય** કહેવાય છે; અને જે એકાંત પોતાના જ અંશની કલ્પનારૂપ કલંકપંકથી મલિન છે, અર્થાત્ એક પોતે કલ્પેલો ધર્મ જ સ્વીકારે અને બીજા અંશોનો નિષેધ કરે તે **દુર્નય** કહેવાય છે.

શ્રી જિનના મતમાં કાંઇ પણ કથન નય રહિત નથી, અર્થાત્ જે જે કહ્યું છે તે બધું સાપેક્ષ કહ્યું છે.

શ્રી **વિશેષાવશ્યક**માં કહ્યું છે કેઃ—

" नत्थि नएहिं विहुणं सुत्तं अत्थो अ जिणमए किंचि ।
आसज्ज उ सोयारं नए नयविसारओ बूया ॥ "

અર્થાત્—શ્રી જિનમતમાં સૂત્ર તેમજ અર્થ નય વિના નથી, અર્થાત્ જે જે કાંઈ કથન છે તે સાપેક્ષ છે; માટે નયવિશારદ, નયના જાણકાર પુરુષોએ કોઈ શ્રોતા મળે તો તેને નય અનુસાર કહેવું, અર્થાત્ શ્રોતાને યોગ્ય સાપેક્ષ જેમ ઘટે તેમ કહેવું.

# નયાભાસ

## પ્રસંગને લઇને નયાભાસનું લક્ષણ કહે છે:—

'स्वाभिप्रेतादंशादितरांशापलापी नयाभासः ।'—અર્થાત્ સ્વાભિપ્રેત પોતે ગ્રહણ કરેલો, ઇચ્છેલો એવો જે અર્થનો અંશ તે સિવાયના બીજા અંશનો અપલાપ–નિષેધ (વિપ્રતિપત્તિ) કરતો છતો નયની પેઠે ભાસે, તે નયાભાસ કહેવાય, પણ નય નહિં. જેમ, વસ્તુ એકાંત નિત્ય છે, અથવા એકાંત અનિત્ય છે, એવું પ્રતિપાદન કરનારાં, બોધ કરનારાં અન્ય દર્શનીઓનાં વચનો.

# નયના પ્રકાર

વિસ્તારથી વિવક્ષા કરીએ તો નય અનેક પ્રકારના છે, કેમકે જૂદી જૂદી વસ્તુઓમાં અનંત અંશોના એક એક અંશને કથન કરનારા વક્તાના જે ઉપન્યાસ (વચન) છે, તે બધા નય છે. તે અંગે કહ્યું છે કે:—

"जावईया वयणपहा तावईया चेव हुंति नयवाया ।
जावईया नयवाया तावईया चेव परसमया ॥"
સંમતિ સૂત્ર, ૩–૪૭

અર્થાત્—જેટલા વચનપથ છે, તેટલા નયવાદ છે અને જેટલા નયવાદ છે, તેટલા બધા એકાંત માનવાથી (અરસ્પરસ નિરપેક્ષપણે) પર સમય છે.

આમ જોતાં વિસ્તારથી સર્વ નયોનું પ્રવચન થઈ શકે નહિં, માટે સંક્ષેપથી એનું સ્વરૂપ પ્રકટ કરે છે:—તે (નય) બે પ્રકારના છે: (૧) **દ્રવ્યાર્થિક** અને (૨) **પર્યાયાર્થિક.** તે જ અંગે કહ્યું છે કે:—

**"णिच्छयववहारनया मूलिमभेदा णयाण सव्वाणं।
णिच्छयसाहणहेऊ दव्वयपज्जट्ठिया मुणह ॥"**

અર્થાત્—સર્વ નયોના મૂળ ભેદ નિશ્ચય અને વ્યવહાર નય છે, તેમાં નિશ્ચય નયના સાધનહેતુ, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક જાણો.

## દ્રવ્યનું લક્ષણ.

ત્યારે **દ્રવ્ય** એટલે શું? દ્રવ્યનું લક્ષણ શું?

(१) "**सत् द्रव्यलक्षणं।**"—'સત્' દ્રવ્યનું લક્ષણ છે. અર્થાત્ જે 'સત્' છે, તે દ્રવ્ય છે. ત્યારે 'સત્' એટલે શું? તો કે—

(१) "**सीदति स्वकीयान् गुणपर्यायान् व्याप्नोतीति सत्।**" પોતાના ગુણપર્યાય સાથે જેની વ્યાપ્તિ છે, પોતાના ગુણપર્યાયમાં જે રહેલ છે, (અન્યમાં નહિં, અથવા જ્યાં પોતાના ગુણપર્યાય ત્યાં દ્રવ્ય, જ્યાં દ્રવ્ય ત્યાં તેના ગુણપર્યાય, એ વ્યાપ્તિ અથવા અવિનાભાવ સંબંધ) તે 'સત્'. અથવા (૨) "**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्।**"—જે ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા એ ત્રણથી યુક્ત તે સત્. અથવા (૩) "**अर्थक्रियाकारि सत्।**"—જે અર્થક્રિયાકારિ છે તે સત્. આ માટે કહ્યું છે કે:—

" यदेवार्थक्रियाकारि तदेव परमार्थसत् ।
यच्च नार्थक्रियाकारि तदेव परतोऽप्यसत् ॥ "

અર્થાત્—જે અર્થક્રિયાકારિ છે, તે જ પરમાર્થ સત્ છે, અને જે અર્થક્રિયાકારિ નથી તે પરથી પણ અસત્ છે. અથવા—

(૨) " निजनिजप्रदेशसमूहैरखंडवृत्त्या स्वभावविभाव-पर्यायान् द्रवति द्रोष्यति अदुद्रवदिति द्रव्यम् ॥ "—પોતપોતાના પ્રદેશ સમૂહ કરી અખંડ વૃત્તિએ રહી સ્વભાવ-વિભાવ પર્યાયને જે પ્રાપ્ત થાય છે, થશે, અને થયા છે, એ દ્રવ્ય. (તાત્પર્ય કે એવો કોઈ સમય નથી કે જ્યારે દ્રવ્ય પર્યાય રહિત હોય.) એટલે પોતાના (અન્યના નહિં) પ્રદેશમાં અખંડવૃત્તિએ રહી પર્યાયયુકત હોય તે દ્રવ્ય. અથવા—

(૩) " गुणपर्यायवद् द्रव्यम् । "—ગુણપર્યાયવાળું તે દ્રવ્ય. અથવા—

(૪) " गुणाश्रयो द्रव्यं । "—ગુણનો આશ્રય ( જેમાં ગુણ રહ્યા છે તે ) દ્રવ્ય. એજ અંગે શ્રી **વિશેષાવશ્યક વૃત્તિ**માં કહ્યું છે કે:—

+ " दवए दुयए दोरवयवो विगारो गुणाण संदावो (सब्भावो) ।
दव्वं भव्वं भावस्स भूयभावं च जं जोगं ॥ "

---

+ સંસ્કૃત છાયા—
द्रवति द्रूयते द्रोरवयवो विकारो गुणानां संद्रावः ।(सद्भावः)
द्रव्यं भव्यं भावस्य भूतभावश्च यद् योग्यं ॥

અર્થાત્—(द्रवए=द्रवति) તે તે પર્યાયોને જે ગ્રહે છે કે મૂકે છે તે દ્રવ્ય. અથવા (दुयए=द्रूयते) તે તે પર્યાયો વડે જે ગ્રહાય છે કે મૂકાય છે, તે દ્રવ્ય. અથવા ( **द्रोरवयवो=द्रोरवयवो** ) દ્રુ (સત્તા) નો જે અવયવ અથવા વિકાર છે, તે દ્રવ્ય. ( સત્તાનો અવયવ અથવા વિકાર તે દ્રવ્ય, અહીં આ સત્તા તે મહાસત્તા સમજવી; તેના અવયવ અથવા વિકારરૂપ અવાંતર સત્તારૂપ દ્રવ્યો પણ થાય છે જ; માટે સત્તાના અવયવ કે વિકારને દ્રવ્ય કહ્યું. ) અથવા ગુણો (રૂપ, રસાદિ) ના સંદ્રાવ અથવા સદ્‌ભાવરૂપ, સમૂહરૂપ, ઘટાદિ તે દ્રવ્ય.

તથા ભાવિ પર્યાયને યોગ્ય જે દ્રવ્ય તે પણ દ્રવ્ય. જેમકે રાજપર્યાયને યોગ્ય કુમાર. (રાજકુમાર રાજા નથી, પણ ભવિષ્યમાં તે રાજરૂપ પર્યાયને પામે એમ છે, માટે દ્રવ્ય રાજા કહેવાય.) તથા ભૂત પર્યાયરૂપ જે દ્રવ્ય તે પણ દ્રવ્ય. જેમકે—જે ઘડામાં એકવાર ઘૃત હતું, પણ હાલ નથી, છતાં તેને ઘૃત ઘટ કહીએ છીએ. (ઘીના ઘડારૂપ પર્યાય તે ભૂત પર્યાય થયો, કેમકે વર્ત્તમાનમાં તે ઘડામાં ઘી નથી, છતાં તેને **દ્રવ્યથી** ઘૃતઘટ કહીએ છીએ. ) તથા (च) શબ્દથી ભૂત–ભવિષ્યત્ પર્યાયરૂપ જે દ્રવ્ય તે પણ દ્રવ્ય કહેવાય એમ સમજવું. જેમકે–જે ઘડામાં એકવાર ઘૃત હતું, હાલ નથી, ભવિષ્યમાં તેમાં ઘૃત નાંખવાનું છે, એટલે એ દ્રવ્યથી ઘૃતઘટ કહેવાય તાત્પર્ય કે–જે દ્રવ્ય ભૂત પર્યાયને યોગ્ય હોય, અથવા ભાવિપર્યાયને યોગ્ય હોય, અથવા ભૂત–ભાવિ એ બંને પર્યાયને યોગ્ય હોય, તે જ દ્રવ્ય કહેવાય, અન્ય નહિં. જે પર્યાય વર્ત્તમાનમાં ન હોય તો પણ ભૂતકાળમાં

હતો, અથવા ભવિષ્યમાં થનાર છે, અથવા ભૂતમાં હતો, વર્ત્તમાનમાં નહિં હોવા છતાં ભવિષ્યમાં થનાર છે, **તે પર્યાયવાળું** દ્રવ્ય તે દ્રવ્ય કહેવાય, અન્ય નહિં; નહિં તો પર્યાયમાત્ર અનુભૂતત્વ અને અનુભવિષ્યમાણત્વવાળાં હોવાથી પુદ્ગલાદિ સર્વ પર્યાયને દ્રવ્યત્વનો પ્રસંગ આવે. આ ઉપરોકત શ્રી **વિશેષાવશ્યક**ની ગાથાનો વિસ્તૃતાર્થ થયો. એ ગાથામાં દ્રવ્યની જે જૂદી જૂદી [૧-૨-૩-૪] ચાર વ્યાખ્યા આપી છે તે સમાવેશ પામે છે.

---

# સ્વભાવ-વિભાવ પર્યાય

પ્રસંગપ્રાપ્ત સ્વભાવ-વિભાવ પર્યાયનું કથન હવે કરે છે:-અગુરુલઘુ દ્રવ્યના જે વિકાર તે સ્વભાવ પર્યાય; તેથી વિપરીત અર્થાત્ સ્વભાવથી ઉલટા પર્યાય તે વિભાવ પર્યાય. તેમાં અગુરુલઘુ દ્રવ્ય સ્થિર છે, જેમકે સિદ્ધિક્ષેત્ર. તે જ અંગે **શ્રી સમવાયાંગ વૃત્તિ**માં કહ્યું છે કે:—

"**गुरुलघु द्रव्यं यत्तिर्यग्गामि वाय्यवादि, अगुरुलघु यत्स्थिरं सिद्धिक्षेत्रं घंटाकारव्यवस्थितज्योतिष्कविमानादीनीति ॥**"—અર્થાત્-જે દ્રવ્ય તિર્યગ્ગામિ (તિરછા ચાલવા-વાળાં) છે તે **ગુરુલઘુ** દ્રવ્ય કહેવાય, જેમકે વાયુ આદિ. અને જે દ્રવ્ય સ્થિર છે, તે **અગુરુલઘુ** કહેવાય. જેમકે-સિદ્ધિક્ષેત્ર તથા ઘંટના આકારે વ્યવસ્થિત એવાં જ્યોતિષ્કનાં વિમાન આદિ.

## ગુણના વિકાર તે પર્યાય,–તે બાર પ્રકારના છેઃ—

| | |
|---|---|
| (૧) અનંત ગુણ હાનિ | (૭) અનંત ભાગ વૃદ્ધિ. |
| (૨) અસંખ્યાત ગુણ હાનિ | (૮) અસંખ્યાત ભાગ વૃદ્ધિ. |
| (૩) સંખ્યાત ગુણ હાનિ | (૯) સંખ્યાત ભાગ વૃદ્ધિ. |
| (૪) સંખ્યાત ભાગ હાનિ | (૧૦) સંખ્યાત ગુણ વૃદ્ધિ. |
| (૫) અસંખ્યાત ભાગ હાનિ | (૧૧) અસંખ્યાત ગુણ વૃદ્ધિ. |
| (૬) અનંત ભાગ હાનિ | (૧૨) અનંત ગુણ વૃદ્ધિ. |

નર–નારકાદિ ચતુર્ગતિ અથવા ચોરાશી લાખ યોનિ એ વિભાવ પર્યાય.

——o——

## દ્રવ્યના સામાન્ય દશ ગુણ

હવે ગુણના વિભાગ દેખાડે છેઃ—

| | |
|---|---|
| +(૧) અસ્તિત્વ (દ્રવ્ય માત્રનો સામાન્ય ગુણ.) | (૭) ચેતનત્વ (જીવ દ્રવ્યનો જ સામાન્ય ગુણ.) |
| (૨) વસ્તુત્વ ( ,, ) | (૮) અચેતનત્વ (પુદ્ગલાદિ અજીવ દ્રવ્યનો જ સામાન્ય ગુણ) |

---

+ અસ્તિત્વ આદિ ગુણોના અર્થ સમજવા યોગ્ય છે. તે **દ્રવ્યના સામાન્ય** ગુણ નીચે મુજબઃ—

(૧) **અસ્તિત્વ**=સદ્રૂપપણું, (દ્રવ્યનું હોવાપણું); 'સત્ દ્રવ્યસ્ય લક્ષણં.' ન હોય તેનું નામ જ ન હોય; માટે **હોવાપણું છે. 'नासतो विद्यते भावः।'**

(૨) **વસ્તુત્વ**=સામાન્ય વિશેષાત્મકપણું, દ્રવ્યમાત્રમાં સામાન્ય અને વિશેષ એ બંને અવિનાભાવી સંબંધપણે રહેલા છે, વસેલા છે, માટે 'વસ્તુ' એ દ્રવ્ય. (૩) **દ્રવ્યત્વ**—દ્રવ્યનો અર્થ ઉપર જણાવ્યો છે.

(3) સામાન્ય વિશેષાત્મક દ્રવ્યત્વ ( „ )

(4) પ્રમેયત્વ ( „ )

(5) અગુરુલઘુત્વ ( „ )

(6) પ્રદેશત્વ ( „ )

(9) મૂર્ત્તત્વ (પુદ્‌ગલ દ્રવ્ય-નો જ સામાન્ય ગુણ.)

(10) અમૂર્ત્તત્વ (જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ પાંચ દ્રવ્યનો જ સામાન્ય ગુણ.)

---

(4) **પ્રમેયત્વ**=પ્રમાણ (પ્રત્યક્ષ કે પરોક્ષ કે બંને) વડે જેનો નિશ્ચય કરી શકાય તે પ્રમેય. દ્રવ્યમાત્ર પ્રમેય છે, અર્થાત્ પ્રમાણ વડે તેનું માપ (નિશ્ચય) થઈ શકે છે.

(5) **અગુરુલઘુત્વ**=આ ગુણ સૂક્ષ્મ અને વચનથી કહ્યો જાય તેમ નથી. ષડ્‌વૃદ્ધિરૂપ અને ષડ્‌હાનિરૂપ પ્રતિક્ષણે વર્ત્તમાન આ ગુણ દ્રવ્યમાત્રમાં રહેલો છે. તે આગમ પ્રમાણથી જ ગ્રાહ્ય છે. કહ્યું છે કેઃ—

**"सूक्ष्मं जिनोदितं तत्त्वं हेतुभि र्नैव हन्यते ।**
**आज्ञासिद्धं तु तद्ग्राह्यं नान्यथावादिनो जिनाः ॥"**

અર્થાત્—શ્રી જિને કહેલું સૂક્ષ્મ તત્ત્વ જેનો હેતુ વડે ઘાત નથી જ થતો તે આજ્ઞાસિદ્ધ ગણી ગ્રહણ કરી લેવું, કેમકે—શ્રી જિન અન્યથા-વાદી નથી.

(6) **પ્રદેશત્વ**=અવિભાગી પુદ્‌ગલ પરમાણુ જેટલું ક્ષેત્ર તે પ્રદેશ; તેનો ભાવ તે પ્રદેશત્વ,

(7) **ચેતનત્વ**=જેથી વસ્તુનો અનુભવ થાય તે ચેતનત્વ,

દ્રવ્યના આ દશ **સામાન્ય ગુણ** છે. પ્રત્યેક દ્રવ્યમાં આઠ આઠ[1] ગુણ છે.

# દ્રવ્યના સોળ વિશેષ ગુણ

(૧) **જ્ઞાન**, (૨) **દર્શન**, (૩) **સુખ**, (૪) **વીર્ય**,[1] (જીવ દ્રવ્યના વિશેષ ગુણ)

(૫) **સ્પર્શ**, (૬) **રસ**, (૭) **ગંધ**, (૮) **વર્ણ**,[2] (પુદ્ગલના)

(૯) **ગતિ હેતુત્વ**[3] (ધર્મનો)

(૧૦) **સ્થિતિ હેતુત્વ**[4] (અધર્મનો)

(૧૧) **અવગાહના હેતુત્વ**[5] (આકાશનો)

(૧૨) **વર્ત્તના હેતુત્વ**[6] (કાળનો)

---

**चैतन्यमनुभूतिः स्यात् सत्क्रियारूपमेव च ।**
**क्रिया मनोवचःकायेष्वन्विता वर्त्तते ध्रुव ॥**

અર્થાત્—ચેતનત્વ છે તે અનુભૂતિ (**અનુભવ**) છે, **અને** તે સત્ક્રિયારૂપ છે; **અને** એ ક્રિયા નિશ્ચયે મન વચન કાયામાં અન્વિત થઇ (**અનુયાયિ થઇ**) વર્તે છે.

(૮) **અચેતનત્વ**=અનુભવ રહિતપણું. (૯) **મૂર્ત્તત્વ**=રૂપ, રસ, ગંધ, સ્પર્શ સહિતપણું. (૧૦) **અમૂર્ત્તત્વ**=રૂપ, રસાદિરહિતપણું.

૧. જીવ દ્રવ્યમાં (૧) અચેતનત્વ અને (૨) મૂર્ત્તત્વ નથી, બાકીના આઠ.
પુદ્ગલ ,, (૧) ચેતનત્વ અને (૨) અમૂર્ત્તત્વ નથી, ,, ,,
બાકીના ,, (૧) ,, અને (૨) મૂર્ત્તત્વ નથી, ,, ,,

(૧૩) **ચેતનત્વ** (જીવ દ્રવ્યનો જીવ જાતિ અપેક્ષાએ સામાન્ય ગુણ, અજીવ જાતિ અપેક્ષાએ વિશેષ ગુણ.)

(૧૪) **અચેતનત્વ** (અજીવ જાતિ અપેક્ષાએ અજીવનો સામાન્ય ગુણ, જીવ જાતિ અપેક્ષાએ વિશેષ ગુણ.)

(૧૫) **મૂર્ત્તત્વ** (પુદ્ગલનો સ્વજાતિ અપેક્ષાએ સામાન્ય ગુણ, વિજાતિ અપેક્ષાએ વિશેષ ગુણ.) .

(૧૬) **અમૂર્ત્તત્વ** (જીવ, ધર્મ, આકાશ અને કાલ એની અપેક્ષાએ સામાન્ય, પુદ્ગલની અપેક્ષાએ વિશેષ.)

(આમ) જીવ અને પુદ્ગલ પ્રત્યેકના છ છ ગુણ છે; બાકીના ચારે દ્રવ્ય પ્રત્યેકના ત્રણ ત્રણ ગુણ છે. છેલ્લા ચાર ગુણ છે, તે સ્વજાતિની અપેક્ષાએ સામાન્ય ગુણ છે, અને વિજાતિની અપેક્ષાએ વિશેષ ગુણ છે.

---

## સ્વભાવ

**પ્રસંગને લઇને જીવાદિ દ્રવ્યના સ્વભાવ કહે છેઃ—**

| | |
|---|---|
| (૧) અસ્તિ સ્વભાવ, | (૨) નાસ્તિ સ્વભાવ. |
| (૩) નિત્ય સ્વભાવ | (૪) અનિત્ય સ્વભાવ |
| (૫) એક સ્વભાવ | (૬) અનેક સ્વભાવ |
| (૭) ભેદ સ્વભાવ | (૮) અભેદ સ્વભાવ |
| (૯) ભવ્ય સ્વભાવ | (૧૦) અભવ્ય સ્વભાવ. |

અને (૧૧) પરમ સ્વભાવ—એ અગ્યાર સ્વભાવ છે તે દ્રવ્યના સામાન્ય સ્વભાવ છે, એટલે દ્રવ્યમાત્રમાં એ અગ્યાર સ્વભાવ સામાન્ય છે. તથા—

(૧) **ચેતન સ્વભાવ**—( આ જીવનો સ્વજાતિ અપેક્ષાએ સામાન્ય સ્વભાવ છે, વિજાતિ અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે; વસ્તુતઃ જીવમાં જ છે, ઉપચારે 'પુદ્ગલ'માં આરોપાય છે )

(૨) **અચેતન સ્વભાવ**—( આ અજીવનો અજીવ જાતિ અપેક્ષાએ સામાન્ય સ્વભાવ છે, જીવ જાતિ અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે; જીવ શિવાય બાકીનાં દ્રવ્યોમાં જ છે, પણ ઉપચારે જીવમાં આરોપાય છે. )

(૩) **મૂર્ત્ત સ્વભાવ**—( આ પુદ્ગલનો સ્વજાતિ અપેક્ષાએ સામાન્ય સ્વભાવ છે, વિજાતિ અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે; પુદ્ગલમાં જ છે, પણ ઉપચારે જીવમાં પણ આરોપાય છે. )

(૪) **અમૂર્ત્ત સ્વભાવ**--(પુદ્ગલ શિવાય બાકીનાં જ દ્રવ્યોમાં છે; અને તે તે દ્રવ્યોની અપેક્ષાએ સામાન્ય સ્વભાવ છે; પુદ્ગલની અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે. '**અમૂર્ત્તતા**' વસ્તુતઃ પુદ્ગલમાં નથી, પણ અપેક્ષાવિશેષે પુદ્ગલમાં તેનો ઉપચાર થાય છે. )

(૫) **એક પ્રદેશ સ્વભાવ**—( આ જીવ અને પુદ્ગલમાં જ છે; તે બેની અપેક્ષાએ આ સામાન્ય સ્વભાવ છે; બાકીનાં દ્રવ્યની અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે. )

(૬) **અનેક પ્રદેશ સ્વભાવ** અથવા **બહુ પ્રદેશ સ્વભાવ**—( કાલ શિવાય બાકીનાં બધાં દ્રવ્યોમાં આ છે; તો જેમાં છે તેની અપેક્ષાએ આ સામાન્ય સ્વભાવ છે, કાલની અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે. )

(૭): **વિભાવ સ્વભાવ**—( આ જીવ અને પુદ્ગલ એ એ જ દ્રવ્યમાં છે; બાકીનામાં નથી, એટલે જીવ–પુદ્ગલની અપેક્ષાએ આ સામાન્ય સ્વભાવ છે, બાકીનાની અપેક્ષાએ વિશેષ સ્વભાવ છે ) અપેક્ષાવિશેષે બીજાં દ્રવ્યોમાં પણ કોઈ કોઈ આચાર્યોના મતે આરોપાય છે.

(૮) **શુદ્ધ સ્વભાવ**—( વસ્તુતઃ આ બધાં દ્રવ્યોમાં છે, પણ ઉપાધિ અપેક્ષાએ જીવ–પુદ્ગલ અશુદ્ધ પણ છે. એટલે આને વિશેષ સ્વભાવ કહ્યો છે. )

(૯) **અશુદ્ધ સ્વભાવ**—(જીવ અને પુદ્ગલના અનાદિ સંયોગસંબંધરૂપ ઉપાધિને લઈને આ સ્વભાવ એ બેમાં જ છે, બાકીનામાં નથી. તથાપિ અપેક્ષાવિશેષે કોઈ મત પ્રમાણે ધર્મ, અધર્માદિમાં પણ એનું આરોપણ થાય છે. )

(૧૦) **ઉપચરિત સ્વભાવ**. (?)

આ દશ વિશેષ+ સ્વભાવ કહ્યા. એટલે સામાન્ય સ્વભાવ અગ્યાર અને વિશેષ દશ મળી કુલ એકવિશ સ્વભાવ થયા.

તેમાં જીવ અને પુદ્ગલમાં પ્રત્યેકમાં એકવિશે સ્વભાવ છે. ધર્મ, અધર્મ અને આકાશમાં અગ્યાર સામાન્ય સ્વભાવ અને બીજા પાંચ[૧] (અચેતનત્વ, અમૂર્ત્તત્વ, એક પ્રદેશત્વ, બહુ પ્રદેશત્વ અને શુદ્ધત્વ ) મળી સોળ સ્વભાવ છે. કાળમાં અગ્યાર સામાન્ય સ્વભાવ અને બીજા ચાર[૨] ( અચેતનત્વ, અમૂર્ત્તત્વ, શુદ્ધત્વ, અને ઉપચરિતત્વ) મળી પંદર સ્વભાવ છે. એ જ અંગે કહ્યું છે કેઃ—

" एकविंशति भावाः स्युर्जीवपुद्गलयोर्मताः।
धर्मादीनां षोडश स्युः काले पंचदश स्मृताः ॥ "

અર્થાત્—જીવ અને પુદ્‌ગલ એ દરેકના એકવિશ સ્વભાવ છે; ધર્માદિ ( ધર્મ, અધર્મ અને આકાશ ) ના સોળ છે, અને કાળના પંદર કહ્યા છે.

સ્વભાવ પણ ગુણ–પર્યાયના× અંતર્ભૂત જ સમજવા. ( સ્વભાવ+ ગુણ–પર્યાયથી જૂદા નથી; તેમાં જ તેનો સમાવેશ થઇ જાય છે ), નહિં તો દ્રવ્યનું લક્ષણ બતાવ્યું, તેમાં ગુણપર્યાયની પેઠે તેનું પણ ગ્રહણ થાત.

---

× પણ એટલું વિશેષ કે ગુણ છે તે ગુણીમાં જ રહે છે, અને સ્વભાવ ગુણ–ગુણી બંનેમાં રહે છે. કેમકે ગુણ–ગુણી બંને પોતપોતાની પરિણતિમાં પરિણમે છે; અને જે પરિણતિ છે તે જ સ્વભાવ છે. અથવા–' **तत्कालपर्ययाक्रांतं वस्तु भावो विधीयते ।** '—અર્થાત્ તત્ક્ષણ પર્યાયમાં આક્રાંત થએલી (પરિણમેલી) જે વસ્તુ તે ભાવ ( સ્વભાવ ) કહેવાય છે.

+ આ એકવિશ સ્વભાવના અર્થ સમજવા યોગ્ય હોવાથી અત્રે લખ્યાં છે:—

(૧) **અસ્તિ સ્વભાવ**=સ્વભાવલાભથી કદી પણ દૂર ન હોવું તે, અથવા સ્વરૂપે કરી સદા હોવું તે. '**स्वभावलाभादच्युतत्वादस्ति स्व०**

(૨) **નાસ્તિ સ્વભાવ**=પરરૂપે કરી કદી ન હોવું તે. **परस्वरूपेणाभावान्नास्तिस्व०**

(૩) **નિત્ય સ્વભાવ**=આ વસ્તુ તો પેલી મેં જે પૂર્વે અનુભવી

ગુણનું કથન થયું, એટલે ગુણના વિકાર એવા જે પર્યાય

હતી તે જ એવો બોધ જે વડે થાય છે, તે તે વસ્તુનો નિત્યસ્વભાવ. વસ્તુ પર્યાયવાળી હોવાથી ક્રમે ક્રમે તેના પર્યાય બદલ્યા કરે, તથાપિ [પર્યાયાંતર થયેલ હોવા છતાં પણ] તે વસ્તુને જોતાં એમ થાય છે કે આ તો પેલી જે મેં પૂર્વે જોઇ હતી અથવા અનુભવી હતી, તે. આવું જ્ઞાન થાય છે તે તે વસ્તુના 'નિત્ય' સ્વભાવને લઇને જ. વસ્તુમાં એવો નિત્ય સ્વભાવ ન હોય, તો કદી પણ જેના પર્યાય પલટી ગયા છે એવી વસ્તુનો,–' આ તો આ જ, પૂર્વે અનુભવી હતી તે,'–એવો બોધ ન જ થાય. અથવા કડું, કુંડલ અને સોનું. સોનાનો કડારૂપ પર્યાય પલટાઇને કુંડલ પર્યાય થયો, પણ સોનું તો તે જ–નિત્ય. **निज-निजनानापर्यायेषु तदेवेदमिति द्रव्यस्योपलम्भान्नित्य स्वभावः।**

(૪) **અનિત્ય સ્વભાવ**=દ્રવ્યનું પર્યાય પરિણામપણું. અથવા ઉત્પાદ–વ્યય જેથી થાય છે તે વસ્તુનો તે અનિત્ય સ્વભાવ. **तस्या-ऽप्यनेकपर्यायपरिणामित्वादनित्यस्वभावः ।**

(૫) **એક સ્વભાવ**=જેમ રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ સહભાવી સ્વભાવોનો એકરૂપ આધાર ઘટ છે, એ ઘટનો એક સ્વભાવ; તેમ દ્રવ્યમાત્રનો તેના સહભાવી ગુણોનો એકરૂપ આધાર તે એક સ્વભાવ. **स्वभावानामेकाधारत्वादेकस्वभावः ।**

(૬) **અનેક સ્વભાવ**=આકાશ એકરૂપ છતાં તેમાં પર્યાયભેદની દૃષ્ટિ કરીએ, તો અનેક આકાશ લાગશે. જેમકે—ઘટાકાશ, લોકાકાશ, અલોકાકાશ. તેમ દ્રવ્યમાત્ર સ્વરૂપે એક છતાં પર્યાયરૂપે અનેક, તે તેનો અનેક સ્વભાવ. **एकस्याप्यनेकस्वभावोपलंभादनेकस्व० ।**

(૭) **ભેદ સ્વભાવ**=ગુણ–ગુણી, પર્યાય–પર્યાયી, ધર્મ–ધર્મી એ વગેરેના સંજ્ઞા, સંખ્યા, લક્ષણાદિ ભેદથી વસ્તુનો ભેદ સ્વભાવ. **गुण-गुण्यादिसंज्ञाभेदाद् भेदस्वभावः।**

તેનું પણ કથન થઇ ગયું જ સમજવું. અને એ પર્યાયાર્થિક

(૮) **અભેદ સ્વભાવ**=ગુણ-ગુણી, ધર્મ-ધર્મી એ આદિ અભેદ વૃત્તિએ જોઇએ, એ દ્રવ્યનો અભેદ સ્વભાવ. **गुणगुण्याद्येकस्वभावाद्-भेदस्वभावः ।**

(૯) **ભવ્ય સ્વભાવ**=અનેક કાર્ય-કારણ શકિતવાળું અવસ્થિત જે દ્રવ્ય, તેનું ક્રમિક વિશેષતાના આવિર્ભાવથી પ્રકટ થવું, અર્થાત આગામી કાલે પરસ્વરૂપાકારે પરિણમવું તેનું નામ ભવ્ય સ્વ. **भाविकाले परस्वरूपाकारभवनाद् भव्यस्वभावः ।**

(૧૦) **અભવ્ય સ્વભાવ**=ત્રણે કાળમાં (પર દ્રવ્યમાં મળ્યાં હોવા છતાં) પરસ્વરૂપાકાર ન થવું, એ દ્રવ્યનો અભવ્ય સ્વભાવ. **कालत्रयेऽपि परस्वरूपाकाराभवनादभव्यस्वभावः ।** તે અંગે કહ્યું છે કેઃ—

**"अण्णोण्णं पविसंता दिंता ओगास अणमणस्स ।**
**मेलंतावि अ णिश्चं सगसगभावं न विजहंति ॥"**

અર્થાત્—દ્રવ્ય અન્યોન્ય પ્રવેશ કરતાં છતાં, અરસપરસ અવકાશ આપતાં છતાં, અને નિત્ય મળ્યા છતાં પોતપોતાનું સ્વરૂપ ત્યજતા નથી.

(૧૧) **પરમ સ્વભાવ**='**पारिणामिकभावप्रधानत्वेन परमस्वभावः ।** પારિણામિક ભાવની પ્રધાનતાને લઇને પરમ સ્વભાવ. તાત્પર્ય કે-જે જે દ્રવ્યમાં જે જે પારિણામિક ભાવ પ્રધાન (મુખ્ય) છે, તે તે તેનો પરમ સ્વભાવ. e. g. જ્ઞાન એ આત્માનો પરમ સ્વભાવ, કેમકે આત્માના પારિણામિક ભાવમાં 'જ્ઞાન' પ્રધાન છે.

(૧૨) **ચેતનસ્વભાવ**=જે વડે અનુભવ થાય તે ચેતનસ્વભાવ.

(૧૩) **અચેતનસ્વભાવ**=ચેતનસ્વભાવથી ઉલટો તે અચેતન સ્વભાવ.

નય દ્રવ્યાર્થિક નય સાથે મિશ્રિત હોઇ, દ્રવ્યનો વિશેષ બોધ આપે છે; તાત્પર્ય કે-પર્યાયાર્થિક નય તે દ્રવ્યાર્થિક

---

(૧૪) **મૂર્ત્ત સ્વભાવ**=રૂપ, રસ, ગંધ, સ્પર્શ જેને લઇ જણાય, તે મૂર્ત્ત સ્વભાવ.

(૧૫) **અમૂર્ત્ત સ્વભાવ**=મૂર્ત્તથી ઉલટો અમૂર્ત્ત સ્વ૦

(૧૬) **એક પ્રદેશ સ્વ૦**=એકત્વપરિણતિરૂપ અખંડાકાર સન્નિવેશનું જે ભાજનપણું તે એકપ્રદેશ સ્વ૦

(૧૭) **બહુ પ્રદેશ સ્વ૦**=ભિન્નપ્રદેશયોગને લઇને તથા ભિન્ન પ્રદેશની કલ્પના કરીને જેથી અનેક પ્રદેશ વ્યવહાર યોગ્યતા થાય, તે અનેક પ્રદેશ સ્વ૦

(૧૮) **વિભાવ સ્વ૦**=સ્વભાવથી ઉલટો તે વિભાવ સ્વ૦

(૧૯) **શુદ્ધ સ્વ૦**=જે કેવળ શુદ્ધ હોય, અર્થાત્ ઉપાધિરહિત અંતરૂ ભાવ પરિણતિ તે શુદ્ધ સ્વ૦

(૨૦) **અશુદ્ધ સ્વ૦**=શુદ્ધથી ઉલટી, અર્થાત્ ઉપાધિ સહિત બાહ્યભાવ પરિણમન યોગ્યતા, તે અશુદ્ધ સ્વ૦

(૨૧) **ઉપચરિત સ્વ૦**=નિયમિત સ્વભાવનું અન્યત્ર ઉપચારરૂપે કહેવું તે તો ઉપચરિત સ્વ૦. આ ઉપચરિત **સ્વભાવ બે પ્રકારનો** છેઃ—(૧) **કર્મજ**—કર્મજનિત. (૨) **સહજ**–સ્વાભાવિક. (૧) તેમાં પુદ્ગલના સંબંધને લઇને જીવને મૂર્ત્તપણું તથા અચેતનપણું આરોપવું, તે **કર્મજ ઉપચરિત સ્વભાવ** છે. (કર્મનો સંબંધ છૂટયે આ ઉપચાર પણ દૂર થાય છે. આ જ પ્રમાણે રાગાદિક

નયને સાપેક્ષ છે, નિરપેક્ષ નથી, એટલે પર્યાયાર્થિક નયથી દ્રવ્યના વિશેષ ગુણુની પ્રતિપત્તિ ( નિશ્ચય ) થાય છે. એ અંગે કહ્યું છે કે:—

કર્મને અમૂર્ત, ચેતનાત્મક કહીએ છીએ તે ઉપચારને લઇને. આ કર્મજ ઉપચરિત સ્વભાવ થયો. ) (૨) સિદ્ધાત્મામાં પરજ્ઞાતૃત્વ, પરદર્શકત્વ માનવું, તે **સ્વાભાવિક ઉપચરિત સ્વભાવ** છે.

એ જે એકવિશ સ્વભાવ કહ્યા તે બધા સાપેક્ષ છે. હવે કોઈ એ સ્વભાવોને ન માને અથવા એકાંતે માને તો શું વિરોધ આવે, એ પણ જાણવા યોગ્ય છે, તે પણ અત્રે **આલાપપદ્ધતિ** અનુસાર નીચે ટાંકીએ છીએ:—

**" दुर्नयैकान्तमारूढा भावानां स्वार्थिका हि ते ।**
**स्वार्थिकाश्च विपर्यस्ताः सकलंका नया यतः ॥ " नय चक्र**

અર્થાત્—પદાર્થોને દુર્નયરૂપ એકાંતપણે ગ્રહણ કરનાર નય સ્વાર્થિક છે, અને જે સ્વાર્થિક છે, તે વિપર્યાસવાળા છે, અને વિપર્યાસવાળા હોવાથી તે નય કલંકિત છે. **तत्कथं ?** એમ કેવા પ્રકારે એકાંત ગ્રહણ કરનારા વિપર્યસ્ત હોઇ સકલંક છે ? **तथाहि**–જુઓ, આ પ્રમાણે:—

(૧) **सर्वथैकान्तेन सद्रूपस्य न नियतार्थव्यवस्था संकरादिदोषत्वात् तथाऽसद्रूपस्य सकलशून्यताप्रसंगात् नित्यस्यैकरूपत्वादेकरूपस्यार्थक्रियाकारित्वाभावः । अर्थक्रियाकारित्वाभावे द्रव्यस्याऽप्यभावः ।**×

× સદ્. લેખકે આ નોંધ આટલી જ લખી અપૂર્ણ રહેવા દીધી છે. જિજ્ઞાસુએ આલાપપદ્ધતિનું અવલોકન કરવું.—**ભગવાનદાસ.**

"नानास्वभावसंयुक्तं द्रव्यं ज्ञात्वा प्रमाणतः।
तच्च सापेक्षसिद्धयर्थं स्यान्नयैर्मिश्रितं कुरु।"

અર્થાત્—જૂદા જૂદા અનેક સ્વભાવથી સંયુકત દ્રવ્યને પ્રત્યક્ષાદિ પ્રમાણથી જાણીને, તે દ્રવ્યની સાપેક્ષ સિદ્ધિ અર્થે કથંચિત્ નય સાથે મેળાવો. (તાત્પર્ય કે 'અસ્તિત્વ નાસ્તિત્વ' આદિ સ્વભાવો દ્રવ્યના છે એમ **પ્રમાણ** વડે જાણ્યું, પણ 'અસ્તિત્વ' અને 'નાસ્તિત્વ' એ ધર્મો તો પ્રગટ વિરોધી દેખાય છે, તો એવા બે વિરોધી ધર્મ એક દ્રવ્યમાં કેમ ઘટે એવો પ્રશ્ન થશે, તો તે પ્રશ્નના સમાધાન માટે નય વડે બતાવો કે દ્રવ્યના એ ધર્મ સાપેક્ષપણે કહ્યા છે, અર્થાત દ્રવ્યનું 'અસ્તિત્વ' સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ છે, 'નાસ્તિત્વ' પર દ્રવ્યાદિની અપેક્ષાએ છે. માણસનું **પુત્રપણે હોવું** પિતાની અપેક્ષાએ છે, **પુત્રપણે ન હોવું** એ પોતાના પુત્ર કે સ્ત્રી **આદિની અપેક્ષાએ** છે.)

# દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય

પૂર્વોક્ત (ઉપર જેનું લક્ષણ બતાવ્યું તે જ) દ્રવ્ય જ છે અર્થ અથવા પ્રયોજન જેનું, તે **દ્રવ્યાર્થિક નય**. એના યુક્તિ કલ્પનાએ કરી દશ ભેદ થાય છેઃ—

(૧) **અન્વય દ્રવ્યાર્થિક નય**—જેમકે–**गुणपर्याय स्वभावं द्रव्यं ।** ગુણપર્યાય છે સ્વભાવ જેનો, તે દ્રવ્ય. (દ્રવ્યની આ વ્યાખ્યા **અન્વય દ્રવ્યાર્થિક નય**ને લઇને છે. જેમકે–એક દ્રવ્ય જાણતાં તેને અનુયાયી (અન્વયી) તેના ગુણ–પર્યાય પણ જાણ્યા જાય. અથવા સામાન્યનો બોધ થતાં, તેને અનુયાયી (અન્વયી) વિશેષનો બોધ પણ થાય. સુવર્ણ જોતાં એને અનુયાયી ( તેમાં અન્વયરૂપે રહેલા તેના પર્યાય ) કુંડલ, કડાં પણ યાદ આવી જાય. ( એ પર્યાયનો દ્રવ્યમાં અન્વય ધર્મ રહ્યો છે તેને લઇને. )

(૨) **સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્ર૦ ન૦**—જેમકે–**स्वद्रव्यचतुष्टयाऽपेक्षया द्रव्यमस्ति ।** સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એ સ્વજાતિની અપેક્ષાએ દ્રવ્ય સત્ છે.

(૩) **પર દ્રવ્યાદિ ગ્રાહક દ્ર૦ ન૦**—જેમકે–**पर द्रव्यादिचतुष्टयाऽपेक्षया द्रव्यं नास्ति ।** પર દ્રવ્યાદિની અપેક્ષાએ દ્રવ્ય અસત્ છે.

(૪) **પરમ ભાવ ગ્રાહક દ્ર૦ ન૦**—જેમકે–**ज्ञानमय आत्मा ।** જ્ઞાનવાળો તે આત્મા. અહીં આત્માના અનેક સ્વભાવ

(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, સુખ આદિ) માંથી તે બધામાં મુખ્ય (પરમ સ્વભાવ) સ્વભાવ જે જ્ઞાન તે લીધું. **दर्शनमय आत्मा, सुखमय आत्मा** ઇત્યાદિ પણ કહેવાય, પણ **પરમ ભાવ ગ્રાહક નયે** તો **ज्ञानमय आत्मा।** એમ જ કહેવાય. પુદ્ગલાદિ અજીવથી આત્માનો ભેદ દેખાડનાર (distinguishing) જ્ઞાન છે.

(૫) **કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્ર૦ ન૦**—જેમકે—**जीवः सिद्धसदृशःशुद्धात्मा।** જીવ છે તે સિદ્ધ સમાન શુદ્ધ આત્મા છે. (અહીંઆ જીવને વળગેલી જે કર્મવળગણા તેની અપેક્ષા ન કરીએ અને જીવના મૂળ સ્વરૂપે જોઈએ, તો જીવ માત્ર સિદ્ધ જેવા શુદ્ધ આત્મા છે. આ અંગે કહ્યું છે કે:—

**"मग्गणगुणठाणेहिं य चउद्दसहिं हवंति तह असुद्धणया।
विण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया॥"** **શ્રી દ્રવ્ય-સંગ્રહ, ૧૩**

અર્થાત્—માર્ગણા અને ગુણસ્થાનક આદિથી સંસારી જીવના જે ભેદ પાડવામાં આવે છે તે અશુદ્ધ નયને લઇને; શુદ્ધ નયને લઇને તો જીવ માત્ર એક સરખા શુદ્ધ છે એમ જાણવું. શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો આ એક ભેદ થયો. તેમજ (૨)—

(૬) **ઉત્પાદ વ્યય ગૌણત્વેન સત્તાગ્રાહક શુદ્ધ દ્ર૦ ન૦**—ઉત્પાદ અને વ્યયને ગૌણ કરી સત્તા (ધ્રૌવ્ય) ને મુખ્ય ગ્રહણ કરનાર શુદ્ધ દ્ર૦ ન૦ જેમકે—**द्रव्यं नित्यं,** દ્રવ્ય નિત્ય છે, (અહીંઆ દ્રવ્યનું સર્વદા અવિચળપણે

હોવાપણું એ મુખ્ય ગ્રહણ કર્યું છે; અને તેથી કરીને દ્રવ્ય નિત્ય એમ કહ્યું, કેમકે ઉત્પાદ વ્યયરૂપ પર્યાય એ તો ક્ષણે ક્ષણે ઉપજે છે, વણસે છે, પલટાય છે, પણ દ્રવ્યની મૂળ સત્તા તે તો સદા કાયમ જ છે. તેમજ (૩)—

(૭) **ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્ર૦ ન૦**—ભેદની કલ્પનાની અપેક્ષા ન રાખે એવો ત્રીજો શુદ્ધ દ્ર. ન. જેમકે— **निजपर्यायस्वभावत्वादभिन्नं द्रव्यं ।** પોતાના ગુણ, પર્યાય, સ્વભાવથી અભિન્ન તે દ્રવ્ય.

(૮) **કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્ર૦ ન૦**—કર્મની ઉપાધિની અપેક્ષા રાખીને દ્રવ્ય અંગે કહેવું, તે કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્ર૦ ન૦. જેમકે—**क्रोधादिकर्मजभाव आत्मा** ક્રોધાદિ કર્મભાવવાળો આત્મા. (અહીંઆ આત્માને ક્રોધાદિ સ્વભાવવાળો કહ્યો, તે કર્મની ઉપાધિને લઇને, જે સમયેજે દ્રવ્ય જેવા ભાવે પરિણમે, તે સમયે તે દ્રવ્ય તે ભાવવાળું ગણાય છે; એટલે કર્મને લઇને ક્રોધાદિ ભાવમાં પરિણમેલ આત્મા ક્રોધાદિ ભાવવાળો કહેવાય છે; તેમજ લોહપિંડ ભઠ્ઠીમાં ગાળીએ ત્યારે અગ્નિરૂપે પરિણમે છે, અને તે વખતે અગ્નિરૂપે કહેવાય છે. તેમજ આત્મા પણ જે સમયે જેવા ભાવે પરિણમે, તે સમયે તે ભાવરૂપ કહેવાય છે. જ્ઞાનીઓએ એ કારણે આત્માના આઠ ભેદ કહ્યા છે:—

**"द्रव्यं कषाययोगावु पयोगो ज्ञानदर्शने चेति ।**
**चारित्रं वीर्यं चेत्यष्टविधा मार्गणा तस्य ॥"**

**—શ્રી ઉમાસ્વાતિવાચક કૃત શ્રી પ્રશમરતિ-૧૯૯**

અર્થાત્—(૧) દ્રવ્ય આત્મા, (૨) કષાય આત્મા, (૩)

યોગ આત્મા, (૪) ઉપયોગ આત્મા, (૫) જ્ઞાન આત્મા, (૬) દર્શન આત્મા, (૭) ચારિત્ર આત્મા, (૮) વીર્ય આત્મા, એ આઠ પ્રકારે તેની ( આત્માની ) માર્ગણા ( ગવેષણા–પરીક્ષા કરવી. ) અશુદ્ધ દ્રવ્યાર્થિકનો આ એક ભેદ થયો તેમજ [ ૨ ]--

(૯) **ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્ર૦ ન૦**–એક જ સમયમાં દ્રવ્યને ઉત્પાદ વ્યય–ધ્રૌવ્ય યુક્ત કહેવું. જેમકે–**एकस्मिन् समये द्रव्यमुत्पादव्ययध्रौव्ययुक्तम् ।** અથવા સુવર્ણનું જે સમયે કડારૂપે ઉપજવું, તેજ સમયે કુંડલરૂપે નાશ પામવું, પણ સોનારૂપે તો ધ્રુવ રહેવું. દ્રવ્ય સત્તારૂપે નિત્ય હોવા છતાં, પર્યાયરૂપે ઉપજે–વણસે છે, એથી ઉત્પાદવ્યય સાપેક્ષ અશુદ્ધ દ્ર૦ ન૦ કહ્યો. તેમજ (૩)—

(૧૦) **ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્ર૦ ન૦**— ગુણ–ગુણીમાં ભેદની અપેક્ષા રાખીને દ્રવ્યનું કથન કરવું તે. જેમકે–**आत्मनो दर्शनज्ञानादयो गुणाः ।** દર્શન–જ્ઞાનાદિ એ આત્માના ગુણ છે. ( અભેદની અપેક્ષાએ કહ્યું હોત તો **આત્મા એ જ જ્ઞાનાદિ,** ગુણ–ગુણી જૂદા નથી, એમ કહેત. પણ અહીં ભેદ દષ્ટિએ દ્રવ્યનું કથન કર્યું છે. વસ્તુતઃ ગુણ–ગુણી બે જૂદા નથી, તથાપિ ભેદકલ્પનાની અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી એમ કહેવાય છે. )

**દ્રવ્યાર્થિક નયના આ દશ ભેદ કહ્યા.**

———o———

# પર્યાયાર્થિક નય

## હવે પર્યાયાર્થિક નયનું વ્યાખ્યાન કરે છે:--

+ 'पर्येति उत्पादमुत्पत्तिं विपत्तिं च प्राप्नोतीति पर्यायः।' અર્થાત્ ઉત્પત્તિ (ઉત્પાદ) તથા વિપત્તિ (વિનાશ)ને પામે તેનું નામ પર્યાય. એ અંગે કહ્યું છે કે:—

" अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम्।
उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले ॥ "

અર્થાત્—અનાદિ અનંત એવું જે દ્રવ્ય (સત્તારૂપે શાશ્વત, નિત્ય એવું જે દ્રવ્ય), તેમાં તેના પર્યાય પ્રતિક્ષણે, (જેમ પાણીમાં તરંગ ઉપજે છે અને વણસે છે તેમ) ઉપજે છે અને વણસે છે.

અગાઉ (પૃ. ૩૪) જે છ પ્રકારના વૃદ્ધિરૂપ અને છ પ્રકારના હાનિરૂપ મળી બાર સ્વભાવપર્યાય અને નર-નારકાદિરૂપ વિભાવપર્યાય કહ્યા છે, તે અહિંઆ પર્યાય શબ્દે સમજવા.

પર્યાયના બે પ્રકાર છે:—(૧) સહભાવિ પર્યાય. (૨) ક્રમભાવિ પર્યાય. તે અંગે કહ્યું છે કે:—

" पर्यायो द्विविधः, क्रमभावी सहभावी च, सहभावी गुण इत्यभिधीयते, पर्यायशब्देन तु पर्यायसामान्यस्य स्वव्यक्तिव्यापिनोऽभिधानान्न दोष इति ॥ "

---

+ स्वभावविभावरूपतया याति पर्येति परिणमतीति पर्यायः। આલાપપદ્ધતિ.—સ્વભાવ-વિભાવરૂપે જે પરિણમે છે તે પર્યાય.

અર્થાત્—પર્યાય દ્વિવિધ-(૧) ક્રમભાવી, (૨) સહભાવી; સહભાવી પર્યાય તે ગુણ કહેવાય છે. ગુણને પર્યાય કહ્યો તેમાં દોષ નથી, કેમકે ગુણ છે તે સ્વવ્યક્તિવ્યાપિ પર્યાય* સામાન્ય છે.

તેમાં (૧) સહભાવી પર્યાય તે **ગુણ**—જેમકે, આત્માના વિજ્ઞાન વ્યક્તિ-શકિત+ આદિ, અને (૨) ક્રમભાવી પર્યાય તે **પર્યાય**. જેમકે-સુખ, દુ:ખ, હર્ષ, શોક આદિ આત્માના પર્યાય. (અહીં એમ સમજવાનું છે કે જ્ઞાનાદિ પર્યાયાંતર થાય તોપણ જ્ઞાનાદિ, અને સુખ પર્યાયાંતર થાય તો દુ:ખ, હર્ષ પર્યાયાંતર થાય તો શોક; માટે જ્ઞાનાદિને સહભાવિ પર્યાય (ગુણ) કહ્યા, અને સુખ, દુ:ખાદિને ક્રમભાવી (પર્યાય) કહ્યા. દાખલા તરિકે જુઓ-અત્યારે આપણે સુખ અનુભવીએ છીએ, (અનુભવવું, જાણવું, વેદવું એ એક જ છે), તેમાં **સુખ** પણ પર્યાય છે અને સુખનું જે જ્ઞાન (અનુભ-

* સ્વવ્યક્તિવ્યાપિ પર્યાય સામાન્ય છે; અર્થાત્ (વ્યક્તિરૂપ) જૂદા જૂદા જે પર્યાય તે બધામાં સામાન્યપણે વ્યાપેલો (રહેલો) જે પર્યાય તે ગુણ છે.

+ અહીં આત્માનો વિજ્ઞાન વ્યક્તિ-શક્તિ આદિ ગુણ કહ્યો; તેમાં એમ સમજવાનું છે કે આત્માનો ગુણ જ્ઞાન આદિ છે. પણ તે જ્ઞાનાદિ કોઈમાં વ્યક્તિરૂપે છે, કોઇમાં શક્તિરૂપે છે. અર્થાત્ કોઈમાં ( જેમકે કેવલિમાં ) સંપૂર્ણ વ્યક્ત-પ્રગટ થયા છે, કોઇમાં સત્તારૂપે જ (શક્તિ રૂપે જ) રહેલા છે (જેમકે સૂક્ષ્મ નિગોદના જીવ ); પણ છે તો ખરા જ.

વન, વેદન) તે પણ પર્યાય છે. હવે ક્ષણ પછી ધારો કે દુ:ખ વેદીએ, ત્યારે દુ:ખ પણ પર્યાય છે અને એ દુ:ખનું જ્ઞાન (અનુભવન, વેદન) એ પણ પર્યાય છે; પણ પ્રથમ ક્ષણે સુખપર્યાય હતો તે પલટી બીજે ક્ષણે દુ:ખપર્યાય થયો, માટે સુખ-દુ:ખ **ક્રમભાવી** પર્યાય ગણાય; અને વેદવારૂપ (જાણવારૂપ, અનુભવવારૂપ) પર્યાય તો બંને ક્ષણે સુખ દુ:ખ બન્નેમાં તે રૂપ જ રહ્યો છે, માટે **સહભાવી.**)

સ્વભાવ દ્રવ્ય, સ્વભાવ ગુણ, વિભાવ દ્રવ્ય અને વિભાવ ગુણ એ વડે કરીને પર્યાય+ પણ ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે:—

(૧) **સ્વભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય**—ચરમ શરીરથી કિંચિત્ ન્યૂન સિદ્ધ પર્યાય.

(૨) **સ્વભાવ ગુણ વ્યંજન પર્યાય—**જીવની જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયી.

---

+ પર્યાય બે પ્રકારના પણ છે:-(૧) **અર્થ પર્યાય**. (૨) **વ્યંજન પર્યાય**. તે પ્રત્યેક પાછા સ્વભાવ દ્રવ્ય, સ્વભાવ ગુણ, વિભાવ દ્રવ્ય અને વિભાવ ગુણે કરીને ચાર ચાર પ્રકારના છે.

તેમાં દ્રવ્યમાત્ર અર્થપર્યાયને ગ્રહણ કરે છે; વ્યંજનપર્યાયને જીવ અને પુદ્‌ગલ ગ્રહણ કરે છે. તે અંગે કહ્યું છે કે:—Refer શ્લોક P. 53. **અર્થપર્યાય** સૂક્ષ્મ સૂક્ષ્મ વર્ત્તમાનકાલસ્પર્શિ છે; **વ્યંજન પર્યાય** ત્રિકાળવર્તી છે,

**"प्रवृत्तिनिवृत्तिनिबंधनार्थक्रियाकारित्वोपलक्षितो व्यंजनपर्यायः। भूतभविष्यत्त्वसंस्पर्शरहितं वर्त्तमानकालावच्छिन्नं वस्तुस्वरूपं च अर्थपर्यायः॥ "—તર્કભાષા, નય પરિચ્છેદ.**

(૩) **વિભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય**—જીવની ચાર ગતિ અથવા ચોરાશી લાખ યોનિ.

(૪) **વિભાવ ગુણ વ્યંજન પર્યાય**—જીવના **મતિ આદિ**–આ જીવ દ્રવ્યના ચાર પ્રકારના વ્યંજનપર્યાય કહ્યા. તેમજ પુદ્‌ગલદ્રવ્યના પણ—

(૫) **સ્વભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય**—અવિભાગિ પુદ્‌ગલ પરમાણુ.

(૬) **સ્વભાવ ગુણ વ્યંજન પર્યાય**—પુદ્‌ગલ પરમાણુના એક રસ, એક ગંધ, એક વર્ણ અને બે અવિરુદ્ધ સ્પર્શ.

(૭) **વિભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય**—દ્વિ અણુ, ત્રિ અણુ આદિ.

(૮) **વિભાવ ગુણ વ્યંજન પર્યાય**—રસથી રસાંતર, ગંધથી ગંધાંતર, વર્ણથી વર્ણાંતર, સ્પર્શથી સ્પર્શાતર.

આ ચાર વ્યંજન પર્યાય કહ્યા. +

---

+ કોઈ કહેશે કે જીવ અને પુદ્‌ગલના આ ચાર ચાર વ્યંજન પર્યાય કહ્યા; પણ બાકીનાં ચાર દ્રવ્યનાં કેમ ન કહ્યા ? આ અંગે જણાવવાનું કે:—

**" धर्माधर्मनभःकाला अर्थपर्यायगोचराः।**
**व्यंजनेन तु संबद्धौ द्वावन्यौ जीवपुद्‌गलौ ॥ "**

અર્થાત્—ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ અર્થપર્યાય ગોચર—અર્થપર્યાયને ગ્રહણ કરે છે, વ્યંજનપર્યાય નહિં; વ્યંજન પર્યાય તો તે શિવાયનાં બે જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય જ ગ્રહણ કરે છે.

એ પ્રકારે એકત્વ, પૃથકત્વ આદિ પણ પર્યાય છે. કહ્યું છે કે:—

"एगत्तं च पुहत्तं च संखा संठाणमेव च ।
संजोगो य विभागो य पज्जवाणं तु लक्खणं ॥"

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**

અર્થાત્—એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ, વિભાગ, અને (च) થી જૂનું, નવું, પર, અપર, દૂર, નિકટ એ વગેરે પર્યાયનાં લક્ષણ છે. +

# પર્યાયાર્થિક નય.

પર્યાય જ છે અર્થ (પ્રયોજન) જેનો, તે **પર્યાયાર્થિક** નય-(અર્થાત્ પર્યાયાર્થિક નય પર્યાયને જ અવલંબે છે.) આ પર્યાયાર્થિક નયના પણ છ ભેદ છે. તે આ પ્રમાણે:—

(૧) **અનાદિ નિત્ય પર્યાયાર્થિક નય**—જેમકે- **पुद्गलपर्यायो मेर्वादि नित्यः ।** મેરુ આદિ પુદ્ગલ પર્યાય નિત્ય છે. (મેરુ, શાશ્વતી પ્રતિમા, રત્નપ્રભાદિક પૃથ્વી, જ્યોતિષ્ક વિમાન એ વગેરે પુદ્ગલ પર્યાયો નિત્ય છે. અસંખ્યાતા કાળમાં અન્યોન્ય પુદ્ગલ સંક્રમ થયા કરે, તથાપિ સંસ્થાન તો એનું એ, માટે અનાદિ નિત્ય પર્યાય.)

---

+ જેમકે—જૂદા જૂદા પરમાણુનો બનેલો છતાં આ ઘટ છે, એવું '**એકત્વ**' રૂપ જ્ઞાન જેનાથી થાય તે 'એકત્વ પર્યાય'; તેમ જ આ ચીજ આનાથી પૃથક્ (અલગ) અથવા દૂર, અથવા પાસે, અથવા જૂની, અથવા નવી, અથવા પર, અથવા અપર છે, અથવા આ ચીજ આટલી સંખ્યામાં છે, અથવા આવા આકારની છે, આની સાથે સંયુક્ત છે, અથવા આથી વિયુક્ત છે, ઈત્યાદિ જ્ઞાન (પ્રતીતિ) જેણે કરીને થાય છે, તે દ્રવ્યના પર્યાય સમજવા.

(૨) **સાદિ નિત્ય પર્યાયાર્થિક નય**—જેમકે—**सिद्धपर्यायो नित्यः।** સિદ્ધ પર્યાયની આદિ થઇ, કેમકે સર્વ કર્મ ક્ષય થયા પછી સિદ્ધ પર્યાયની ઉત્પત્તિ થાય માટે સાદિ, પણ પર્યાયનો નાશ કદી નહિં થતો હોવાથી નિત્ય.

(૩) **સત્તાને ગૌણ કરી ઉત્પાદ-વ્યય ગ્રાહક અનિત્ય શુદ્ધ પ૦ નય**—સત્તાને ગૌણ કરી ઉત્પાદ–વ્યયને મુખ્ય ગ્રહણ કરનારો જે સ્વભાવ, તે અનિત્ય શુદ્ધ પ૦ ન૦. જેમકે—**समयं समयं प्रति पर्याया विनाशिनः।** પર્યાયો છે તે સમયે સમયે વણસે છે. (આમાં **વિનાશ** એ શબ્દથી તેનો પ્રતિપક્ષી **ઉત્પાદ** પણ આવી ગયો, કેમકે ઉત્પત્તિ અને નાશ એ બેને અવિનાભાવી સંબંધ છે,–પણ ધ્રુવતા (સત્તા) ને ગૌણ કરેલ હોવાથી તે આમાં ન દેખાઇ. માટે આ નય **સત્તાગૌણત્વેન** ઇ૦.)

(૪) **સત્તા સાપેક્ષ નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય**—જેમકે--**एकस्मिन् समये उत्पादव्ययध्रौव्यात्मकः पर्यायः।** એક સમયમાં પર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે યુક્ત છે. (ખરી રીતે આમ ન કહેવું જોઇએ, કેમકે પર્યાયનું શુદ્ધ રૂપ તો ત્યારે કહેવાય, કે સત્તા ન દેખાય, પણ અહિં તો **મૂળ સત્તા** પણ દેખાઇ, માટે નિત્ય છતાં અશુદ્ધ પ૦ ન૦ કહ્યો.)

(૫) **કર્મોપાધિ નિરપેક્ષ નિત્ય શુદ્ધ પ૦ નય**—જેમકે—**संसारी जीवः सिद्धसदृक् शुद्धात्मा।** સંસારી જીવ છે, તે સિદ્ધ સમાન શુદ્ધ આત્મા છે. (સંસારી જીવને કર્મોપાધિ

હોવા છતાં, તેની વિવક્ષા નહિં કરતાં જીવના જ્ઞાનાદિ શુદ્ધ નિત્ય પર્યાયની વિવક્ષાએ, આ નય થઈ શકે છે.)

(૬) **કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ ૫૦ નય**— જેમકે–**संसारिणामुत्पत्तिमरणे स्तः** । સંસારી જીવોને જન્મ મરણ છે. (અહિંઆ જન્માદિ જે પર્યાય જીવને કર્મસંયોગને લઈને છે, તે અશુદ્ધ અને અનિત્ય છે, એટલે એ પર્યાયની અપેક્ષાએ આ અશુદ્ધ ૫૦ ન૦ થયો.×)

આ પ્રમાણે પર્યાયાર્થિકના યુક્તિપૂર્વક છ ભેદ કહ્યા.

# નયોનું સ્થાન પ્રધાન

**હવે એ બે નયોનું સ્થાન પ્રધાન કહે છે:--**

(૧) **દ્ર૦યાર્થિક નય** સ્થાન નિત્ય જ છે એમ કહે છે, કેમકે દ્ર૦ય નિત્ય અને સકલકાલભાવી છે, માટે. (૨) **પર્યાયાર્થિક નય** સ્થાન અનિત્ય જ છે એમ કહે છે, કેમકે પર્યાય છે તે પ્રાયઃ અનિત્ય છે, માટે. એ અંગે શ્રી **રાજપ્રશ્નીય સૂત્રની** વૃત્તિમાં કહ્યું છે કે:—

**"द्रव्यार्थनये नित्यं पर्यायार्थनये त्वनित्यं । द्रव्यार्थिकनयो द्रव्यमेव तात्त्विकमभिमन्यते न तु पर्यायान्, द्रव्यं चान्वयिपरिणामित्वात् सकलकालभावि भवति ।"**

---

× કર્મોપાધિથી ઉત્પન્ન થયેલ જન્મ–મરણરૂપ અશુદ્ધ અને અનિત્ય પર્યાયને દૂર કરવા માટે જ **આત્માર્થી**, મોક્ષાર્થીનું પ્રવર્તન છે, અને એ અનિત્ય અશુદ્ધ પર્યાયના કારણરૂપ કર્મવળગણાને ટાળવા જ્ઞાનાદિ શુદ્ધ નિત્ય પર્યાયને અવલંબે છે.

અર્થાત્—વસ્તુ દ્રવ્યાર્થિક નયે નિત્ય છે, પર્યાયાર્થિક નયે અનિત્ય છે; દ્રવ્યાર્થિક નય દ્રવ્યને જ તાત્ત્વિક માને છે, પર્યાયને નહિં, કેમકે પરિણામિ હોવાથી દ્રવ્ય અન્વયિ અને સકલકાળભાવિ ( ત્રણે કાળે સદ્રૂપ ) છે.

## શંકા-સમાધાન

શંકા—દ્રવ્યાર્થિક નય કહ્યો, પર્યાયાર્થિક કહ્યો, તો ત્રીજો ગુણપ્રધાન ગુણાર્થિક નય કેમ ન કહ્યો ?

સમાધાન-**પર્યાયો**ના ગ્રહણ સાથે જ ગુણનું પણ ગ્રહણ થઇ ગયું, માટે.

શંકા-પર્યાય તો દ્રવ્યના જ છે, છતાં દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ એવા બે જૂદા નય શા માટે કહ્યા ?

સમાધાન—દ્રવ્ય અને પર્યાય એ બેના સ્વરૂપની વિવક્ષા કરીએ તો કાંઈક ભેદ લાગશે. દ્રવ્ય**ના** પર્યાય,—દ્રવ્ય અને પર્યાય કથંચિત્ અભેદ છતાં, કથંચિત્ ભેદરૂપ હોવાથી દ્રવ્યને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય 'ના' લગાડયો છે. જેમ, **'રાહુનું શિર'**-આમાં રાહુ અને તેનું માથું એ બંને કથંચિત અભિન્ન છતાં, પુનઃ કથંચિત્ ભિન્ન હોવાથી રાહુને છઠ્ઠી વિભક્તિનો 'નું' લગાડયો છે. દ્રવ્ય અને પર્યાયમાં શું ભેદ છે, તે જુઓ, આ પ્રમાણેઃ-પર્યાય છે તે દ્રવ્યથી પણ સૂક્ષ્મ છે, કેમકે એક દ્રવ્યમાં અનંતા પર્યાય સંભવે છે; દ્રવ્ય વૃદ્ધિ પામે તો પર્યાય વૃદ્ધિ પામે જ એવો નિયમ છે; દરેક દ્રવ્યમાં સંખ્યાતા, અસંખ્યાતા પર્યાય છે, એવો નિશ્ચય

( પરિચ્છેદ ) અવધિજ્ઞાન વડે થઈ શકે છે; અને પર્યાય વૃદ્ધિ પામે, ત્યારે દ્રવ્ય વૃદ્ધિની ભજના છે અર્થાત્ તે વૃદ્ધિ પામે કે નહિં. એ અંગે કહ્યું છે કેઃ—

" भयणाए खेत्तकाला परिवड्ढ तेसु दव्वभावेसु ।
दव्वे वड्ढइ भावो भावे दव्वं तु भयणिज्जं ॥ "

અર્થાત્—દ્રવ્ય ભાવની વૃદ્ધિમાં ક્ષેત્ર-કાલની વૃદ્ધિની ભજના છે, અર્થાત્ ક્ષેત્ર-કાલ વૃદ્ધિ પામે કે ન પામે; દ્રવ્યની વૃદ્ધિ થતાં ભાવ વૃદ્ધિ પામે છે; પણ ભાવની વૃદ્ધિમાં તો દ્રવ્યની વૃદ્ધિની ભજના છે, અર્થાત્ ભાવ વૃદ્ધિ પામ્યે સતે દ્રવ્ય વૃદ્ધિ પામે કે ન પામે.

વળી દ્રવ્ય ક્ષેત્રથી પણ અનંતગણું છે, અને દ્રવ્યથી પણ પર્યાયો,-જે અવધિજ્ઞાન વડે જોઈ જાણી શકાય છે,-સંખ્યાતા કે અસંખ્યાતા ગુણા છે. તે અંગે કહ્યું છે કેઃ—

" खित्तविसेसेहिंतो दव्वमणंतगुणियं पएसेहिं ।
दव्वेहिंतो भावो संखगुणोऽसंखगुणिओ वा ॥ "

અર્થાત્—ક્ષેત્ર પ્રદેશથી દ્રવ્ય અનંતગુણું છે; દ્રવ્યથી ભાવ સંખ્યાતગુણો કે અસંખ્યાતગુણો છે. ઇત્યાદિ બધું શ્રી **નન્દિ સૂત્ર**ની ટીકામાં સવિસ્તર કહ્યું છે.

એટલે દ્રવ્ય અને પર્યાયના સ્વરૂપની વિવક્ષા કરતાં તેમાં ભેદ છે, અને તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે જૂદા નય કહ્યા છે; અને તે (દ્રવ્ય અને પર્યાય ) અરસ્પરસ મળે છે, તથાપિ સ્વભાવભેદને લઈ પોતપોતાનો જે પૃથગ્ (ભિન્ન) સ્વભાવ છે તે ત્યજતા નથી. કહ્યું છે કેઃ—

**"अण्णोण्णं पविसंता दिंता ओगास अण्णमण्णस्स ।
मेळंता वि अ णिच्चं सगसगभावं न विजहंति ॥"**

અર્થાત્—દ્રવ્યો અન્યોન્ય પ્રવેશતાં છતાં, અરસ્પરસ અવકાશ આપતાં છતાં, નિત્ય મળતાં છતાં, પોતપોતાનો સ્વભાવ ત્યજતાં નથી.

એનો ( દ્રવ્ય અને પ્રર્યાયનો ) સ્વભાવભેદ આગળ કહીશું, દ્રવ્ય અને પર્યાયના સ્વભાવમાં શું ફેર છે તે આગળ જણાવશું.

શંકા—દ્રવ્ય અને પર્યાયથી વ્યતિરિક્ત (ભિન્ન) એવા સામાન્ય અને વિશેષ છે, તો તે સામાન્ય અને વિશેષના સામાન્યાર્થિક અને વિશેષાર્થિક એવા નય કેમ ન કહ્યા ?

સમાધાન—દ્રવ્ય અને પર્યાયથી ભિન્ન સામાન્ય-વિશેષ છે નહિં, અર્થાત્ એમાં જ એનો અંતર્ભાવ છે, માટે. સામાન્ય-વિશેષ દ્રવ્ય-પર્યાયમાં કેવી રીતે અંતર્ભૂત છે તે બતાવે છે. પ્રસંગોપાત્ત **સામાન્ય** દેખાડે છે:—

સામાન્ય બે પ્રકારનું છે:—(૧) **તિર્યક્ સામાન્ય** અને (૨) **ઊર્ધ્વતા સામાન્ય**. તેમાં પહેલાંનું આ લક્ષણ:—

**+ प्रतिव्यक्ति तुल्या परिणतिस्तिर्यक् सामान्यं, यथा शबलशाबलेयपिंडेषु गोत्वमिति ।**

અર્થાત્—જૂદી જૂદી વ્યક્તિમાં જે તુલ્ય પરિણતિ છે, તે તેઓનું તિર્યક્ સામાન્ય; જેમ—જૂદા જૂદાં શબલ શાબલેય (ગાય આદિ) ના સમૂહમાં તેઓની તુલ્ય પરિણ-

તિરૂપ **ગોત્વ** (ગાયપણું) તિર્યક્ સામાન્ય છે. ઉદાહરણ, તે જ જાતિવાળો ( તુલ્ય પરિણતિરૂપ ગોત્વવાળો) આ ગાયોનો સમૂહ છે; અથવા ગો સદૃશ (ગાયના જેવી ) ગવય.

બીજા સામાન્યનું લક્ષણ:—

**पूर्वापरपरिणामसाधारणद्रव्यमूर्ध्वतासामान्यम्, यथा कटककंकणाद्यनुगामि कांचनमिति ॥**

અર્થાત્—પૂર્વ અને અપર પર્યાય, તેમાં રહેલું જે ( બંનેને ) સાધારણ દ્રવ્ય તે (તેઓનું) **ઊર્ધ્વતા સામાન્ય** કહેવાય. જેમકે—સોનાના પૂર્વ અને અપર પર્યાયરૂપ કડાં અને કંકણ, એ બેમાં રહેલું સાધારણ દ્રવ્ય જે કાંચન તે (બંનેનું) ઊર્ધ્વતા સામાન્ય છે.

( માટી અને સોના આદિના ઘાટરૂપ ) પૂર્વ અને અપર વિવર્ત્ત (પર્યાય) માં વ્યાપેલું માટી, સોનું આદિ દ્રવ્ય તે ઊર્ધ્વતા સામાન્ય; અને આ સામાન્ય ત્રિકાળગામિ (નિત્ય) છે. આ અંગે કહ્યું છે કે:—

**“ पूर्वापरपर्याययोरनुगतमेकं द्रवति तांस्तान् पर्यायान् गच्छतीति व्युत्पत्त्या त्रिकालानुयायी यो वस्त्वंशस्तदूर्ध्वतासामान्यमभिधीयते ॥ ”**

---

+ તાત્પર્ય કે-જૂદી જૂદી વ્યક્તિઓમાં **સાધારણ પર્યાય** તે તિર્યક્ સામાન્ય, અને જૂદા જૂદા પર્યાયોમાં **સાધારણ દ્રવ્ય** તે ઊર્ધ્વતા સામાન્ય. દ્રવ્ય નિત્ય છે, પર્યાય અનિત્ય છે, એટલે ઊર્ધ્વતા સામાન્ય નિત્ય, તિર્યક્ અનિત્ય.

અર્થાત્--પૂર્વાપર પર્યાયોને અનુગત એક (દ્રવ્ય) તે તે પર્યાયોને પામે છે, એવી (દ્રવ્યની) વ્યુત્પત્તિ વડે (જોતાં) ત્રિકાળાનુયાયી જે (તે બધા પર્યાયોમાં રહેલો) વસ્તુ અંશ (દ્રવ્ય) તે **ઊર્ધ્વતા સામાન્ય** કહેવાય છે; ઉદાહરણ, જેમ--કડામાં અને કંકણમાં રહેલું તે (આ) સોનું જ, અથવા તે જ (કે જે મેં પૂર્વે જોયો હતો) આ **જિનદત્ત**. તેમાં **તિર્યક્ સામાન્ય** તો પ્રતિવ્યક્તિ સાદૃશ્યપરિણતિલક્ષણ હોઇ **વ્યંજનપર્યાય** જ છે; વ્યંજનપર્યાય સ્થૂલ, કાલાંતરસ્થાયી, અને શબ્દોના સંકેતના વિષય છે, આવું પ્રાવચનિકોનું (આચાર્યોનું) કહેવું છે. અને **ઊર્ધ્વતા સામાન્ય** તો **દ્રવ્ય** જ છે એવી વિવક્ષા કરી; અને વિશેષ પણ સામાન્ય વિસદૃશ વિવર્ત્ત લક્ષણ વ્યક્તિરૂપ પર્યાયમાં જ અંતર્ભૂત છે. એટલે દ્રવ્યાર્થિક+ અને પર્યાયાર્થિક એ બે વિના અધિક નયોનો અવકાશ નથી.

પઠ હઠીસિંહની વાડી, અમદાવાદ

+ તાત્પર્ય કે—વિશેષનો પર્યાયમાં અંતર્ભાવ થાય છે, એટલે એ પર્યાયાર્થિકમાં આવ્યો. સામાન્યના બે ભેદ: તેમાં (૧) તિર્યક્ સામાન્ય એ વ્યંજનપર્યાય હોવાથી તેનો પણ પર્યાયાર્થિકમાં અંતર્ભાવ. અને ઊર્ધ્વતા સામાન્ય તો દ્રવ્ય જ છે. એટલે તેનો દ્રવ્યાર્થિકમાં અંતર્ભાવ. એટલે સામાન્યાર્થ અને વિશેષાર્થ એવા જૂદા નયની જરૂર નથી, એમ બતાવ્યું.

# સાત નય

## હવે સાત નયની સંખ્યા કહે છે:—

૧. પ્રથમ **દ્રવ્યાર્થિક** નય, તેના ત્રણ ભેદ—(૧) નૈગમ નય, (૨) સંગ્રહ નય, (૩) વ્યવહાર નય.

૨. બીજો **પર્યાયાર્થિક** નય, તેના ચાર ભેદ:—(૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત.

એ બંને (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક) ના ભેદનો સંગ્રહ કરીએ, તો સાત જ નય થશે. શ્રી **પ્રવચન સારોદ્ધાર**ની વૃત્તિમાં પાંચ, ચાર જ, તેમ છ પણ મૂળ નય કહ્યા છે. તે સવિસ્તર આગળ બતાવશે.

## સાતે નયની નિર્યુક્તિ (વ્યુત્પત્તિ)

**નૈગમની** વ્યુત્પત્તિ શ્રી **અનુયોગદ્વાર** તથા તેની ટીકા આદિમાં પ્રકાશેલ છે તે મુજબ:—

૧ "**णेगेहिं माणेहिं मिणइत्ति णेगमस्स य निरुत्ती ।**
**सेसाणं पि णयाणं लक्खणमिणमो सुणह वोच्छं ॥**"

અર્થાત્—અનેક પ્રમાણ ( સામાન્ય-વિશેષ જ્ઞાનાદિ ) વડે જે નય માપે ( ગ્રહે, વસ્તુનો નિશ્ચય કરે ) તે નૈગમ. આ નૈગમની વ્યુત્પત્તિ છે. બીજા નયોનું લક્ષણ પણ આ પ્રમાણે કહીશું. (૧)

**સંગ્રહ અને વ્યવહાર**ની નિર્યુક્તિ—

---

૧, नैकैर्मानैर्मिनोतीति नैगमः ।

" संगहियपिंडियत्थं संगहवयणं समासओ बिंति ।
वच्चति (इ) विणिच्छिय (च्छ) यत्थं ववहारो सव्वदव्वेसु ॥२॥"

અર્થાત્—**संगहिय (संगृहीत)** સમ્યક્ પ્રકારે ગ્રહણ કરેલ, જે **पिंडियत्थं (पिंडितार्थं)** એક પિંડ (સમૂહ, જાતિ) રૂપ થયેલો અર્થ વિષય (પદાર્થ, દ્રવ્ય), તે **संगहवयणं (संग्रहवचनं)**: સંગ્રહનયનું વાક્ય **समासओ ( समासतः )** સંક્ષેપે **बिंति (वदंति)** કહે છે. કોણ? તો કે શ્રી તીર્થંકરાદિ. અર્થાત્—સંગૃહીત એક જાતિરૂપ જે અર્થ તે **સંગ્રહ.**

**वच्चइ (वर्त्तते)** વર્તે છે, શા માટે ? તો કે **विणिच्छियत्थं (विनिश्चयार्थं)** વિનિશ્ચયને માટે; વિનિશ્ચય એટલે શું ? તો કે (वि+निः+चयः; वि=विगतो (જતો રહ્યો છે), **निश्चयो**=પિંડ રૂપ સામાન્ય, **यस्मात** જેમાંથી તે **विनिश्चय. निः=आधिक्येन,** અધિકપણે. **चय**=પિંડ, સામાન્ય. અર્થાત્ 'સામાન્ય' જેમાંથી જતો રહ્યો છે, એવા અર્થમાં અર્થાત્ વિશેષરૂપ અર્થમાં જે વર્તે, તે **વ્યવહાર**—સર્વ દ્રવ્યમાં.

## ઋજુસૂત્ર અને શબ્દનયની નિર્યુક્તિ—

"पच्चुप्पन्नगाही ऊज्जुसुओ णयविही मुणेयव्वो ।
इच्छति विसेसियतरं पच्चप्पन्नं नओ सद्दो ॥३॥ "

અર્થાત્–પ્રત્યુત્પન્નગ્રાહી–વર્તમાનને ગ્રહણ કરનારો તે તે **ઋજુસૂત્ર** નયવિધિ જાણવો; આ પ્રત્યુત્પન્નને–વર્તમાનને વધારે વિશેષિતપણે ( વિશેષ ભેદથી ) ઇચ્છે છે તે **શબ્દ** નય છે

**સમભિરૂઢ અને એવંભૂતની નિર્યુક્તિ--**

**" वत्थुओ संकमणं होइ अवत्थु णए समभिरूढे।**
**वंजण-अत्थ-तदुभए एवंभूओ विसेसेति ॥४॥ "**

અર્થાત્-વસ્તુ થકી સંક્રમણ તે **સમભિરૂઢ** નય મતે અવસ્તુ છે; વ્યંજન, અર્થ અને તદુભયનો વિશેષ કરે-ભેદ પાડે તે **એવંભૂત** છે.

**" नायंमि गिण्हियव्वे, अगिण्हियव्वे य इत्थ अत्थंमि।**
**जइयव्वमेव इइ जो उवएसो सो नओ नाम ॥५॥ "**

અર્થાત્-આ બાબતમાં ગ્રહણ કરવા યોગ્ય અને નહિ ગ્રહણ કરવા યોગ્ય દૃષ્ટાંત પરત્વે યત્ન કરવા યોગ્ય જ છે, એવો જે ઉપદેશ તેનું નામ 'નય' છે.

તેમાં (૧) **નૈગમ દ્રવ્યાર્થિક** નય ધર્મ-ધર્મી, દ્રવ્ય -પર્યાય આદિના પ્રધાન-અપ્રધાનપણે ગ્રહણ કરેલ વસ્તુનો સમૂહાર્થ (**પિંડિતાર્થ**) કહે છે.+

(૨) **સંગ્રહ દ્રવ્યાર્થિક** તો અભેદરૂપે કરી વસ્તુના સમૂહને (વસ્તુજાતને) એકીભાવે ગ્રહણ કરે છે. અને-

---

+ **धर्मयो धर्मिणो धर्मधर्मिणोश्च प्रधानोपसर्जनारोपसंकल्पांशादिभावेनानेकगमग्रहणात्मको नैगमः।—સ્યાદ્વાદ રત્નાકર.**

**આને** નય કેમ કહ્યો ? બે પક્ષમાંથી એકની ગૌણતા અને બીજાની પ્રધાનતા ગ્રહણ **કરવાથી** જ્ઞાન થયું, માટે નય.

**पर्याययो द्रव्य योः पर्यायद्रव्ययोश्च मुख्यामुख्यरूपतया विवक्षणपरः नैगमः।—જૈન તર્કભાષા, નય પરિચ્છેદ.**

(૩) **વ્યવહાર દ્રવ્યાર્થિક નય, સંગ્રહે** ગ્રહણ કરેલ જે અર્થ તેના ભેદરૂપે વસ્તુનો વ્યવહાર કરે છે.

**નૈગમ** અને **વ્યવહાર** અશુદ્ધ દ્રવ્યને કહેતા હોવાથી અશુદ્ધ છે, અને સંગ્રહ શુદ્ધ દ્રવ્યાર્થિક હોવાથી શુદ્ધ છે. એ અંગે શ્રી **અનુયોગદ્વારની** વૃત્તિમાં કહ્યું છે કે:—

**"नैगमव्यवहाररूपोऽविशुद्धः, कथं यतः नैगमव्यवहारौ अनन्तद्व्यणुकाद्यनेकव्यक्त्यात्मकं कृष्णाद्यनेकगुणाधारं त्रिकालविषयं चाविशुद्धं द्रव्यमिच्छतः, संग्रहश्च परमाण्वादि सामान्यादेकं तिरोभूतगुण कलापमविद्यमानपूर्वापरविभागं नित्यं सामान्य मेव द्रव्यमिच्छत्येव, तच्च किलानेकताभ्युपगमकलंकेनाऽकलंकित्वात्छुध्धं, ततः शुद्धद्रव्याभ्युपगमपरत्वात्छुद्धमेवायमिति।"**

અર્થાત્—**નૈગમ** અને **વ્યવહાર** નય અવિશુદ્ધ છે, કેમકે તે બંને અનંત દ્વયણુકાદિરૂપ, અનેક વ્યક્તિરૂપ, કૃષ્ણાદિ અનેક ગુણઆધારરૂપ અને ત્રિકાલવિષય એવા અશુદ્ધ દ્રવ્યને માને છે (ઈચ્છે છે.) અને **સંગ્રહ** પરમાણુ આદિ સામાન્યમાંથી જેનો ગુણસમૂહ તિરોભૂત (અપ્રકટ) છે એવું, અને જેના પૂર્વાપર વિભાગ (પર્યાય) અવિદ્યમાન છે એવું, નિત્ય સામાન્ય જ દ્રવ્ય માને છે; અને આ નિત્ય સામાન્ય દ્રવ્ય અનેકતાના પ્રસંગરૂપ કલંકથી રહિત હોવાથી ખચીત શુદ્ધ છે, અને એવા શુદ્ધ દ્રવ્યના અભ્યુપગમ પરત્વે **આ સંગ્રહ નય શુદ્ધ** જ છે.

# ૧. દ્રવ્યાર્થિક નયના નૈગમાદિ ત્રણ ભેદ

## (૧.) નૈગમ નય

### હવે નૈગમ નયની પ્રરૂપણા કરે છે:—

નૈગમનો વ્યુત્પત્ત્યર્થ—"**नैके गमा बोधमार्गा यस्यासौ नैगमः।**" અર્થાત્ "**નથી એક જેને ગમ (બોધ માર્ગ) તે નૈગમ**" નય કહેવાય. (અહિં '**નૈકગમ**'માંથી 'ક' નો 'પૃષોદરાદિત્વ'ને લઇ લોપ થયો છે, એટલે "નૈગમ" રહ્યું.)

આ **નૈગમ** નયના ત્રણ ભેદ છે:—(૧) ધર્મદ્વયગોચર નૈગમનય, (૩) ધર્મીદ્વયગોચર નૈ૦ નય (૩) ધર્મ–ધર્મીગોચર નૈ૦ નય.

અહીંઆ 'ધર્મી' એટલે દ્રવ્ય, અને ધર્મ એટલે વ્યંજનપર્યાય સમજવો.

પ્રથમ ભેદનું (ધર્મદ્વય ગ્રહણ કરનાર નૈગમનું) ઉદાહરણ:— '**सत् चैतन्यमात्मनि**' આત્મામાં સત્ ચૈતન્ય ધર્મ છે. અહિંઆ આત્મા દ્રવ્યના બે ધર્મનું (વ્યંજન પર્યાય) કથન કર્યું:–(૧) ચૈતન્ય અને (૨) સત; તેમાં **ચૈતન્ય** નામનો વ્યંજનપર્યાય વિશેષ્યરૂપે હોવાથી મુખ્ય છે; સત્ નામનો વ્યંજન પર્યાય વિશેષણરૂપે હોવાથી અમુખ્ય (ગૌણ) છે. આમ એક ધર્મના પ્રધાનપણા અને બીજાના ધર્મના અપ્રધાનપણાએ વસ્તુનો પિંડિતાર્થ કહેવારૂપ નૈગમ નયનો આ પ્રથમ ભેદ થયો.

(૨) **નૈગમ**ના બીજા ભેદનું ઉદાહરણ:—'**वस्तुपर्यायवद् द्रव्यं**' અર્થાત્ "વસ્તુ-પર્યાયવાળું એ દ્રવ્ય." અહીંઆ દ્રવ્યનું બે ધર્મી વડે કથન કર્યું: (૧) દ્રવ્ય, (૨) વસ્તુ પર્યાયવત્. તેમાં દ્રવ્ય નામનો ધર્મી વિશેષ્યરૂપે હોવાથી મુખ્ય છે, અને 'વસ્તુ' નામનો ધર્મી વિશેષણરૂપે હોવાથી તે અમુખ્ય છે. આમ એક ધર્મી (દ્રવ્ય) ના પ્રધાનપણા અને બીજા ધર્મીના ગૌણપણાએ વસ્તુનો સમૂહાર્થ કહેવા રૂપ નૈગમ નયનો આ બીજો ભેદ થયો.

(૩) **નૈગમ**ના ત્રીજા ભેદનું ઉદાહરણ:—'**क्षणमेकं सुखी विषयासक्तजीवः**'—અર્થાત્ 'વિષયાસક્ત જીવ એક ક્ષણ સુખી છે.' અહીંઆ વસ્તુનું ધર્મ અને ધર્મી વડે કથન કર્યું:— (૧) વિષયાસક્ત જીવ (ધર્મી) અને (૨) સુખી (ધર્મ.). તેમાં વિષયાસક્ત જીવ દ્રવ્ય (ધર્મી) વિશેષ્ય હોવાથી તેનું પ્રાધાન્ય છે, અને 'સુખી' વ્યંજનપર્યાય (ધર્મ) વિશેષણ હોવાથી તેનું અપ્રાધાન્ય છે. આમ ધર્મીની મુખ્યતા અને ધર્મની ગૌણતાએ વસ્તુનો સમૂહાર્થ કહેવારૂપ નૈગમ નયનો આ ત્રીજો ભેદ થયો.

## નૈગમનો બીજો અર્થ.

અથવા '**निगमो विकल्पस्तत्र भवो नैगमः।**' અર્થાત્ નિગમ એટલે વિકલ્પ, તેમાં જે હોય તે **નૈગમ.** આના ત્રણ ભેદ છે:-(૧) ભૂત નૈગમ, (૨) ભવિષ્યત્ નૈગમ, (૩) વર્ત્તમાન નૈગમ.

તેમાં (૧) અતીતમાં વર્ત્તમાનનું આરોપણ કરવું, તે **ભૂત નૈગમ.** જેમકે–આજે દિવાળી પર્વને દિવસે શ્રી **વર્દ્ધ-માન** સ્વામી મોક્ષે પધાર્યા.

(૨) જે હજી થવાનું, તેનું થઇ ગયા રૂપે કહેવું, તે **ભાવિ નૈગમ.** જેમકે–અર્હંત[૧] સિદ્ધ થયા જ.

(૩) કરવા માંડેલી વસ્તુ હજી થોડી થઇ છે, પૂર્ણ નથી થઇ, ત્યાં કહેવું કે વસ્તુ થઇ, એ **વર્ત્તમાન ગમ.** જેમકે—'ઓદન' રંધાય છે, અથવા 'ભાત' રંધાય છે.+

નૈગમ નય વડે ધર્મ (પર્યાય) અને ધર્મી (દ્રવ્ય) એ બેમાંથી એકનાં જ (બંનેનાં નહિં) પ્રાધાન્યનો બોધ થાય છે; અને પ્રમાણ વડે એ બંનેની મુખ્યતાએ એ બંનેનો પિંડિતાર્થરૂપ બોધ થાય છે એમ સમજવું.+

---

૧. અરિહંત તેરમે ગુણસ્થાનકે વર્તતા જીવન્મુક્ત કેવલી દેહા-તીત નથી થયા, તથાપિ થવાના છે, તે થયારૂપે કહેવું.

+ 'ઓદન' એટલે રાંધેલા ચોખા; અને 'ભાત' એટલે પણ રાંધેલા ચોખા. ચોખા રાંધવા માટે ચૂલે ચડાવ્યા છે, તે રંધાયા નથી, છતાં તેમાં 'ઓદન' 'ભાત' (રાંધેલા ચોખા) નું આરોપણ કર્યું, તે વર્ત્તમાન નૈગમ.

+ તાત્પર્ય કે–વસ્તુના ધર્મ–ધર્મીરૂપ અંશોમાંથી એક અમુકની મુખ્યતા અને ઇતર અંશની ગૌણતાએ બોધ થાય તે **નય** કહેવાય; બધા અંશોની મુખ્યતાએ બોધ થાય તે **પ્રમાણ** કહેવાય; અને બીજા બધા અંશોના નિષેધપૂર્વક એક અમુક જ અંશનો બોધ થાય તે **દુર્નય** કહેવાય. e. g. '**सत् चैतन्यं आत्मनि**' આત્મામાં સત

*હવે **નૈગમાભાસનું નિરૂપણ** કરે છે.

ધર્મદ્વયને, અથવા ધર્મીદ્વયને અથવા ધર્મ-ધર્મીને એકાંત પૃથક્ પૃથક્ માને, તે **નૈગમાભાસ.** ઉદાહરણ:- જેમકે—' आत्मनि सत् चैतन्ये परस्परमत्यंतं पृथग्भूते । ' ' આત્મામાં સત્ત્વ અને ચૈતન્ય એ પરસ્પર અત્યંત ભિન્ન છે. ' આમાં ધર્મદ્વયને પરસ્પર એકાંત પૃથક્ માનવારૂપ **ધર્મદ્વય નૈગમાભાસ** થયો. તેમજ 'वस्तुपर्यायवद् द्रव्यं ' —એમાં ધર્મીદ્વયને પરસ્પર એકાંત પૃથક્ માનવાથી **ધર્મીદ્વય નૈગમાભાસ** થાય; તેમ જ "क्षणमेकं सुखी विषयासक्त

---

ચૈતન્ય છે. આમાં આત્માનો **ચૈતન્ય** અંશની મુખ્યતાએ અને સત્ત્વ અંશની ગૌણતાએ બોધ થાય છે, માટે આ વાક્ય **નય વાક્ય છે.** આમાં **ચૈતન્ય**ને મુખ્ય લીધો છે, પણ **સત્ત્વ**નો નિષેધ નથી; તેમજ એમ કહ્યું હોત કે '**सत्त्वं चैतन्यं ज्ञानिदृष्टेतरानंतधर्माश्च आत्मनि**' —આત્મામાં સત્ત્વ, ચૈતન્ય અને જ્ઞાનિગમ્ય બીજા અનંત ધર્મ છે; આમાં સત્ત્વ આદિ બધા ધર્મના તેના પ્રાધાન્યપૂર્વક બોધ હોવાથી એ **પ્રમાણ વાક્ય છે.** પણ એમ કહ્યું હોય કે **चैतन्यमेवात्मनि** આત્મામાં ચૈતન્ય **જ** છે, બીજા ધર્મ નથી, તો આ એકાંતરૂપ હોઈ **દુર્નય વાક્ય** છે. આત્મામાં **ચૈતન્ય** છે એ સાચું, માટે **નય,** પણ બીજા ધર્મ અંશ નથી જ એમ કહેલું, માટે નય પૂર્વે 'દુ' ઉમેર્યો.

* **"तत्र द्रव्यमात्रग्राही पर्यायप्रतिपक्षी द्रव्यार्थिकाभासः । पर्यायमात्रग्राही द्रव्यप्रतिपक्षी पर्यायार्थिकाभासः । धर्मिधर्मादीनामेकांतिकपार्थक्याभिसंधि नैगमाभासः यथा नैयायिकवैशेषिकदर्शने । "—જૈન તર્કભાષા—શ્રીમદ્ ય૦ ઉ૦**

અર્થ—તેમાં દ્રવ્યને જ ગ્રહણ કરી પર્યાયનો પ્રતિક્ષેપ (નિષેધ-અપલાપ) કરનાર દ્રવ્યાર્થિકાભાસ. ઇત્યાદિ.

**જીવઃ** "—એમાં દ્રવ્ય અને પર્યાયને અરસપરસ એકાંત ભિન્ન માનવાથી **ધર્મ-ધર્મી નૈગમાભાસ** થાય.++

**નૈયાયિક-વૈશેષિક** દર્શન પણ નૈગમાભાસી છે=.

દ્રવ્યાર્થિકનો આ પ્રથમ ભેદ થયો.[૧]

---

++ તાત્પર્ય કે-વસ્તુમાં ધર્મ અનેક છે, તે એકાંત માને, પણ એક બીજાને સાપેક્ષ ન માને, અર્થાત્ એક ધર્મને માને, બીજાને ન માને તે **નૈગમાભાસ.**

= **વૈશેષિક** (૧) દ્રવ્ય (૨) ગુણ (૩) કર્મ (૪) સામાન્ય (૫) વિશેષ (૬) સમવાય અને (૭) અભાવ,—એ સાત પદાર્થ માને છે. આમાં (ગુણી-ધર્મી) દ્રવ્ય અને ગુણ (ધર્મ) ને એકાંત ભિન્ન પદાર્થ માન્યા છે. દ્રવ્ય અને ગુણ માને છે, એટલે ઉપરથી નયગ્રાહી જણાય છે, પણ તેને પરસ્પર એકાંત ભિન્ન માને છે, માટે એ **નૈગમ નયાભાસ** છે; આના સવિસ્તર સ્વરૂપ માટે **સ્યાદ્વાદ મંજરી, ષડ્દર્શન સમુચ્ચય** આદિ જોવા યોગ્ય છે.

**નૈયાયિક** સંશય, પ્રમેય આદિ સોળ પદાર્થ માને છે, તેમાં પ્રમેય જે **દ્રવ્ય** વસ્તુનો સ્વભાવ છે, તેને દ્રવ્યથી એકાંત ભિન્ન માને છે, એટલે એ પણ નૈ. ન આ.

૧. આ નય અંશગ્રાહી છે.

# (૨) સંગ્રહ નય

હવે **દ્રવ્યાર્થિકના** બીજા ભેદ **સંગ્રહ** નયનું વર્ણન કરે છે:—

'**सामान्यमात्रग्राही परामर्शः संग्रहः**'। સામાન્યને જ ગ્રહણ કરનાર જે પરામર્શ (બોધ) તે સંગ્રહ નય. '**सामान्यमात्र**' એમાં 'માત્ર' સંપૂર્ણતા અને અવધારણ સૂચવે છે. અશેષ વિશેષ રહિત 'સત્ત્વ' 'દ્રવ્યત્વ' 'કર્મત્વ' આદિ ગ્રહણ કરવાનું છે શીલ જેનું, તે સંગ્રહ. અર્થાત્ વિશેષ રાશિને સમગ્ર એકભાવે કરી એક સમૂહરૂપે ગ્રહણ કરે તે સામાન્ય. તાત્પર્ય કે—

'**स्वजाते र्दृष्टेष्टाभ्यामविरोधेन विशेषाणामेकरूपतया यद्ग्रहणं स संग्रहः।**'*

અર્થાત્—સ્વજાતિને દૃષ્ટેષ્ટથી+ અવિરુદ્ધપણે વિશેષનું એકરૂપપણે ગ્રહણ કરવું, તે સં૦ ન૦.

જેમાં સામાન્ય અને વિશેષ પિંડીભૂત છે એવા++

---

* **एकत्वेन विशेषाणां ग्रहणं संग्रहो नयः।**
**स्वजातेरविरोधेन दृष्टेष्टाभ्यां कथंचन** "॥૬૯॥
**–'નય' વિવરણ.**

+ દૃષ્ટ (પ્રત્યક્ષ), ઈષ્ટ (પરોક્ષ, શાસ્ત્ર, આગમ. અનુમાન, લોકવ્યવહાર).

++ **વિશેષ રહિત** વસ્તુ એટલે જેમાં સામાન્ય પ્રધાનપણે છે અને વિશેષ ગૌણપણે છે, એવો સામાન્ય-વિશેષનો એક સમૂહરૂપ

વિશેષ રહિત શુદ્ધ વસ્તુનો અનુભવ કરતો જે જ્ઞાનવિશેષ, તે સંગ્રહતા વડે કરી કહેવાય છે. આ સંગ્રહના બે ભેદ છેઃ—(૧) પર સંગ્રહ અને (૨) અપર સંગ્રહ.

= **પરસંગ્રહનું લક્ષણ**—સંપૂર્ણ વિશેષોમાં ઉદાસીનતા ભજતો **સત્તા**માત્ર શુદ્ધ દ્રવ્યને જે માને, તે **પર સંગ્રહ.** જેમકે વિશ્વ એક છે,—અભેદપણે સત્ હોવાથી. અહીંઆ 'સત્' એ જ્ઞાનરૂપ સામાન્ય હેતુજનિત 'સત્તા'ના અભેદને લઇને વિશ્વની એકરૂપતા ગ્રહણ કરી.

**પરસંગ્રહાભાસ લક્ષણ**—વિશેષમાત્રનો નિષેધ કરી સત્તાદ્વૈત (સત્તા સિવાય બીજું કાંઇ નહિં, એકાંત સત્તા સામાન્ય) ને સ્વીકારનાર તે પર સંગ્રહાભાસ. - જેમકે 'સત્તા' માત્ર જ તત્ત્વ છે ( બીજું કાંઇ તત્ત્વ જ નથી), સત્તાથી અલગ એવા વિશેષો નહીં દેખાતા હોવાથી. એમ માનનારા બધાં **અદ્વૈત-**

---

થયેલ અર્થ. કારણ કે નહિં તો '**निर्विशेषं हि सामान्यं भवेत् खरविषाणवत् ॥**'

=આ **મહા સામાન્ય** પણ કહેવાય છે, મહાસામાન્ય એક જ **છે, અને** જે 'સત્ત્વ' ( વસ્તુનું હોવાપણું ) તે છે. વસ્તુ **હોય** (સદ્રૂપ હોય) તો પછી તેનાં 'નાસ્તિત્વ', 'દ્રવ્યત્વ', 'પ્રમેયત્વ' 'ગુણત્વ' 'કર્મત્વ' એ આદિરૂપ બીજાં અપર અથવા **અવાંતર સામાન્ય** થાય. અથવા—

સત્ ( સત્ત્વ એક હોવાથી મહાસામાન્ય )

દ્રવ્યત્વ | ગુણત્વ | પ્રમેયત્વ | પર્યાયત્વ | સ્વભાવત્વ | વસ્તુત્વ

( અવાંતર સામાન્ય ). ઇત્યાદિ.

**વાદી દર્શનો** પર સંગ્રહાભાસ જાણવા.+

× **અપરસંગ્રહનું લક્ષણ**—દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ, પર્યાયત્વ આદિ અવાન્તર સામાન્યને માને, અને તેના ભેદમાં ઉદાસીનતા (ગજનિમીલિકા—આંખ મિંચામણા) નું આલંબન કરે છે, તે **અપરસંગ્રહ**. જેમકે ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવનું દ્રવ્યપણાની અભેદતાને લઇને ઐકય માનવું તે. અહિંઆ ( જીવાદિ પ્રત્યેક દ્રવ્યમાં ) દ્રવ્યત્વ સામાન્ય હોવાથી અભેદપણે એ છએનું ઐકય ગ્રહણ થાય છે; અને ધર્મ, ગુણ, સ્વભાવ આદિ જે વિશેષ ભેદ તેમાં ગજનિમીલિકાની જેમ ઉપેક્ષા (આંખ મીંચામણા) થાય છે. તેવી જ રીતે ચૈતન્ય અને અચૈતન્યનું પણ પર્યાયોની અપેક્ષાએ પણ ઐકય ઘટે, કેમકે તેમાં **પર્યાયત્વનું** સાધર્મ્ય છે. ( પર્યાયપણું બન્નેમાં—ચેતનમાં તેમજ અચેતનમાં રહેલું છે.)

શંકા—ચૈતન્ય એટલે તો જ્ઞાન, કહ્યું છે કે :—

“ **चैतन्यमनुभूतिः स्यात् सत्क्रियारूपमेव च ।**
**क्रिया मनोवचःकायै रन्विता वर्त्तते ध्रुवम् ॥** ”

અર્થાત્—ચૈતન્ય છે તે અનુભૂતિ છે, અને તે સત્ક્રિયા-

---

+ દ્રવ્યનું ‘ સત્ત્વ ’ અંગીકાર કરતા હોવાથી **આ** દર્શનો **નય** લાગે છે, પણ એકાંત સત્ત્વ, સત્ત્વ વ્યતિરિક્ત બીજું કાંઈજ નહિં, એમ માનતાં હોવાથી **કુનય** અથવા **નયાભાસ** છે. આમાં વેદાંતિઓ, સાંખ્યો આવી જાય છે. આના વિશેષ સ્વરૂપ માટે **સ્યા. મં.** જોવા યોગ્ય છે.

× અથવા **અવાંતર સામાન્ય.**

રૂપ છે; અને એ ક્રિયા નિશ્ચયે મન વચન કાયાને અનુગત થઇ વર્તે છે. તાત્પર્ય કે ચૈતન્ય તે અનુભવ છે, અચૈતન્ય તે એથી વિપરીત અનનુભવ છે, તો પછી તેઓનું ઐક્ય કેમ ઘટે ?

સમાધાન—તેઓમાં રહેલા જે વિશેષ ( ગુણ, ધર્મ, સ્વભાવ ) તેની વિવક્ષાની ઉપેક્ષા કરીએ, અને તેઓમાં અભેદપણે રહેલું જે દ્રવ્યત્વ ( સામાન્ય ) તેની જ અપેક્ષા કરીએ તો તેઓનું ઐક્ય ઘટી શકે.

**અપર સંગ્રહાભાસનું લક્ષણ**—દ્રવ્યત્વ, ગુણત્વ આદિને જ એકાંત માને, અને તેના જે વિશેષ તેનો નિષેધ કરે, તે **અપર સંગ્રહાભાસ**. જેમકે:—‘ **દ્રવ્યત્વ** એ જ તત્ત્વ છે ’ ( અર્થાત્ દ્રવ્યમાં રહેલા ગુણ આદિ તત્ત્વ નથી ) એમ માનવું તે. આમાં તેના ધર્મ, ગુણ, સ્વભાવાદિ વિશેષ અર્થ તે તત્ત્વ નથી, એવો નિષેધ થયો. કેવી રીતે અપહ્નવ ( નિષેધ ) થયો ? જુઓ આમ:-વસ્તુ છે ( અર્થાત્ સામાન્ય-પણે ), પણ સામાન્ય-વિશેષ ઉભયપણે નથી, એ કહેવારૂપે નિષેધ થયો. એ જ પ્રકારે સામાન્ય-વિશેષાત્મક વસ્તુનું સમજી લેવું.

અથવા સંગ્રહ બીજી રીતે બે પ્રકારનો છે:—(૧)+

+ આમાં ‘**દ્રવ્યત્વ**’ એ **સામાન્યરૂપે ધર્મ, અધર્મ, આકાશાદિ બધાં દ્રવ્યોનો** સંગ્રહ કર્યો, માટે **સામાન્ય સંગ્રહ**.

**સામાન્ય સંગ્રહ**. જેમકે, બધાં દ્રવ્ય પરસ્પર અવિરોધી છે, અને બીજો++ (૨) **વિશેષ સંગ્રહ**, જેમકે–બધા જીવો પરસ્પર અવિરોધી છે. દ્રવ્યાર્થિકનો આ બીજો ભેદ થયો.[1]

—o—

# (૩) વ્યવહાર નય

* '**संग्रहेण गृहीतानां गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं येनाभिसंधिना क्रियते स व्यवहारः।**' અર્થાત્— સત્ત્વાદિ ( દ્રવ્યત્વાદિ ) જે સંગ્રહે ગ્રહેલ પિંડિતાર્થ, તેનું વિધિપૂર્વક જે વિવેચન કરે, તેની વિધિપૂર્વક જે વ્હેંચણ કરે, તે તે **વ્યવહાર નય** કહેવાય છે. ઉદાહરણ– 'જે સત

---

++ આમાં દ્રવ્યત્વના વિશેષરૂપ જીવોનો સંગ્રહ કર્યો, માટે **વિશેષ સંગ્રહ**. અથવા—

દ્રવ્ય —( દ્રવ્યપણે સામાન્ય સંગ્રહ )

જીવ (દ્રવ્યત્વની અપેક્ષાએ વિશેષ.) | અજીવ (દ્રવ્યત્વની અપેક્ષાએ વિશેષ.) | ઇત્યાદિ—

**૧. આ નય સત્તાગ્રાહી છે.**

* c/o "**संग्रहेण गृहीतानामर्थानां विधिपूर्वकः।**
**व्यवहारो भवेद्यस्माद्व्यवहार नयस्तु सः॥**"

—તત્ત્વાર્થસાર પીઠિકા, ૪૬

છે, તે દ્રવ્ય છે, અથવા પર્યાય છે.'++

અપર સંગ્રહે ગ્રહણ કરેલ અર્થની વિધિપૂર્વક વ્હેંચણ કરવારૂપ વ્યવહારના ઉદાહરણ[8] પણ '**सत्त्वाद्यर्थ**' એમાં '**आदि**' એટલે **द्रव्यत्वपर्यायत्वादि**થી જાણવું. જેમકે- (૧) દ્રવ્ય જીવ, પુદ્ગલ આદિ છ પ્રકારનું છે. (૨) પર્યાય ક્રમભાવી અને સહભાવી એમ બે પ્રકારના છે. તેમજ (૩) જીવ મુકત અને સંસારી એમ બે પ્રકારના છે. (૪) ક્રમભાવિ પર્યાય સક્રિય અને અક્રિય એમ બે પ્રકારના છે.

**વ્યવહારાભાસનું લક્ષણ:—**

જે અપારમાર્થિક દ્રવ્ય-પર્યાયના વિભાગને ગ્રહણ કરે, તે **વ્યવહારાભાસ**. જેમકે-**ચાર્વાક દર્શન**. નાસ્તિક (ચાર્વાક) જીવ દ્રવ્યાદિ નથી માનતા; ભૂત ચતુષ્ટય (પૃથ્વી, પાણી, તેજ, વાયુ) અર્થાત્ સ્થૂલ દૃષ્ટિએ (ચર્મ ચક્ષુએ)

---

++અહીંઆ 'સત્' એ પરસંગ્રહે ગ્રહણ કરેલ પિંડિતાર્થ છે; તેની વિધિપૂર્વક વ્હેંચણી કરતાં—

સત્

દ્રવ્ય | પ્રમેય | ગુણ | પર્યાય | સ્વભાવ | ઈત્યાદિ

આ પર સંગ્રહે ગ્રહણ કરેલ અર્થની વ્હેંચણીરૂપ વ્યવહાર નય થયો.

8 આ ઉદાહરણોમાં 'દ્રવ્યત્વ' 'પર્યાયત્વ' 'જીવત્વ' '**ક્રમ**-ભાવિ-પર્યાયત્વ' એ અપર સંગ્રહે ગ્રહણ કરેલ પિંડિતાર્થ છે, તેની તે તે ઉદાહરણોમાં જણાવ્યા મુજબ વિધિપૂર્વક વ્હેંચણી કરવારૂપ વ્યવહાર થયો.

જેટલું દેખાય તેટલું દ્રવ્ય એમ એ માને છે; પણ સ્વકલ્પનાએ તેઓએ દ્રવ્યની જે વ્હેંચણી કરી છે, તે વિતથ છે, યથાતથ્ય નથી, માટે તેઓ વ્યવહારાભાસ છે.+

વ્યવહાર નયનું કેટલુંક સ્વરૂપ ગ્રંથાંતરથી લખે છે :— "**भेदोपचारतया वस्तु व्यवह्रियत इति व्य०** "।— ભેદના ઉપચારે કરીને વસ્તુની વ્હેંચણી કરવી તે **વ્યવહાર.**

(૧) **સદ્‌ભૂત વ્યવહાર**:—ગુણ-ગુણી, દ્રવ્ય-પર્યાય, સંજ્ઞા-સંજ્ઞી, સ્વભાવ-સ્વભાવવત્, કારક-કારકી, ક્રિયા-ક્રિયાવત્, એના ભેદથી ભેદનું જે કથન કરે તે.

(૨) **શુદ્ધ સદ્‌ભૂત** વ્ય૦:—શુદ્ધ ગુણ-ગુણી, શુદ્ધ દ્રવ્ય પર્યાય, એના ભેદનું કથન કરે તે. × ( જેમકે--આત્માનું કેવળ જ્ઞાન ).[૧]

(૩) **ઉપચરિત સદ્**૦ વ્ય૦:—ઉપાધિ સહિત (કર્મોપાધિવાળાં) જે ગુણ-ગુણી, તેમાં ભેદનું[૨] કથન કરે તે. જેમકે-જીવના મતિજ્ઞાનાદિ ગુણ છે.

---

+ નાસ્તિક પ્રત્યક્ષ–પરોક્ષ પ્રમાણ સિદ્ધ એવા જીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નર્ક આદિને નથી માનતા. **લોકપ્રત્યક્ષથી** જીવપણું દષ્ટિ-ગોચર નથી, માટે જીવ નથી માનતા ; અને સ્વકલ્પનાએ સ્થૂલ દૃષ્ટિએ લોકોને કુમાર્ગે પ્રવર્તાવે છે.

૧. અહીંઆ ગુણી ( આત્મા ) અને ગુણ (જ્ઞાન) બંને શુદ્ધ છે; પણ 'આત્માનો' એમ છઠ્ઠી વિભક્તિ લગાડી ગુણ-ગુણીનો ભેદ દાખવ્યો માટે શુદ્ધ સ. વ્ય.

૨. અહીંઆ ગુણી ( જીવ ) અને ગુણ ( મતિ આદિ ) બંનેનો

(૪) **અનુપચરિત સદ્દ૦ વ્ય૦:**—ઉપાધિ રહિત ગુણ ગુણીના ભેદનું કથન કરે તે. જેમકે--જીવના કેવળજ્ઞાનાદિ ગુણ.[3]

(૫) **અશુદ્ધ સદ્ભૂત** વ્ય૦:–અશુદ્ધ ગુણ-ગુણી, અશુદ્ધ દ્રવ્ય-પર્યાય, એના ભેદનું કથન કરે તે.

(૬) **સ્વજાતિ અસદ્ભૂત** વ્ય૦–જેમકે, પરમાણુ બહુ-પ્રદેશી એમ કહેવું તે.[1]

(૭) **વિજાતિ અસદ્૦** વ્ય૦--જેમકે--મતિજ્ઞાન મૂર્ત્ત (રૂપી) છે,–રૂપી (મૂર્ત્ત) દ્રવ્યજનિત હોવાથી.

---

ભેદ દાખવ્યો. માટે બંને ઔદયિક ભાવના છે, સદ્ભૂત; અને ' મતિ આદિ ' સોપાધિક હોવાથી, અર્થાત્ કર્મજનિત હોવાથી ઔદયિક ભાવના ધરના હોવાથી, મૂર્ત્ત છે, એ મૂર્ત્તપણાનો ઉપચાર છે એટલે ઉપચરિત.

૩. અહીં ગુણ-ગુણીનો ભેદ દાખવ્યો છે, માટે સદ્ભૂત વ્ય૦. પણ કેવલજ્ઞાનાદિ ગુણ કર્મોપાધિ રહિત છે, ક્ષાયક ભાવના ધરના છે, શુદ્ધ અમૂર્ત્ત છે, મૂર્ત્તતાનો ઉપચાર નથી, માટે અનુપચરિત.

૧. અહીંઆ જૂદા જૂદા સ્વજાતીય પરમાણુના ભેદનું કથન કર્યું, માટે વ્ય૦, પણ તેમાં બહુપ્રદેશપણાનું ઉપચારથી કથન કર્યું, માટે **અસદ્ભૂત** વ્ય૦. જૂદા જૂદા પરમાણુઓને ભેદ દષ્ટિએ જોઇએ તો પ્રત્યેક પરમાણુ એકપ્રદેશી છે. તથાપિ સ્નિગ્ધ–રૂક્ષતા ગુણને લઇ તે પરમાણુમાં **બહુપ્રદેશી** થવાની યોગ્યતા છે, એટલે ઉપચારથી તેને બહુપ્રદેશી કહ્યા.

(૮) **સ્વજાતિ વિજાતિ અસદ્‌ભૂ૦ વ્ય૦**--જ્ઞેય એવા જીવ અને અજીવમાં જ્ઞાન છે,-તેઓ જ્ઞાનના વિષય હોવાથી, એમ કહેવું તે.

(૯) **સ્વજાતિ ઉપ૦ અ૦૦વ્ય૦**--જેમકે-પુત્ર સ્ત્રી આદિ મારાં.

(૧૦) **વિજાતિ ઉપ૦ અ૦ વ્ય૦**--જેમકે--વસ્ત્ર, ભૂષણ, હેમ, રત્નાદિ મારાં.

(૧૧) **સ્વ૦ વિ૦ ઉ૦ અ૦ વ્ય૦**--જેમકે- દેશ, રાજ્ય, કીર્ત્તિ, કિલ્લા આદિ મારાં.

(૧૨) **અસદ્‌ભૂતવ્ય૦**-- એક દ્રવ્યના (અન્યત્ર પ્રસિદ્ધ) ધર્મનું (અન્યત્ર) બીજા દ્રવ્યમાં આરોપણ કરવું તે.

(૧૩) **ઉપ૦અ૦૦વ્ય૦**—અસદ્‌ભૂત વ્યવહાર જ ઉપચાર છે, એટલે ઉપચારનો પણ ઉપચાર કરવો તે ઉપ૦ અસદ્‌૦ વ્ય૦. જેમકે- **'દેવદત્તનું ધન.'**. આમાં 'ધન' એ વસ્તુનો 'દેવદત્ત' સાથે સંશ્લેષ સંબંધ નથી, કલ્પિત સંબંધ છે, (તથાપિ દેવદત્ત સાથે 'દેવદત્તનું' એમ કહી સંબંધ જોડયો છે, તે ઉપચારથી છે, માટે 'ઉપચરિત.' અને 'દેવદત્ત' અને 'ધન' એ બંને જાતે એક દ્રવ્ય નથી, ભિન્ન ભિન્ન દ્રવ્ય છે, માટે અસદ્‌ભૂત વ્યવહાર. એટલે આખો 'ઉપ૦ અસ૦૦વ્ય૦ થયો. )

(૧૪) **અનુપચ૦અસ૦ વ્ય૦**-- જેમકે 'જીવનું શરીર.' આમાં 'શરીર' નો 'જીવ' સાથે સંશ્લેષ સંબંધ છે, કલ્પિત નથી; કારણ યાવજ્જીવ અથવા આયુકર્મની સ્થિતિ સુધી એ સંબંધ રહેવાનો છે, માટે અનુપચરિત,

પણ ‘ જીવ ’ અને ‘શરીર’ એ બંને જાતે એક દ્રવ્ય નથી, ભિન્ન ભિન્ન છે માટે અસદ્દભૂત વ્ય૦; એટલે આખો અનુ૦ અસદ્દ૦ વ્ય૦ થયો. )

**ઉપચાર** પણ નવ પ્રકારનો છે:--

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર,[1] (૨) ગુણમાં ગુણનો ઉપચાર[2], (૩) પર્યાયે પર્યાયનો ઉપચાર,[3] (૪) દ્રવ્યે ગુણનો ઉપચાર[4], (૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર[5]. (૬) ગુણમાં દ્રવ્યનો ઉપચાર[6], (૭) ગુણમાં પર્યાયનો ઉપચાર[7], (૮) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર[8], (૯) પર્યાયમાં ગુણનો ઉપચાર[9].

---

૧. જેમકે—આગમમાં કહ્યું છે કે “ક્ષીર નીર પેરે પુદ્દગલ સાથે જીવ મળ્યા છે.” માટે **જીવ તે પુદ્દગલ**નો ઉપચાર.

૨. જેમકે-**‘આત્માની કૃષ્ણ લેશ્યા’**. આમાં **લેશ્યા** એ આત્માનો ભાવ (અરૂપી ગુણ) છે, તેમાં કૃષ્ણ જે પુદ્દગલનો ગુણ છે, તેનો ઉપચાર કર્યો.

૩. જેમકે--**‘હાથી ઘોડાનો સ્કંધ’**. આમાં હાથી ઘોડા એ આત્મદ્રવ્યના અસમાન જાતિ દ્રવ્ય પર્યાય છે. તેમાં સ્કંધ જે પુદ્દગલના પર્યાય તેનો ઉપચાર કર્યો.

૪. જેમકે--**‘હું ગૌરવર્ણો છું.’** આમાં હું એ આત્મદ્રવ્ય, તેમાં ગૌરવર્ણ એ પુદ્દગલ દ્રવ્યના ગુણનો ઉપચાર કર્યો.

૫. જેમકે--**‘હું દેહ છું.’** આમાં હું એ આત્મદ્રવ્ય, તેમાં દેહ જે પુદ્દગલનો સામાન્ય જાતિ દ્રવ્ય પર્યાય તેનો ઉપચાર કર્યો.

૬. જેમકે--**‘એ ગૌરવર્ણ એ આત્મા** છે.’ આમાં ગૌરવર્ણ

આ બધો અસદ્દભૂત વ્યવહારનો વિષય સમજવો. એટલે ઉપચાર નામનો પૃથક્ નય નથી થતો. મુખ્યનો અભાવ સતે એવાં પ્રયોજને કે નિમિત્તે ઉપચાર વર્ત્તે છે; અને તે પણ સંબંધ વિના નથી થતો. સંબંધ ચાર પ્રકારના છેઃ—(૧) સંશ્લેષ સંબંધ. (૨) પરિણામ પરિણામિ સંબંધ. (૩) શ્રદ્ધા–શ્રદ્ધેય સંબંધ. અને (૪) જ્ઞાન–જ્ઞેય સંબંધ

**ઉપચરિત અસદ્દભૂત વ્યવહાર** ત્રણ પ્રકારનો છેઃ—(૧) સત્યાર્થ, (૨) અસત્યાર્થ, (૩) ઉભયાર્થ.

વ્યવહાર નયના એ **૧૪** ભેદ જાણવા. વ્યવહાર નય **ભેદગ્રાહી** છે. દ્રવ્યાર્થિકનો આ ત્રીજો ભેદ થયો.

---

એ પુદ્દગલ દ્રવ્યનો ગુણ છે, તેમાં આત્મારૂપ જે અન્ય દ્રવ્ય તેનો ઉપચાર કર્યો.

૭. જેમકે—‘**મતિતનુ**’ ‘**મતિજ્ઞાન એ શરીર** છે.’ આમાં મતિજ્ઞાન એ આત્મા દ્રવ્યનો ગુણ છે, તેમાં ‘શરીર’ એ પુદ્દગલ પર્યાયનો ઉપચાર કર્યો.

૮. જેમકે—‘**દેહ એ આત્મા**’, આમાં દેહ જે પુદ્દગલ દ્રવ્યનો પર્યાય છે, તેમાં અન્ય દ્રવ્ય જે આત્મા તેનો ઉપચાર થયો.

૯. જેમકે—‘**તનુ એ મતિ**’ ‘**શરીર એ મતિજ્ઞાન.**’ આમાં શરીર જે પુદ્દગલ પર્યાય, તેમાં મતિ જે આત્મા દ્રવ્યનો ગુણ તેનો ઉપચાર કર્યો.

# ૨. પર્યાયાર્થિક નયના ઋજુસૂત્રાદિ ચાર ભેદ

## (૧) ઋજુસૂત્ર

'**ऋजु वर्त्तमानक्षणस्थायि पर्यायमात्रं प्राधान्यतः सूत्रयन्नभिप्राय ऋजुसूत्रः।**' અર્થાત્—ઋજુ, વર્ત્તમાનક્ષણસ્થાયિ પર્યાયને **જ** પ્રધાનપણે જે ઇચ્છે, ગ્રહે, તે **ઋજુસૂત્ર.** તાત્પર્ય કે—**ભૂત** અને ભવિષ્ય કાળરૂપી+ વિશિષ્ટ છે લક્ષણ જેનું, એવા કૌટિલ્યથી મુક્ત હોવાથી ઋજુ, અર્થાત્ સરળ; એવું સરળ જ દ્રવ્યની ગૌણતાએ અને ક્ષણક્ષયી પર્યાયની મુખ્યતાએ જે દર્શાવે, તે ઋજુસૂત્ર. ઉદાહરણ—જેમકે, 'અત્યારે સુખ પર્યાય વર્ત્તે છે.' આ વાક્ય વડે સુખ નામનો ક્ષણિક પર્યાય જ મુખ્યપણે દેખાય છે, એ પર્યાયનું અધિકરણ [આધાર]–જીવ દ્રવ્યની ગૌણ હોવા છતાં પણ પ્રતીતિ નથી થતી.

હવે **ઋજુસૂત્રાભાસનું** નિરૂપણ કરે છેઃ—

દ્રવ્યનો સર્વથા અપલાપ કરનાર, (પર્યાયને એકાંત ગ્રહણ કરનાર) ઋજુસૂત્રાભાસ કહેવાય છે. ઉદાહરણ— **તથાગત** (બૌદ્ધ) મત. બૌદ્ધ ક્ષણવિનાશી પર્યાયને જ પ્રધાનપણે પ્રરૂપે છે, તે પર્યાયના આધારભૂત દ્રવ્યને માનતા નથી; માટે તેનો મત **ઋજુસૂત્રાભાસ** જાણવો.

---

+ ઋજુ કહે છે કે મારે ભૂત ભવિષ્યનું શું કામ છે? ભૂત અને ભવિષ્ય એ તો કુટિલતાનાં લક્ષણ છે, મારે તો વર્ત્તમાનનું જ કામ છે.

ઋજુસૂત્ર બે પ્રકારનો છેઃ—(૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર, જેમકે—'પર્યાય એક સમય જ રહે છે,' અને (૨) સ્થૂલ ઋજુ૦ જેમકે—'મનુષ્યાદિ પર્યાય તેના આયુપ્રમાણ કાલ ટકે છે.'

પર્યાયાર્થિકનો આ પ્રથમ ભેદ થયો.

---

# (૨) શબ્દ નય

"**कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपादयमानः शब्दः ।**' કાલાદિ ભેદે કરી **ધ્વનિના** અર્થભેદનું પ્રતિપાદન કરનાર **શબ્દ નય.** તાત્પર્ય કે વ્યાકરણના સંકેતથી પ્રકૃતિ પ્રત્યયના સમુદાય વડે સિદ્ધ થઇ, અર્થાત્ (૧) કાલ (૨) કારક (૩) લિંગ (૪) સંખ્યા (૫) પુરુષ અને (૬) ઉપસર્ગ–એ ભેદે કરી, ધ્વનિના અર્થનો ભેદ પણ જે પ્રતીત કરે તે શબ્દ.

(૧) **કાલભેદનું** ઉદાહરણ--જેમકે-'**હતો, છે, હશે સુમેરુ**'[1] આમાં કાળત્રય (રૂપ પર્યાય) ના ભેદને લઈ સુમેરુ (દ્રવ્ય) ના ભેદનું પણ શબ્દ નયે કરી પ્રતિપાદન થાય છે; (અહીંઆ 'હતો' આદિ ત્રણ કાળના પર્યાયની મુખ્યતા છે.) સુમેરુનું દ્રવ્યપણે જે અભેદપણું તેની ઉપેક્ષા (ગૌણતા) છે.

(૨) **કારક ભેદનું** ઉદાહરણ—જેમકે-'**(તે) કુંભ**

---

૧. આમાં 'હતો' ભૂત પર્યાય, 'હશે' ભાવિ પર્યાય અને 'છે' વર્ત્તમાન પર્યાય, એના ભેદે 'સુમેરુ' એ ધ્વનિના અર્થમાં ત્રણ ભેદ પ્રતીત થાય છે.

કરે છે; કુંભ કરાય છે,[2] કરાય છે કુંભ.'

(૩) **લિંગ ભેદ અથવા જાતિભેદનું ઉદાહરણ**--જેમકે-તટઃ (તટ કેવો), તટી (તટી કેવી), તટં (તટ કેવું).[3]

(૪) **સંખ્યા અથવા વચન ભેદનું ઉદાહરણ**—જેમકે-દારા (સ્ત્રીઓ બહુવચન), કલત્રં (સ્ત્રી એકવચન). અથવા આપઃ (પાણી-બહુવચન), જલં (પાણી--એક વચન).

(૫) **પુરુષ ભેદનું** ઉદાહરણ—જેમકે--'હું[1] ભાત જમીશ; તે તો **અતિથિઓ** જમી ગયા.'

(૬) **ઉપસર્ગ ભેદનું** ઉદાહરણ--જેમકે--'તે **સં**સ્થિત છે. તે **અવ**સ્થિત છે.'[2] કવચિત્ અર્થનાં ભેદનું પણ (મુખ્ય-પણે) ગ્રહણ થાય છે:—જેમકે—'**कर्णादिषु तिष्ठते यः**' જે કર્ણાદિમાં **પ્રકાશિત** અથવા **સ્થિત** છે. આમાં **तिष्ठते**થી

---

૨. આમાં 'તે કરે છે' અને 'કરાય છે' એ બંને (કારક પર્યાય જૂદા જૂદા હોવાથી, 'કુંભ' એ ધ્વનિના અર્થમાં ભેદ માલમ પડે છે; આમાં 'તે કરે છે' આદિ કારક પર્યાય મુખ્ય છે, 'કુંભ' **દ્રવ્ય** ગૌણ છે.

૩. આમાં 'કેવો' 'કેવી' 'કેવું' એ ત્રણે લિંગ પર્યાય જૂદા છે, અને તેથી ધ્વનિના અર્થમાં પણ ફેર પ્રતીત થાય છે.

૧. અહીં 'હું' પહેલો પુરુષ છે, **અતિથિઓ** ત્રીજો પુરુષ છે, એ પુરુષભેદરૂપ પર્યાય ભેદ થયો.

૨. અહીંઆ 'સ્થિત' ધ્વનિમાં 'સં' અને 'અવ રૂપ' ઉપસર્ગ પર્યાયથી ભેદ પ્રતીત થાય છે.

અર્થભેદની પ્રતીતિ થઈ. **સ્થા પ્રકાશન** અને **સ્થેય** અર્થ માટે આત્મનેપદમાં વપરાય છે એવું સૂત્ર છે.[૩]

## શબ્દાભાસનું લક્ષણ.—

**'तद्भेदेन तस्य तमेव समर्थयमानस्तदाभासः ।"**

અર્થાત્—કાલાદિ ભેદે કરી વિભિન્ન શબ્દના અર્થનું પણ એકાંત ભિન્નત્વ માને તે **શબ્દાભાસ**. જેમકે–'**હતો, છે અને હશે સુમેરુ**', ઇત્યાદિ ભિન્ન કાલના શબ્દો એકાંત ભિન્ન અર્થ કહે છે,—ભિન્ન કાલ શબ્દત્વને લઇને,—તેવા સિદ્ધ અન્ય શબ્દની પેઠે. આમ શબ્દભેદને લઈ એકાંત અર્થભેદ માનવો તે **શબ્દાભાસ**.[૧]

પર્યાયાર્થિકનો આ બીજો ભેદ થયો.

———o———

૩. અહીંઆ એવું કહેવાનું તાત્પર્ય લાગે છે કે કવચિત્ **ધ્વનિ** એનો એ છતાં અર્થભેદ પ્રધાનપણે ગ્રહણ થાય છે. જેમકે' **नवकंबलों देवदत्तः**'। નવકંબલ દેવદત્ત. આમાં **ધ્વનિ** એનો એ છતાં **નવકંબલ** વડે બે જૂદા જૂદા **અર્થ** પ્રધાનપણે પ્રતીત થાય છેઃ–૧. સંખ્યામાં (૯) કામળીવાળો **દેવ**દત્ત–નવ કાંબળી જેની પાસે છે એવો **દેવ**દત્ત. (૨) નવ એટલે નવી કાંબળી જેની પાસે છે એવો દેવદત્ત.

૧ તાત્પર્ય કે— કાલ, લિંગ, પુરુષ આદિ પર્યાયના ભેદથી ધ્વનિના અર્થમાં ભેદ માલમ પડે; પણ જેનો એ **ધ્વનિ** છે એ શબ્દનો અર્થ તો ગૌણપણે પણ અભેદ રહે, એવું **શબ્દનયનું** માનવું છે. પણ ધ્વનિભેદથી શબ્દના અર્થનો પણ ભેદ જ, એમ એકાંતે ગ્રહણ કરનારા **શબ્દાભાસ** છે.

# (૩) સમભિરૂઢ નય

'पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहन् समभिरूढः'

અર્થાત્—વ્યુત્પત્તિભેદે કરી પર્યાયશબ્દને વિષે ભિન્ન અર્થ ઉત્પન્ન કરે તે **સમભિરૂઢ**. તાત્પર્ય કે–શબ્દ નય શબ્દ અને તેના પર્યાય ભિન્ન હોવા છતાં પણ દ્રવ્ય (શબ્દ) ના અર્થનું અભેદપણું ઇચ્છે છે, અર્થાત્ કાલાદિ પર્યાય જૂદા જૂદા હોવા છતાં શબ્દનો અર્થ તો એનો એ જ ઇચ્છે છે, ત્યારે **સમભિરૂઢ** નય શબ્દના (વ્યુત્પત્તિ) પર્યાયને ભેદે દ્રવ્યનાં (શબ્દના) અર્થનો ભેદ માને છે, અને પર્યાય શબ્દોનું અર્થતઃ અભેદપણું છે તેની ઉપેક્ષા કરે છે, (તેને ગૌણ રાખે છે.) ઉદાહરણઃ—

| | |
|---|---|
| ઇન્દનાત્ ઇંદ્રઃ | અર્થાત્ ઐશ્વર્યને લઇ ઇંદ્ર. |
| શકનાત્ શક્રઃ | ,, શકિતને લઈ **શક્ર** |
| પૂર્દારણાત્ પુરંદરઃ | ,, પૂઃ નામના રાક્ષસનો નાશ કરવાથી **પુરંદર.** |

શચ્યાઃપતિઃ શચિપતિઃ ,, શચિનો પતિ **શચિપતિ.** આમાં ઇંદ્ર, શક્ર અને પુરંદર ઇત્યાદિ પર્યાયશબ્દોમાં એકાર્થ-પણું છે, તથાપિ તેને ગૌણ કરી શબ્દોના વ્યુપત્તિ (પર્યાય) ના ભેદે તેના અર્થનું પણ ભિન્નપણું માને છે, એટલે શબ્દ ભેદે અર્થભેદ માનનારો **સમભિરૂઢ** ફલિતાર્થ થયો. એવી જ રીતે અન્યત્ર અર્થાત્ કલશ, ઘટ, કુંભ આદિમાં જાણી લેવું.

# સમભિરૂઢાભાસ

**पर्यायध्वनीनामभिधेयनानात्वमेव कक्षीकुर्वाणस्तदाभासः।** પર્યાયધ્વનિના અભિધેય ભિન્ન ભિન્ન જ એવું એકાંત ગ્રહણ કરનારા **સમભિરૂઢાભાસ.** [ તાત્પર્ય કે—એકાર્થવાચી જૂદા જૂદા રૂઢ શબ્દો હોય, તેના નિરુક્તિ ભેદે જૂદા અર્થ કરી તે તે શબ્દોમાં પ્રતીત થતા રૂઢ એકાર્થને એકાંત જે નિષેધે, તે **સમભિરૂઢાભાસ.** ] જેમકે—ઇંદ્ર, શક્ર, પુરંદર ઇત્યાદિ શબ્દો ભિન્ન અર્થવાળા જ છે, કેમકે ભિન્ન શબ્દો છે,— જેમ કરિ, કુરંગ, કરભ, તુરંગ ઇત્યાદિ શબ્દો ભિન્ન હોવાથી ભિન્નાર્થવાચી છે તેમ. અહીંઆ પણ શક્ર, ઇંદ્ર, પુરંદર આદિ નામૈક્યતાવાળા છતાં ભિન્ન શબ્દ હોવાથી ભિન્ન અર્થવાળા જ છે,—જેમ હરણ, ઘોડો, આદિ ભિન્ન શબ્દો ભિન્ન વાચ્ય છે તેમ. આ સમભિરૂઢાભાસ. પર્યાયાર્થિકનો ત્રીજો ભેદ થયો.

—o—

# (૪) એવંભૂત નય

**शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविशिष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन्नेवंभूतः ।** જે ક્રિયાને લઇ શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે જ ક્રિયાવિશિષ્ટ અર્થને વસ્તુ પ્રકાશે ત્યારે **એવંભૂત.** તાત્પર્ય કે—ઇન્દનાદિ ક્રિયાવિશિષ્ટ ઈંદ્રનો પિંડ હો કે ન હો, પણ લોકમાં તથા વ્યાકરણમાં એ જ પ્રકાર (ઈન્દનાદિ ક્રિયાવાળો તે ઈન્દ્ર એ પ્રકારે) રૂઢિ

હોવાથી **સમભિરૂઢ નયે** કરી ઇન્દ્રાદિ વ્યપદેશ થાય છે,- ઇન્દ્રાદિ નામ અપાય છે. રૂઢ શબ્દની વ્યુત્પત્તિ શોભા માત્ર જ છે; કારણ કે એવું વચન છે કે **'व्युत्पत्तिरहिताः शब्दा रूढाः'** રૂઢ શબ્દો વ્યુત્પત્તિ રહિત છે, તેની વ્યુત્પત્તિ કરો કે ન કરો. ) ત્યારે **એવંભૂત નય** જે સમયે ઇન્દનાદિ ક્રિયાયુક્ત અર્થ દેખાય છે, તે જ સમયે **આ ઇન્દ્ર** એમ માને છે, નહિં કે તે શિવાયના ( ઇન્દનાદિ ક્રિયા રહિત ) સમયે. આ નય **ક્રિયાશબ્દને** જ માને છે, અર્થાત્ શબ્દનો જે અર્થ થતો હોય, તે જ પ્રમાણે જે દ્રવ્યમાં ક્રિયા થતી હોય, તેને જ તેનો ( તે શબ્દનો ) વ્યપદેશ કરે છે.

[ શંકા—ભાષ્યાદિકમાં તો (૧) જાતિ (૨) ગુણ, (૩) ક્રિયા, (૪) સંબંધ અને (૫) યદૃચ્છા, એ લક્ષણવાળી પાંચ પ્રકારની શબ્દ પ્રવૃત્તિ કહી છે ને ?

સમાધાન—હા, યદ્યપિ તેમાં એ પાંચ પ્રકારની શબ્દ પ્રવૃત્તિ કહી છે, તોપણ એ વ્યવહારમાત્રથી જ જાણવી, નિશ્ચયથી નહિં, એમ આ **એવંભૂત નય** સ્વીકારે છે. તે આ પ્રમાણેઃ—

(૧) **જાતિ શબ્દ** છે તે ક્રિયાશબ્દ જ છે, એમ જાણવું. જેમકે—**'गच्छतीति गौः'** ( જવાની ક્રિયા કરે તે ગાય ); **'आशुगामित्वादश्वः'** (આશુ, જલદી જવાની ક્રિયા કરે તે અશ્વ ); ઇત્યાદિ. 'ગાયપણું' 'અશ્વપણું' એવા જાતિ વાચક શબ્દોનું ક્રિયાવાચક શબ્દ હોવાથી.

(૨) તેવી રીતે **ગુણ શબ્દ** પણ ક્રિયાશબ્દ જ છે,

જેમકે–'**शुचीभवनात् शुक्लः**' (શુચિ (પવિત્ર) હોવાની ક્રિયાને લઇ શુકલ); '**नीलभवनात् नीलः**' (નીલનની ક્રિયાને લઇ નીલ), ઈત્યાદિ. શુકલ અને નીલ એવા ગુણ શબ્દોનું ક્રિયાશબ્દ હોવાથી.

(૩) તેવી રીતે **યદૃચ્છા શબ્દ** પણ ક્રિયા શબ્દ જ છે; જેમકે—'**देव एनं देयात् इति देवदत्तः**' (દેવ! એને **દ્યો**); '**यज्ञ एनं देशात् इति यज्ञदत्त :**' (યજ્ઞ એને **દ્યો**) ઈત્યાદિ યદૃચ્છા શબ્દોનું ક્રિયાશબ્દ હોવાથી.

(૪) તેમજ--**સંયોગ સંબંધી** શબ્દ અને **સમવાય સંબંધી શબ્દ** પણ ક્રિયાશબ્દ જ જાણવા. જેમકે—'**दण्डोऽस्यास्तीति दंडी**' (આની પાસે દંડ છે માટે દંડી). એ દંડ અને દંડીના **સંયોગસંબંધરૂપ** શબ્દ ક્રિયાશબ્દ જ છે. તેમ–'**विषाणमस्यास्तीति विषाणी**' (વિષાણ–શિંગડું આને **છે** માટે વિષાણી, શિંગડાવાળું). એ વિષાણ અને વિષાણીના **સમવાયસંબંધરૂપ** શબ્દ ક્રિયાશબ્દ જ છે. (આમાં 'હોવા' રૂપ ક્રિયાનું પ્રધાનપણું હોવાથી 'શું હોવાનું?' એનો બોધ થાય છે. જાતિ શબ્દાદિ ઉપર કહ્યા તે બધા શબ્દો **ક્રિયાશબ્દ** જ છે. 'હોવાપણું', 'થવાપણું', 'જવાપણું', 'દેવાપણું' ઇત્યાદિ ક્રિયાસામાન્યનું સર્વવ્યાપિપણું હોવાથી. ]

એવંભૂત નયનું ઉદાહરણ:—ઇન્દન (ઐશ્વર્ય) અનુભવવાની ક્રિયા કરતો **ઈંદ્ર** કહેવાય. શકન (શક્તિ) ક્રિયામાં પરિણત **શક્ર** કહેવાય. પુરને દારવામાં (ચીરવામાં) પ્રવર્ત્તેલો **પુરંદર** કહેવાય.

# એવંભૂતાભાસ

'क्रियानाविष्टं वस्तु शब्दवाच्यतया प्रतिक्षिपंस्तु तदाभासः।' અર્થાત્—શબ્દમાં જે ક્રિયાનો વાચ્યાર્થ રહેલો હોય, તે ક્રિયા સહિત જે વસ્તુ હોય, તેને **જ** એ શબ્દ લગાડાય, એ ક્રિયા રહિતને નહિં જ, એવો એકાંત નિષેધ કરે તે **એવંભૂતાભાસ.** ઉદાહરણ—જેમકે, વિશિષ્ટ ચેષ્ટા શૂન્ય એવી ઘટ નામની વસ્તુને ઘટ નામ આપવું ન જોઈએ, કેમકે જે ચેષ્ટાને લઈ ઘટ શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે ચેષ્ટા તેમાં નથી,—પટની પેઠે. આ વાક્ય વડે સ્વક્રિયા રહિત ઘટાદિ વસ્તુને ઘટાદિ શબ્દ ન લગાડવો, એવો એકાંત નિષેધ થાય છે; પણ તે નિષેધ પ્રમાણબાધિત છે. માટે એને **એવંભૂત નયાભાસ** કહ્યો.

---

## અર્થ નય અને શબ્દ નય

આ સાત નયમાં પ્રથમના ચાર અર્થનિરૂપણમાં પ્રવીણ હોવાથી **અર્થનય,** અને પછીના ત્રણ શબ્દ વાચ્યાર્થ-ગોચર હોવાથી **શબ્દનય છે.**

# નયના સાતસો ભેદ: ઉપસંહાર

" एक्केक्को य सयविहो सत्त नय सया हवंति एमेव ।
अन्नो बि अ आएसो पंचेव सया नयाणं तु ॥ "

અર્થાત્—એકેકના સો ભેદ એટલે નૈગમાદિ સાતના સર્વ મળી ૭૦૦ ભેદ થાય છે. શબ્દાદિ ત્રણ નયને એક શબ્દ-માં જ ગણતાં, પ્રકારાંતરે નૈગમાદિ પાંચ ભેદ થાય છે, તેના દરેકના સો સો ભેદ કરતાં ૫૦૦ ભેદ થાય છે. તેમ છસો, ચારસો, બસો ભેદ પણ થાય છે. સામાન્યગ્રાહી નૈગમનો સંગ્રહમાં અને વિશેષગ્રાહી નૈગમનો વ્યવહારમાં અંતર્ભાવ કરીએ તો મૂળ નય છ થાય છે; તેના દરેકના સો સો ભેદ કરતાં ૬૦૦ ભેદ થાય છે. જ્યારે (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર એ ત્રણ અર્થનય અને (૪) શબ્દ નય એમ ચાર મૂળ નય ગણીએ, ત્યારે પ્રત્યેકના ૧૦૦–૧૦૦ કરતાં ચારસો ભેદ થાય. અથવા (૧) નૈગમ નય (૨) સંગ્રહ–વ્યવહાર અને ઋજુસૂત્ર લક્ષણ એક અર્થનય (૩) એક શબ્દ નય અને (૪) એક પર્યાયાર્થિક નય એમ ચાર મૂળ ભેદ લઈએ, ત્યારે પ્રત્યેકનાં સો સો કરતાં ૪૦૦ ભેદ થાય. અને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ જો મૂળ નય લઈએ, તો તે પ્રત્યેકના સો સો ભેદ કરતાં ૨૦૦ ભેદ થાય.

ક્યાંઈ તો વળી એમ કહ્યું છે કે:—

" णिच्छयववहार णया मूलिमभेदा णयाण सव्वाणं ।
णिच्छय साहणहेऊ दव्वय पज्जवट्ठिया मुणह ॥ "

અર્થાત્—સર્વ નયના મૂળ ભેદ (૧) **નિશ્ચય** અને (૨) **વ્યવહાર** નય છે. તેમાં નિશ્ચય નયના સાધનહેતુ **દ્રવ્યાર્થિક** અને **પર્યાયાર્થિક** જાણવા.

ઉત્કૃષ્ટ ભેદ ગણીએ તો નયના અસંખ્ય ભેદ થાય છે.

**“ जावंतो वयणपहा तावंतो वा नया वि सद्दाओ ।**
**ते चेवय परसमया सम्मत्तं समुदिया सव्वे ॥ ”**

અર્થાત્—જેટલા વચનપ્રકાર શબ્દાત્મગૃહીત છે, સાવધારણ છે, તે બધા નય **પરસમય** છે, અર્થાત્ અન્ય તીર્થિકના સિદ્ધાંત છે; અને જે અવધારણ રહિત, **સ્યાત્** પદથી લાંછિત છે તે સર્વે નય એકઠા કરીએ તો સમ્યક્ત્વ છે, જિન સિદ્ધાંત છે.

શંકા—સર્વ નય પ્રત્યેક અવસ્થામાં (પ્રત્યેક જૂદા જૂદા હોઇ) મિથ્યાત્વના હેતુ છે, તો સર્વ એકઠા થતાં મહા મિથ્યાત્વના હેતુ કેમ ન થાય? જેમ થોડું થોડું વિષ એકઠું કરતાં ઘણું જ વિષ થાય તેની પેઠે.

સમાધાન—

**“ सत्थे सर्मिति सम्मं वेगवसाओ नया विरुद्धा वि ।**
**निश्च ववहारिणो इव राओ दासाण वसवत्ती ॥ ”**

અર્થાત્—પરસ્પર વિરુદ્ધવર્ત્તી નય પણ એકત્ર થયે સમ્યક્ત્વ થાય છે,—એક જિન સાધુને વશવર્ત્તી હોવાથી;—રાજાના ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા નોકરોની પેઠે. જેમ ધન ધાન્ય ભુમિ આદિને અર્થે અરસપરસ લડી મરતા ઘણાં

માણસો કોઈ નિષ્પક્ષપાત ન્યાયાધીશ પાસે એકઠા થઈને જાય, ત્યારે એ પક્ષપાત રહિત ન્યાયાધિકારી યુકિત વડે ઝઘડાનું કારણ મટાડી અરસ્પરસ તેઓનો મેળાપ કરી દે છે; તેમ અહીંઆ પણ પરસ્પર વિરોધી નયોનો પણ જૈન સાધુ એ વિરોધ ટાળી એકત્ર મેળાપ કરાવે છે. તેમજ વિષની ઘણી કણીચું પણ પ્રૌઢ મંત્રવાદીના પ્રયોગથી નિર્વિષ થઈ જાય છે, અને કોઢીઆ આદિ રોગીને દેતાં અમૃતરૂપ પરિણમે છે. [ તેમ પરસ્પર વિરોધી જૂદા જૂદા નયોરૂપી વિષની કણીચું પણ જૈન સાધુરૂપ પ્રૌઢ મંત્રવાદીના **સાપેક્ષ-વાદરૂપ પ્રયોગ**થી અવિરોધરૂપ નિર્વિષપણાને પામે છે. અને હઠ–કદાગ્રહ આદિરૂપ કોઢ આદિથી પીડિતને હઠ–કદા-ગ્રહાદિ ટળવારૂપ અમૃતરૂપે પરિણમે છે. ] ઈત્યાદિ બધું શ્રી **વિશેષાવશ્યકની ટીકામાં** સ્પષ્ટ કહ્યું છે.

અહીંઆ આટલું સમજવું કે:—આ સાતે **નય**માં પૂર્વ પૂર્વ **નય** છે તે **સ્થૂલ** ( પ્રચુર ગોચર ) છે અને નૈગમાદિ ઉત્તરોત્તર **નય** છે તે સૂક્ષ્મ ( પરિમિત વિષ**ય** ) છે. '**एषु पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः, परः पर स्तु परिमितविषयः।**' અર્થાત્—નૈગમથી સંગ્રહ, સંગ્રહથી વ્યવહાર, વ્યવહારથી ઋજુ૦, ઋજુ૦થી શબ્દ, શબ્દથી સમભિરૂઢ, **સમભિરૂઢથી એવંભૂત** ઉત્તરોત્તર સૂક્ષ્મ છે.

॥ **इति नयप्रदीपः** ॥

પરિશિષ્ટ

# નય ચક્ર સંક્ષેપ સ્વરૂપ

# નયચક્ર સંક્ષેપ સ્વરૂપ

## (લે:-સ્વ. શ્રી મનઃસુખલાલ કિરતચંદ મહેતા-મોરબી.)

[ સ્નેહમૂર્તિ શ્રી .......નો સ્નેહાંકિત પત્ર મળ્યો. તેઓના સમવયી, સહગામી સ્વ. શ્રી.......ના પુણ્યસ્મરણરૂપે ઉપયુક્ત વિષયનો સંગ્રહ થઈ જનહિતાર્થ પ્રસિદ્ધ થાય તો સારૂં, એવી ઇચ્છાએ તેમણે પોતાના આપ્ત સ્નેહી મંડળમાં માગણી કરી. તેના સ્વીકારરૂપે આ યત્ન છે. ચાલુ વિષયો મનમાં ઘણા ઘોળાયા કરે છે; સ્પષ્ટાકાર ધરે છે. પણ હાલ ચાલતી શાસ્ત્રીય-સિદ્ધાંતિક વિચારણા આડે એને પત્ર પર આલેખવાનો ઓછો અવકાશ રહે છે. એ વિષયો તેવો અવસર આવ્યે પરિતોષ પામશે, એટલે તે કાળની પ્રતીક્ષા કરી અત્રે તો સ્વવિચારણા માટે સંગ્રહાતો આ શાસ્ત્રીય વિષય રજુ કરૂં છું. કવચિત્ તેનો જેને **હાલ** ખપ ન લાગતો હોય તેને આ વિષય નીરસ લાગશે; તેથી એની ઉપકારિતા-ઉપયોગિતા કંઇ ન્યૂન નથી થતી. એના થોડા પણ જિજ્ઞાસુઓને એ સુરસ લાગશે. **છેવટ માટે તો બધાને** એવા વિષયો ઉપયોગી છે. તેથી તેમજ શ્રી.......પાસે પ્રસ્તુત ધારેલ સંગ્રહ માટે આવેલા વિષયોમાં પ્રાયઃ આ કોટિનો વિષય નહિં હોય, એટલું આ વિષયનું વિલક્ષણપણું અને સ્થાનત્વ. ]×

---

× સદ્ગ૦ લેખકની આ નોંધ પરથી જણાય છે કે પોતાના અભ્યાસના પરિપાકરૂપ આ નયચક્ર સંક્ષેપ સ્વરૂપ તેઓશ્રીએ કોઇ સ્નેહીની માગણીથી સ્મરણાર્થે તૈયાર કરેલ; પરંતુ પાછળથી તત્

**શ્રી વીર** જિનેશ્વરને નમસ્કાર કરિને દ્રવ્ય, ગુણ, પર્યાયનો સંક્ષેપ કહું છું.

૧. **દ્રવ્યઃ**—(છ.) જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ.

૨. **સત્** એ દ્રવ્ય.

૩. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત તે **સત્**

૪. **ગુણ** બે પ્રકારેઃ-(૧) સામાન્ય. (૨) વિશેષ.

૫. દ્રવ્યના **સામાન્ય ગુણ** દશ પ્રકારેઃ—

(૧) અસ્તિત્વ. (૨) વસ્તુત્વ. (૩) દ્રવ્યત્વ. (૪) પ્રમેયત્વ (૫) અગુરુલઘુત્વ. (૬) પ્રદેશત્વ. (૭) ચેતનત્વ. (૮) અચેતનત્વ. (૯) મૂર્ત્તત્વ. (૧૦) અમૂર્ત્તત્વ.

આમાંથી પ્રથમ છ ગુણ છએ દ્રવ્યમાં રહેલા છે. સાતમો ચેતનત્વ જીવમાત્રમાં, સૂક્ષ્મ નિગોદના જીવથી સિદ્ધના જીવમાં, સામાન્ય છે. આઠમો અચેતનત્વ જીવ શિવાયનાં બીજાં બધાં દ્રવ્યોમાં છે. નવમો મૂર્ત્તત્વ (સાકારપણું) એક પુદ્ગલ દ્રવ્યમાં જ છે. દશમો અમૂર્ત્તત્વ (નિરાકારપણું) પુદ્ગલ શિવાયનાં બીજાં બધાં દ્રવ્યમાં છે.

૬. દ્રવ્યના **વિશેષ ગુણઃ**—સોળ પ્રકારે.

---

સંબંધી કાંઇ ઊહાપોહ કે ઉપયોગ નહિં કરવામાં આવ્યો હોય, અથવા તો—નહિં મોકલવામાં આવતાં લેખ એમને એમ પડી રહ્યો હોય. નય વિષયના અભ્યાસીને ઉપયોગી આ સંક્ષેપ નોંધ સદ્. શ્રી **મનઃસુખભાઇ**એ શ્રી **દેવસેનાચાર્ય** કૃત **આલાપપદ્ધતિ** અનુસાર તૈયાર કરેલ જણાય છે. વિશેષ માટે જુઓ **આલાપપદ્ધતિ.**

—**ભગવાનદાસ.**

(૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) સુખ, (૫) વીર્ય—જીવના. (૫) સ્પર્શ, (૬) રસ, (૭) ગંધ, (૮) વર્ણ—પુદ્ગલના. (૯) ગતિહેતુત્વ—ધર્મનો, (૧૦) સ્થિતિહેતુત્વ—અધર્મનો. (૧૧) અવગાહનાહેતુત્વ—આકાશનો. (૧૨) વર્ત્તનાહેતુત્વ—કાલનો. (૧૩) ચેતનત્વ—જીવનો. (૧૪) અચેતનત્વ—જીવ શિવાય પાંચેનો. (૧૫) મૂર્ત્તત્વ—પુદ્ગલનો. (૧૬) અમૂર્ત્તત્વ—પુદ્ગલ શિવાય પાંચેનો. આમાં છેલ્લા ચારની સામાન્ય ગુણમાં પણ વિવક્ષા થઇ છે, પણ એ સ્વજાતિ અપેક્ષાએ, **અર્થાત્ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર**, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ એ સામાન્ય ગુણ છે. પરજાતિ અપેક્ષાએ અર્થાત્ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની **અપેક્ષાએ એ વિશેષ** ગુણ છે.

૭. **પર્યાય**:—ગુણનો વિકાર તે પર્યાય. તે પર્યાયના બે ભેદ.

૮. પર્યાયના બે ભેદ:—(૧) સ્વાભાવિક પર્યાય દ્રવ્યમાત્રમાં, (૨) વિભાવિક પર્યાય જીવ અને પુદ્ગલમાં જ.

૯. અગુરુલઘુ વિકાર એ **સ્વાભાવિક પર્યાય** દ્રવ્ય માત્રમાં છે:—તેના બાર ભેદ: ૬ વૃદ્ધિરૂપ, ૬ હાનિરૂપ.

| | | |
|---|---|---|
| (૧) | અનંત ભાગ વૃદ્ધિરૂપ અગુરુલઘુ વિકાર. | ષડ્ વૃદ્ધિરૂપ |
| (૨) | અસંખ્યાત ,, ,, ,, ,, ,, ,, | |
| (૩) | સંખ્યાત ,, ,, ,, ,, ,, ,, | |
| (૪) | સંખ્યાત ગુણ ,, ,, ,, ,, ,, | |
| (૫) | અસંખ્યાત ,, ,, ,, ,, ,, ,, | |
| (૬) | અનંત ,, ,, ,, ,, ,, ,, | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) અનંત ભાગ હાનિ | ,, | ,, | ,, | ,, | | | ષડ્ હાનિરૂપ |
| (૨) અસંખ્યાત,, | ,, | ,, | ,, | ,, | ,, | | |
| (૩) સંખ્યાત ,, | ,, | ,, | ,, | ,, | ,, | | |
| (૪) સંખ્યાત ગુણ | ,, | ,, | ,, | ,, | ,, | | |
| (૫) અસંખ્યાત,, | ,, | ,, | ,, | ,, | ,, | | |
| (૬) અનંત | ,, | ,, | ,, | ,, | ,, | ,, | |

**૧૦. વિભાવ પર્યાય:**--જીવના અને પુદ્ગલના જ. તેમાં જીવના ચાર પ્રકારે:—

(૧) વિભાવ **દ્રવ્ય** વ્યંજન પર્યાય તે દેવ, મનુષ્ય. તિર્યંચ, નરકી એ ચાર પ્રકારે અથવા ચોરાશી લાખ જીવ યોનિ અનુસાર ચોરાશી લાખ પ્રકારે. ગતિ, યોનિ એ જીવનો શુદ્ધ સ્વભાવ નથી; એ વિભાવિક ગુણ છે.

(૨) વિભાવ **ગુણ** વ્યંજન પર્યાય તે મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ. જીવનો શુદ્ધ સ્વાભાવિક ગુણ **કેવળ** જ્ઞાન છે.

(૩) સ્વભાવ **દ્રવ્ય** વ્યંજન પર્યાય. ચરમ શરીરથી કિંચિત્ ન્યૂન સિદ્ધ પર્યાય. ( ચરમ ત્રિભાગ વિશેષ )

(૪) સ્વભાવ **ગુણ** વ્યજંન પર્યાય જીવના સિદ્ધ થતાં અનંત ચતુષ્ટય. ( અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય.)

તે જ રીતે પુદ્ગલના પાછા ચાર વિભાવ પર્યાય:—

(૧) વિભાવ **દ્રવ્ય** વ્યંજન પર્યાય. દ્વચણુક ( બે અણુ ), ત્રણ અણુક આદિ સ્કંધ.

(૨) વિભાવ **ગુણ** વ્યંજન પર્યાયઃ—રસ–રસાંતર, ગંધ–ગંધાંતર, ઇત્યાદિ.

(૩) સ્વભાવ **દ્રવ્ય** વ્યંજન પર્યાયઃ—એ અવિભાગી ( જેના ભાગ ન થઇ શકે એવા ) પુદ્‌ગલ પરમાણુ.

(૪) સ્વભાવ **ગુણ** વ્યંજન પર્યાયઃ—દરેક પરમાણુમાં એક રસ, એક ગંધ, એક વર્ણ, અને બે સ્પર્શ મળી પાંચ અવિરુદ્ધ ગુણ.

**૧૧.** પર્યાયના પ્રકારાંતરે બીજા બે ભેદઃ—

(૧) **અર્થપર્યાય**—ધર્મ, અધર્મ, આકાશ અને કાળના અર્થપર્યાય જ છે; વ્યંજન પર્યાય નથી.

(૨) **વ્યંજન પર્યાય**—આ પર્યાય જીવ અને પુદ્‌ગલ-માં જ છે, બીજા દ્રવ્યમાં નથી.

**૧૨. ગુણ પર્યાયવાનૂ એ દ્રવ્ય.**

---

**૧૩. સ્વભાવઃ**—(૧) સામાન્ય સ્વભાવ. (૨) વિશેષ સ્વભાવ. તેમાં દ્રવ્યનાં **સામાન્ય સ્વભાવ** અગીઆર પ્રકારેઃ-

(૧) અસ્તિ (હોવાપણાનો) સ્વભાવ. (૨) નાસ્તિ સ્વભાવ.
(૩) નિત્ય સ્વભાવ. (૪) અનિત્ય સ્વભાવ.
(૫) એક સ્વભાવ. (૬) અનેક સ્વભાવ.
(૭) ભેદ સ્વભાવ. (૮) અભેદ સ્વભાવ.
(૯) ભવ્ય સ્વભાવ. (૧૦) અભવ્ય સ્વભાવ.
(૧૧) પરમ સ્વભાવ.

અને દ્રવ્યના **વિશેષ સ્વભાવ** દશ પ્રકારે:—

(૧) ચેતન સ્વભાવ. (૨) અચેતન સ્વભાવ.
(૩) મૂર્ત્ત સ્વભાવ. (૪) અમૂર્ત્ત સ્વભાવ.
(૫) એકપ્રદેશ સ્વભાવ. (૬) અનેકપ્રદેશ સ્વભાવ.
(૭) વિભાવ સ્વભાવ.
(૮) શુદ્ધ સ્વભાવ. (૯) અશુદ્ધ સ્વભાવ.
(૧૦) ઉપચરિત સ્વભાવ.

આમ સામાન્ય અને વિશેષ મળી ૨૧ (એકવિશ) સ્વભાવ થયા; તે જીવ અને પુદ્ગલમાં રહેલા છે:—

**एकविंशति भावाः स्यु र्जीवपुद्गलयो र्मताः ।**
**धर्मादीनां षोडश स्युः काले पंचदश स्मृताः ॥**

અર્થાત્ જીવ અને પુદ્ગલમાં દરેકમાં ઉપર જણાવેલ એકવિશ સ્વભાવ છે. ધર્મ, અધર્મ અને આકાશમાં ચેતન સ્વભાવ, મૂર્ત્તસ્વભાવ, એકપ્રદેશ સ્વભાવ, વિભાવ સ્વભાવ અને અશુદ્ધ સ્વભાવ એ પાંચ શિવાયના સોળ સ્વભાવ છે. અને કાળ દ્રવ્યમાં ઉપર જણાવેલ પાંચ ઉપરાંત છઠ્ઠો અનેકપ્રદેશ સ્વભાવ (કાળ પ્રદેશ રહિત છે) એમ છ સિવાય બાકીના પંદર સ્વભાવ છે.

(૧) અસ્તિ સ્વભાવ—દ્રવ્યનું સ્વસ્વરૂપે હોવાપણું. દાહ એ અગ્નિનો સ્વભાવ છે, અગ્નિ હોય ત્યાં દાહ હોય જ, તેમ સ્વભાવ લાભથી અચ્યુતત્વ.

(૨) નાસ્તિ ,,—પદાર્થનું પરરૂપે ન હોવાપણું.

(૩) નિત્ય ,,—એકના એક દ્રવ્યમાં તેના જૂદા જૂદા પર્યાયોમાં તે દ્રવ્યનું હોવું તે નિત્ય સ્વ૦

(૪) અનિત્ય ,,—અનેકરૂપે પર્યાયાંતર તેનું થવું.

(૫) એક ,,—સ્વભાવનો એક જ આધાર.

(૬) અનેક ,,—ગુણ અને ગુણીની સંજ્ઞાના ભેદને લઈ.

(૭) પરમ ,,—પારિણામિક ભાવ મુખ્યતાને લઈ.

(૮) ચેતન ,,—અસદ્‌ભૂત વ્યવહારને લઈ કર્મ-નોકર્મનો પણ ચેતન સ્વભાવ.

(૯) અચેતન ,,—અસદ્‌ભૂત વ્યવહારને લઈ જીવનો પણ અચેતન સ્વભાવ.

(૧૦) મૂર્ત્ત સ્વભાવ-અસદ્‌ભૂત વ્યવહારને લઈ જીવનો પણ મૂર્ત્ત સ્વભાવ.

(૧૧) અમૂર્ત્ત સ્વ૦—અસદ્‌ભૂત વ્યવહારને લઈ પુદ્‌ગલનો પણ અમૂર્ત્ત સ્વભાવ.

(૧૨) કાલ અણુ અને એકપ્રદેશી પણ સંભવે છે. ટુંકામાં તાત્પર્ય:—'तत्कालपर्ययाक्रान्तं वस्तु भावो विधीयते।'

---

## ૧૪. નય અને ઉપનય.

ઉપર જણાવેલા ભાવ કેમ જાણી શકાય?

**પ્રમાણ** અને **નય**ની વિવક્ષા વડે જાણી શકાય. **પ્રમાણ** શું? સમ્યક્ જ્ઞાન પ્રમાણ. સમ્યગ્ જ્ઞાન બે પ્રકારે: (૧) પ્રત્યક્ષ પ્રમાણ. (૨) પરોક્ષ પ્રમાણ. મતિ અને શ્રુત જ્ઞાન એ પરોક્ષ પ્રમાણ.

અવધિ અને મનઃપર્યવ જ્ઞાન એ એક દેશ અથવા વિકળ પ્રત્યક્ષ પ્રમાણ. અને **કેવળ** જ્ઞાન એ સર્વ દેશ સકળ પ્રત્યક્ષ પ્ર૦

**નય** તે બે પ્રકારે:--(૧) નિશ્ચય નય. દ્રવ્યાર્થિક. (૨) વ્યવહાર નય. પર્યાયાર્થિક. અથવા–

નવ પ્રકારે:—(૧) દ્રવ્યાર્થિક નય. (૨) પર્યાયાર્થિક નય, (૩) નૈગમ નય, (૪) સંગ્રહ નય, (૫) વ્યવહાર નય, (૬) ઋજુસૂત્ર નય, (૭) શબ્દ નય, (૮) સમભિરૂઢ નય, (૯) એવંભૂત નય.

**ઉપનય** એટલે નય સમીપ તે ઉપનય; અથવા નયનું એક અંગ ગ્રહણ કરી અનેક વિકલ્પે કરી કથન તે ઉપનય.

એ ત્રણ પ્રકારે:–(૧) સદ્‌ભૂત વ્યવહાર નય.

(૨) અસદ્‌ભૂત વ્ય૦ ન૦ (૩) ઉપચરિત અસદ્‌ભૂત વ્ય૦ ન૦. તેમાં પાછા—

**૧. દ્રવ્યાર્થિક નયના દશ ભેદ:--**

(૧) કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય:–જેમકે-- સંસારી જીવ સિદ્ધ જેવો જ શુદ્ધાત્મા છે. **'સર્વ જીવ છે સિદ્ધ સમ.'**

(૨) [ઉત્પાદ, વ્યયને ગૌણ કરી કેવળ] સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યા૦ નય:—જેમકે-દ્રવ્ય નિત્ય છે, જીવ નિત્ય છે, પરમાણુ નિત્ય છે.

(૩) ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યા૦ નય:-જેમકે-નિજ ગુણ પર્યાયથી દ્રવ્ય અભિન્ન છે.

(૪) કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા૦ નય:—જેમકે-ક્રોધાદિ કર્મ જ ભાવ આત્મા.

(૫) ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા૦ નય:-જેમકે, એક જ સમયે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત તે દ્રવ્ય.

(૬) ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા૦ નય:—જેમકે, આત્માના દર્શન, જ્ઞાનાદિ ગુણ. જ્ઞાન અને દર્શનાદિ પોતે જ આત્મા છે, છતાં ભેદ કલ્પના કરી 'ના' વડે જૂદા પાડયા.

(૭) અન્વય દ્રવ્યા૦ નય:—જેમકે, ગુણ-પર્યાય યુકત તે દ્રવ્ય.

(૮) સ્વજાતિગ્રાહક અથવા સ્વદ્રવ્યાદિગ્રાહક અથવા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવગ્રાહક દ્રવ્યા૦ નય:-જેમકે—સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર આદિની અપેક્ષાએ એ દ્રવ્ય.

(૯) પરજાતિગ્રાહક દ્રવ્યા૦ નય:—જેમકે પરદ્રવ્ય, પરક્ષેત્ર આદિની અપેક્ષાએ એ દ્રવ્ય નથી. અથવા સુવર્ણ રજત નથી; રજત દ્રવ્યે, રજત ક્ષેત્રે, રજત કાળે કે રજત ભાવે સુવર્ણ રજત નથી. કોઈ કાળે, કોઈ ક્ષેત્રે, કોઇ દ્રવ્યે, કોઈ ભાવે સુવર્ણ રજત નથી. અથવા આત્મા દ્રવ્ય (જીવ)

પુદ્ગળ દ્રવ્ય (અજીવ) નથી, ચેતન દ્રવ્ય જડ દ્રવ્ય નથી. જડના દ્રવ્યથી, કે જડના ક્ષેત્રથી, કે જડના કાળથી કે જડના ભાવથી ચેતન જડ નથી. સર્વ કાળે, સર્વ ક્ષેત્રે, સર્વભાવે, સર્વદ્રવ્યે ચેતન તે ચેતન જ છે; અચેતન નથી, જડ નથી. તેમજ જડ તે ચેતન નથી. બંને પ્રગટ ભિન્ન છે. બંને પોતપોતાના ભાવે સ્થિત છે. જડમાં ચેતન નથી ભળી જતું; ચેતનમાં જડ નથી ભળી જતું. એકનો સ્વભાવ બીજામાં ન આવે, અને બીજાનો પહેલામાં ન આવે. દરેક દ્રવ્ય નિરનિરાળા પોતપોતાના સ્વભાવે સ્થિત છે. ઇત્યાદિ.

(૧૦) પરમગ્રાહક દ્રવ્યા૦ નય અથવા પારિણામિક ભાવ ગ્રાહક દ્રવ્યા૦ નયઃ—જેમકે-જ્ઞાનસ્વરૂપ એ આત્મા. અહીંઆ ઘણા સ્વભાવમાંથી જ્ઞાન એ પરમ સ્વભાવ ગણ્યો.

**૨. પર્યાયાર્થિક નયના છ ભેદઃ—**

(૧) અનાદિ નિત્ય પર્યાયાર્થિક નય અથવા અનાદ્યનંત પર્યાયાર્થિક નયઃ—જેમકે-**પુદ્ગલ પર્યાય** નિત્ય છે. **મેરુ** આદિ. (પ્રાયઃ એ ગિરિ શાશ્વતો, અથવા શાશ્વતી જિન પ્રતિમા.) મેરુ એ પુદ્ગલનો પર્યાય છે.

(૨) સાદિ નિત્ય અથવા સાદિ અનંત પર્યા૦ નયઃ—જેમકે–સિદ્ધ પર્યાય [ કેમકે સિદ્ધ એ જીવનો પર્યાય છે ] નિત્ય છે.

(૩) [ સત્તા ગૌણ કરી ] ઉત્પાદ, વ્યય ગ્રાહક સ્વભાવવાળો નિત્ય અશુદ્ધ પર્યા૦ નયઃ—જેમકે, પર્યાયો ક્ષણે ક્ષણે પલટે છે.

(૪) સત્તા સાપેક્ષ નિત્ય અશુદ્ધ પર્યા૦ નય:—જેમકે-એક સમયે ત્રણ રૂપવાળો તે પર્યાય. અર્થાત્ પૂર્વ પર્યાયનો નાશ, ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને દ્રવ્યપણે ધ્રૌવ્ય.

(૫) કર્મોપાધિ નિરપેક્ષ નિત્ય શુદ્ધ પર્યા૦ નય:—જેમકે-સિદ્ધના પર્યાય જેવા સંસારીના પર્યાય (જ્ઞાનાદિ) શુદ્ધ છે.

(૬) કર્મોપાધિ સાપેક્ષ નિત્ય અશુદ્ધ પર્યા૦ નય:—જેમકે-(સંસારી) જીવો ઉપજે છે અને મરે છે.

**૩. નૈગમ નયના ત્રણ ભેદ:--**

(૧) ભૂત નૈગમ (૨) ભાવિ નૈગમ. (૩) વર્ત્તમાન નૈગમ. તેમાં (૧) ભૂતને વિષે વર્ત્તમાનનું આરોપવું એ ભૂત નૈગમ. જેમકે--**આજ** દીવાળીને દિવસે શ્રી **વર્ધમાન સ્વામી** મોક્ષે પધાર્યા. (જો કે તેમને થઇ ગયા સેંકડો વરસ થઇ ગયાં.)

(૨) ભાવિને વિષે ભૂતનું આરોપણ એ ભાવિ નૈગમ:-જેમકે—જે **થવાનું** છે તે **થયું** ગણવું. અર્હત્ તે સિદ્ધ, સમકિતી તે મુક્ત. આમાં અર્હત્ એ દેહધારી રૂપે છે, સિદ્ધ થયા નથી; પણ અર્હત્ હોવાથી દેહમુક્ત થયે નિયમા સિદ્ધ થશે; એ નિશ્ચયને લઈ સિદ્ધ **થવા રૂપ** ભાવિનું સિધ્ધ **થયા રૂપે** આરોપણ કર્યું. તેમજ સમકિતી નિયમા મુક્ત થાય; હજી મુકત થયેલ નથી, છતાં નિશ્ચયને લઈ મુકત **થવા રૂપ** ભાવિનું સમકિતીને વિષે આરોપણ કર્યું, ઈત્યાદિ.

(૩) કરવા માંડેલી વસ્તુ થઇ છે, નથી થઈ અને કહેવું કે થાય છે; અથવા થાય છે અને કહેવું કે થઇ તે વર્ત્તમાન નૈગમ. જેમકે–ચોખા હાંડલીમાં રંધાવા ઓર્યાં, રંધાયા નથી અને કહેવું કે રંધાય છે. અથવા 'કડેમાણે કડં' થાય છે તે થયું.

**૪. સંગ્રહ નયનાં બે ભેદ:--**

(૧) સામાન્ય સંગ્રહ:—જેમકે, દ્રવ્યમાત્ર પરસ્પર અવિરોધી છે.

(૨) વિશેષ સંગ્રહ:—જેમકે, જીવમાત્ર પરસ્પર અવિરોધી છે.

**૫. વ્યવહાર નયના બે ભેદ:--**

(૧) સામાન્ય સંગ્રહ ભેદક વ્ય:—જેમકે, દ્રવ્ય બે: જીવ અને અજીવ.

(૨) વિશેષ સંગ્રહ ભેદક વ્ય૦:—જેમકે–જીવ બે પ્રકારના: સિદ્ધ અને સંસારી.

**૬. ઋજુસૂત્ર નયના બે ભેદ:--**

(૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર:—જેમકે, એક સમય જ જેની સ્થિતિ છે તે પર્યાય.

(૨) સ્થૂળ ઋજુસૂત્ર:—જેમકે, મનુષ્યાદિ પર્યાય આયુકાળ પ્રમાણ.

**૭. શબ્દ નયનો એક ભેદ:**—જેમકે,-દારા, ભાર્યા, કલત્રં, અથવા જલં, આપ:.

**૮ સમભિરૂઢ નયનો એક ભેદ:**—જેમકે, ગાય એ પશુ છે.

**૯. એવંભૂત નયનો એક ભેદ:**—જેમકે, ઇંદે તે ઇન્દ્ર.

આમ નયના અઠ્ઠાવિશ ભેદ થયા: દ્રવ્યાર્થિકના ૧૦, પર્યાયાર્થિકના ૬, નૈગમના ૩, સંગ્રહના ૨, વ્યવહારના ૨, ઋજુસૂત્રના ૨, શબ્દનો ૧, સમભિરૂઢનો ૧, એવંભૂતનો ૧,—કુલ ૨૮.

**ઉપનય ત્રણ: તેના ભેદ પ્રતિભેદ:—**

**૧. સદ્‌ભૂત વ્યવહાર ઉપનય,** તે બે પ્રકારે:—

(૧) શુદ્ધ સદ્‌ભૂત વ્ય૦ ઉપનય:—જેમકે, શુદ્ધગુણ—શુદ્ધ ગુણી અને શુદ્ધ પર્યાય—શુદ્ધ પર્યાયીના ભેદનું કહેવું તે (સિદ્ધ પર્યાય સિદ્ધ જીવ.)

(૨) અશુદ્ધ સદ્‌ભૂત વ્ય. ઉપનય:—જેમકે અશુદ્ધ ગુણ—અશુદ્ધ ગુણી અને અશુદ્ધ પર્યાય—અશુદ્ધ પર્યાયીના ભેદનું કહેવું તે. (મનુષ્ય પર્યાય સંસારી જીવ.)

**૨. અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય,** તે ત્રણ પ્રકારે:—

(૧) સ્વજાતિ અસદ્‌ભૂત વ્ય૦:—જેમકે, પરમાણુ બહુપ્રદેશી.

(૨) વિજાતિ અસદ્‌ભૂત વ્ય૦:—જેમકે, મતિજ્ઞાન મૂર્ત્ત છે. કેમકે મૂર્ત્ત દ્રવ્યથી ઉપજેલું છે. જ્ઞાન અમૂર્ત્ત છે, છતાં મતિજ્ઞાનને મૂર્ત્ત ગણ્યું. કેમકે વિજાતિ એવાં મૂર્ત્ત પુદ્‌ગલથી ઉપજ્યું.

(૩) સ્વજાતિ વિજાતિ અસદ્‌ભૂત વ્ય૦:—જેમકે, જ્ઞાનનો વિષય હોવાથી જ્ઞેય એવા જીવ અને અજીવને વિષે જ્ઞાનનું કથન છે.

**૩. ઉપચરિત અસદ્‌ભૂત વ્ય૦ ઉપનય,** ત્રણ પ્રકારે:—

(૧) સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્ય૦:—જેમકે, મારાં સ્ત્રી, પુત્રાદિ (સજીવ).

(૨) વિજાતિ ઉપચરિત અસદ્‌૦ વ્ય૦:—જેમકે, મારાં હાટ, હવેલી, ઘર, વસ્ત્રાદિ (નિર્જીવ).

(૩) સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્‌૦ વ્ય૦—જેમકે, મારાં દેશ, રાજ્ય, પ્રજા, ધણ, દુર્ગાદિ (સજીવ, નિર્જીવ).

આમ ઉપનયના આઠ ભેદ થયા, અને નયના પૂર્વે જણાવેલ અઠાવિશ ભેદ ગણતાં કુલ છત્રીશ ભેદ થયા **નયના.**

———o———

**ગુણ**—સહભાવી, સાથે રહેનારા તે ગુણ.

એક દ્રવ્ય બીજા દ્ર૦યથી જેના વડે પૃથક્ કરાય તે ગુણ.

**પર્યાય**—ક્રમભાવી, ક્રમવર્ત્તી.

**અસ્તિત્વ**—હોવાપણું.

**વસ્તુત્વ**—વસ્તુનો સ્વભાવ તે વસ્તુત્વ અથવા સામાન્ય—વિશેષવાળું તે વસ્તુ.

**દ્રવ્યત્વ**—દ્રવે તે દ્રવ્ય; દ્રવ્ય સ્વભાવ તે દ્રવ્ય; પોતપોતાના પ્રદેશસમૂહમાં અખંડ રહી સ્વભાવ—વિભાવ પર્યાયને ગ્રહણ કરે છે, ગ્રહણ કરેલ છે જેણે તે દ્રવ્ય.

**સત્**—દ્રવ્યનું લક્ષણ સત્. સ્વગુણ પર્યાયમાં 'સિદે', 'વ્યાપે', 'ઓતપ્રોત રહે' તે સત.

**પ્રમેયત્વ**—પ્રમેયભાવ તે પ્રમેયત્વ. પ્રમાણ વડે કરીને સ્વ--પર સ્વરૂપને જાણવા યોગ્ય, પરિચ્છેદવા યોગ્ય તે પ્રમેય.

**અગુરુલઘુભાવ**—તે અગુરુલઘુત્વ. તે સૂક્ષ્મ, અનિર્વચનીય, પ્રતિક્ષણે વર્ત્તમાન; આગમપ્રમાણથી જાણવા યોગ્ય.

**પ્રદેશત્વ**—પ્રદેશભાવ, અવિભાગી (જેના પછી ભાગ ન થઈ શકે એવા) પુદ્ગલ પરમાણુએ વ્યાપ્ત ક્ષેત્રત્વ.

**ચેતનત્વ**—ચેતનભાવ. **ચૈતન્ય**—અનુભવન; અનુભૂતિ. **ચેતન માત્ર**—જીવાજીવાદિની અનુભૂતિ. **ચેતન્ય**—અનુભૂતિ. તે સદા સક્રિય જ છે, ક્રિયારૂપ જ છે. દેહધારીરૂપે તે ક્રિયા મન, વચન, કાયામાં અન્વિત થઈ નિશ્ચયે વર્તે છે. સિદ્ધ દશામાં જ્ઞાનરૂપે અખંડ સક્રિય છે.

———o———

શ્રી જિનેશ્વરોએ પ્રકાશેલ તત્ત્વ સૂક્ષ્મ છે. હેતુ વડે કરીને તેનો ઘાત થાય એમ નથી. તે આજ્ઞાસિદ્ધ છે. માટે ગ્રહણ કરી લેવું. કેમકે જિનેશ્વર અન્યથા વદે નહિ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

———o———

# નય અને કુનય—નયાભાસ

**નય**=વસ્તુના એક દેશને જાણવાવાળું જ્ઞાન. (૧) **નિશ્ચય નય**=વસ્તુના કોઇ અસલ, મૂળ, ઉપાદાનભૂત અંશને ગ્રહણ કરનાર જ્ઞાન. જેમકે, માટીના ઘડાને માટીનો ઘડો કહે. (૨) **વ્યવહાર** નય. જેમકે, માટીના ઘડાને ઘીનો ઘડો કહેવો. કોઈ નિમિત્તને લઈ એક પદાર્થને બીજા પદાર્થ જાણવાવાળું જ્ઞાન.

નિશ્ચય નયના બે ભેદઃ—(૧) **દ્રવ્યાર્થિક**—દ્રવ્ય અર્થાત્ સામાન્યગ્રાહી. (૨) **પર્યાયાર્થિક**—ગુણપર્યાય અથવા વિશેષ-ગ્રાહી. **દ્રવ્યાર્થિક**—નૈગમ, સંગ્રહ, વ્યવહાર. (કોઇ પ્રમાણે ઋજુસૂત્ર).

---

**દ્રવ્યાર્થિક** અથવા **નૈમિત્તિક નયઃ**—

1. **નૈગમ**=અંશગ્રાહી. વિકલ્પ થવારૂપ.
2. સંગ્રહ=સત્તાગ્રાહી. સામગ્રી એકઠી કરવાનો વિકલ્પ.
3. વ્યવહાર=ભેદગ્રાહી, બાહ્ય દેખાવગ્રાહી.

(૧) **શુદ્ધ વ્યવહાર**—જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ નિશ્ચયે એક છતાં સમજાવવા જૂદા કહેવા તે.

(૨) **અશુદ્ધ વ્યવહાર**—રાગ, દ્વેષ, અજ્ઞાન એ આદિ જીવના ધર્મ નહિં છતાં જીવને આરોપવાં.

(૩) **શુભ વ્યવહાર**—પુણ્ય ક્રિયાનું જીવમાં આરો-પણ કરવું તે.

(૪) **અશુભ વ્યવહાર**—પાપક્રિયાનું જીવમાં આરોપણ કરવું તે.

(૫) **ઉપચરિત વ્યવહાર**—ધન કુટુંબાદિને જીવનાં કહેવા તે.

(૬) અનુપચરિત વ્ય૦—દેહને જીવનો કહેવો તે.

**પર્યાયાર્થિક** અથવા **ઉપાદાન નય**:—

૪. **ઋજુસૂત્ર**=અંતરૂપરિણામગ્રાહી.

**૫**. શબ્દ=અંતરૂ પરિણામને શબ્દદ્વારા કહે તે.

૬. **સમભિરૂઢ**=એક અંશ ઓછાને પૂર્ણ કહે તે.

૭. **એવંભૂત**=સંપૂર્ણગ્રાહી; સંપૂર્ણ તે જ સંપૂર્ણ કહે તે.

—o—

# કુનય અથવા નયાભાસ.

(૧) **દ્રવ્યાર્થિકાભાસ**— દ્રવ્યને જ ગ્રહણ કરી પર્યાયનો [ પ્રતિક્ષેપ ] અનાદર કરનારા.

(૨) **પર્યાયાર્થિકાભાસ**—પર્યાયને જ ગ્રહણ કરી દ્રવ્યનો અનાદર કરનાર.

(૩) **નૈગમાભાસ**—ધર્મી અને ધર્મ એ આદિનું એકાંતિક ભિન્નપણું કે એકાંતિક અભિન્નપણું માનનાર; જેમકે **નૈયાયિક** અને **વૈશેષિક** દર્શન

(૪) **સંગ્રહાભાસ**—વિશેષમાત્રનો પરિહાર કરી એકાંત સામાન્ય માનનારા; અથવા પર્યાયનો નિષેધ કરી એકાંત દ્રવ્યને માનનારા; જેમકે બધાં **અદ્વૈતવાદી** દર્શન, તેમજ **સાંખ્ય** દર્શન.

(૫) **વ્યવહારાભાસ**—અપારમાર્થિક દ્રવ્યપર્યાય વિભાગને અવલંબનારા; જેમકે **ચાર્વાક** દર્શન; કારણકે **ચાર્વાક** પ્રમાણથી સિદ્ધ થયેલ એવા જીવના દ્રવ્યપર્યાય વિભાગને એ તો કલ્પના છે, એવા આરોપે કરીને ઓળવે છે, અને સ્થૂલ લોક–વ્યવહારના અનુયાયિ થઇ અવિચારિતરમણીય એવા ભૂતચતુષ્ટય વિભાગનું સમર્થન કરે છે.

(૬) **ઋજુસૂત્રાભાસ**—દ્રવ્યનો સર્વથા ( અપલાપ ) નિષેધ કરી વર્તમાન પર્યાયને ગ્રહણ કરનાર; જેમકે–**તથાગત (બૌદ્ધ)** મત.

(૭) **શબ્દાભાસ**—કાલાદિ ( કાલ–કારક–સંખ્યા–પુરુષ–લિંગ ) ભેદને જ ગ્રહણ કરનાર; જેમકે સુમેરુ '**હતો**', 'હોશે', '**છે**' એ વગેરે શબ્દો ભિન્ન અર્થ જ દર્શાવે છે, કારણ કે ભિન્નકાળવાચી છે, તે જ પ્રમાણે સિદ્ધ થયેલ અન્ય શબ્દની પેઠે.

(૮) **સમાભરૂઢાભાસ**—પર્યાયધ્વનિ (શબ્દ ભેદે) ને લઇ અભિધેય પણ ભેદ એવું એકાંત કહેનાર: જેમકે 'ઇંદ્ર', 'શક્ર', 'પુરંદર' ઇત્યાદિ શબ્દો ભિન્ન હોવાથી અભિધેય ભિન્ન જ (અર્થમાં પણ ભિન્ન જ) છે,—'**કરિ**', 'કુરંગ' ઇત્યાદિ શબ્દોની પેઠે.

(૯) **એવંભૂતાભાસ**—ક્રિયાશૂન્ય વસ્તુ શબ્દવાચ્ય નથી જ એમ કહેનાર; જેમકે-વિશિષ્ટ ચેષ્ટા રહિત એવી ઘટ નામની કોઈ વસ્તુ, તે **ઘટશબ્દ વાચ્ય** નથી, કેમકે ઘટ એવા શબ્દની પ્રવૃત્તિ જે વડે થઈ શકે એવાં નિમિત્તવાળી ક્રિયા તેમાં નથી, 'પટની જેમ.'

(૧૦) **અર્થનયાભાસ**—અર્થને જ ગ્રહણ કરનાર, શબ્દનો અનાદર કરનાર.

(૧૧) **શબ્દનયાભાસ**--શબ્દને જ ગ્રહણ કરનાર, અર્થનો પ્રતિક્ષેપ કરનાર.

(૧૨) **અર્પિતનયાભાસ**—અર્પિતને જ સ્વીકારી અનર્પિતનો નિષેધ કરનાર.

(૧૩) **અનર્પિતનયાભાસ**—અનર્પિતને જ ગ્રહણ કરી અર્પિતનો અનાદર કરનાર.

(૧૪) **વ્યવહારાભાસ**--લોક વ્યવહારને જ આગળ કરી તત્ત્વનો પ્રતિક્ષેપ કરનાર.

(૧૫) **નિશ્ચયાભાસ**--તત્ત્વનો અભ્યુગમ કરી વ્યવહારનો નિષેધ કરનાર.

(૧૬) **જ્ઞાનનયાભાસ**—જ્ઞાનનો જ આગ્રહ કરી ક્રિયાનો નિષેધ કરનાર.

(૧૭) **ક્રિયાનયાભાસ**—ક્રિયાનો જ આગ્રહ કરી જ્ઞાનનો પ્રતિક્ષેપ કરનાર.

# ભિન્ન ભિન્ન ગ્રંથાનુસાર સપ્ત નય વ્યાખ્યા*

સંગ્રાહક: સ્વ. શ્રી મનઃસુખભાઇ કિરતચંદ મહેતા

## શ્રી સ્યાદ્‌વાદ મંજરી–શ્રી મલ્લિષેણ સૂરિ.

૧. **નગમ નય**––સામાન્ય અને વિશેષ ધર્મોને અભેદપણે ગ્રહણ કરનાર: આ નય સામાન્ય–વિશેષાત્મક પદાર્થને અભેદપણે ગ્રહણ કરે છે.

૨. **સંગ્રહનય**––વિશેષ ધર્મની અપેક્ષા રાખ્યા વિના કોઇ સામાન્ય ધર્મને મુખ્ય કરીને જેટલામાં એ સામાન્ય ધર્મ હોય તેટલા આખા વિષયને ગ્રહણ કરનાર.

૩. **વ્યવહાર નય**––વસ્તુ જે પ્રકારે લોક વ્યવહારમાં મનાતી હોય તે પ્રકારે તેને ગ્રહણ કરનાર.

૪. **ઋજુસૂત્ર નય**—શુદ્ધ વર્ત્તમાન સમયમાં વિદ્યમાન તે જ વસ્તુનું સ્વરૂપ એમ ગ્રહણ કરનાર.

---

*અત્રે ભિન્ન ભિન્ન ગ્રંથ અનુસાર સાત નયની વ્યાખ્યાનો સંગ્રહ કરી સદ્. શ્રી **મનઃસુખભાઇએ** તત્ત્વરસિક વિદ્યાર્થી અભ્યાસીને તુલનાત્મક અભ્યાસની સુગમતા કરી આપી મહદ્ ઉપકાર કર્યો છે. સદ્. શ્રીનું નયવિષયક પરિશીલન કેટલું વિશાલ અને તલસ્પર્શી હશે એ આ પરથી સ્વયં પ્રતીત થશે, તેમની બહુ તતા માટે કોઇને પણ બહુમાન ઉપજાવે એમ છે. આ **નોંધ** સદ્. શ્રી**ની** નોટ બુક **પરથી** મેં સંશોધિત કરી અત્ર આપી છે.—**ભગવાનદાસ.**

૫. **શબ્દ નય**—જે કોઈ શબ્દો રૂઢિને લઈને એક પદાર્થ લાગતા હોય તે બધા શબ્દોનો વાચ્યાર્થ એક જ છે એમ ગ્રહણ કરનાર.

૬. **સમભિરૂઢ નય**—જૂદા જૂદા શબ્દોનો વાચ્યાર્થ પણ જૂદો જૂદો એમ ગ્રહણ કરનાર.

૭. **એવંભૂત નય**—શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ થતો હોય તે જ અર્થ મુજબ જ્યારે વસ્તુ ક્રિયા થતી હોય ત્યારે જ વસ્તુને તે નામથી બોલાવાય એવું ગ્રહણ કરનાર.

卐

## શ્રી તત્ત્વાર્થાધિગમ ભાષ્ય-શ્રી સિદ્ધસેન સૂરિ.

૧. **નૈગમ નય**—નિગમમાં (શાસ્ત્રમાં) કહેલા જે શબ્દ તેનો જે અર્થ તે નૈગમ; અથવા **શબ્દ** તથા **અર્થ**નું જે જ્ઞાન તેનો એક દેશથી અથવા સર્વ દેશથી ગ્રાહક તે નૈગમ. નિગમમાં રહેવાવાળો શબ્દ તથા તેનો અર્થ તે નૈગમ.

૨. **સંગ્રહ નય**—તથા એ નૈગમ **શબ્દાર્થો**માંથી એક વિશેષ તથા અનેક સામાન્ય અર્થોને એક દેશથી કે સર્વથી ગ્રહણ કરવામાં સમર્થ તે **અર્થો**નું સર્વરૂપથી કે એક દેશથી સંગ્રહણ કરનાર તે સંગ્રહ.

સામાન્યના વિષયમાં કે વિશેષના વિષયમાં જે સંગૃહીતનું વચન અભિધાન તે સંગ્રહ.

૩. **વ્યવહાર નય**--લૌકિક સમાન, ઘણે ભાગે **ઉપચાર**થી પૂર્ણ, અને વિસ્તૃત અર્થનો બોધક તે વ્યવહાર નય; સમુદાય, વ્યક્તિ, આકૃતિ, સત્તા અને સંજ્ઞા અર્થાત્ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ આદિના નિશ્ચયની અપેક્ષા રાખનાર અને લૌકિક ઉપચારવાળો એ વિસ્તૃત વ્યવહાર નય.

૪. **ઋજુસૂત્ર નય**--વિદ્યમાન વર્ત્તમાન અર્થોને કહેનાર કે જણાવનાર; સંક્ષેપથી સાંપ્રત (વર્ત્તમાન) વિષયનો ગ્રાહક.

૫. **શબ્દ નય**—નામાદિકમાં પ્રસિદ્ધ પૂર્વ શબ્દ વડે અર્થનું જે જ્ઞાન તે શબ્દ નય. યથાર્થવિષયક સાંપ્રત.

૬. **સમભિરૂઢ નય**—વિદ્યમાન અર્થમાં સંક્રમરહિત તે સમભિરૂઢ. યથાર્થવિષયક સમભિરૂઢ.

૭. **એવંભૂત નય**—**વ્યંજન** તથા **અર્થ**માં જે પ્રવર્ત્તમાન છે, તે એવંભૂત. યથાર્થવિષયક એવંભૂત.

# શ્રી તત્ત્વાર્થસાર—શ્રી અમૃતચંદ્રસૂરિ

૧. **નૈગમ નય**—પદાર્થના સંકલ્પમાત્રનો ગ્રાહક.

૨. **સંગ્રહ નય**—સ્વજાતિના અવિરોધપણે ભેદે કરી ઐકયને આગળ કરી સમસ્ત ગ્રહણ કરનાર.

૩. **વ્યવહાર નય**—સંગ્રહે કરી સંગ્રહેલ પદાર્થની વિધિપૂર્વક વ્હેંચણ કરનાર.

૪. **ઋજુસૂત્ર નય**—વર્ત્તમાન એક સમયના વિષય રૂપ પર્યાયને ગ્રહણ કરનાર.

૫. **શબ્દ નય**—લિંગ, કારક, સંખ્યા, કાલ, ઉપસર્ગ એની વ્યભિચાર નિવૃત્તિ કરનાર.

૬. **સ. ન.**—એક રૂઢ અર્થમાં જુદાજુદા અર્થની સંમતિ આપનાર.

૭. **એવંભૂત નય**—શબ્દનો જે વ્યુત્પત્તિ અર્થ તે જ અર્થવડે જે નય તેનો અધ્યવસાય કરે તેને મુનિઓ એવંભૂત કહે છે.

# શ્રી આલાપપદ્ધતિ—શ્રી દેવસેનાચાર્ય

૧. **નૈગમનય**—વસ્તુનો અનેક રસ્તેથી બોધ કરાવનાર; નિગમ એટલે વિકલ્પ તેમાં રહેનાર.

૨. **સં. ન.**—વસ્તુમાત્રને અભેદપણે ગ્રહણ કરનાર.

૩. **વ્ય. ન.**—સંગ્રહે ગ્રહેલી વસ્તુનો ભેદ વડે વ્યવહાર કરનાર.

૪. **ઋજુસૂત્ર નય**—ઋજુ એટલે સરલપણે ગ્રહણ કરનાર, જણાવનાર, કુટિલપણે નહિં

૫. **શબ્દ નય**—વ્યાકરણ થકી પ્રકૃતિ-પ્રત્યય આદિથી સિદ્ધ તે શબ્દ નય.

૬. **સ૦ન૦**—અરસ્પરસ અભિરૂઢ તે સમભિરૂઢ; શબ્દ-ભેદ છતાં રૂઢિને લઇ અર્થભેદ નહિ તે સ.

૭. **એવંભૂત નય**—એ પ્રકારે અર્થાત્ ક્રિયારૂપે, ક્રિયાપ્રધાનપણે જે થાય તે એવંભૂત.

# શ્રી તત્ત્વાર્થ ટીકા—તેમાં નય વિવરણ

૧. **નૈગમ નય**—સંકલ્પમાત્રનો ગ્રાહક નૈગમ નય. અથવા જેનો બોધમાર્ગ એક નહિં (અર્થાત્ અનેક) તે નૈ.

૨. **સંગ્રહ નય**—સ્વજાતિના અવિરોધપણે તેમજ દૃષ્ટ (પ્રત્યક્ષ) અને (પરોક્ષ) એના અવિરોધપણે **વિશેષનું એકપણે** ગ્રહણ કરનાર.

૩. **વ્યવહાર નય**—સંગ્રહે ગૃહીત અર્થનો વિધિપૂર્વક જે વિભાગ કરવો તે વ્યવહાર.

૪. **ઋજુ૦ન૦**—ક્ષણધ્વંસિ વસ્તુને વર્ત્તમાન સમયે જ માનનાર.

૫. **શબ્દ નય**—કાલાદિ ભેદે કરીને અર્થના ભેદનું પ્રતિપાદન કરનાર.

૬. **સમભિરૂઢ નય**—પર્યાય શબ્દભેદે કરીને ભિન્ન અર્થને ગ્રહણ કરનાર.

૭. **એ૦ ન૦**—આ ક્રિયાથી પરિણામ પામી ઉત્પન્ન

થયેલું તે આમ જ એ પ્રકારે અન્ય ક્રિયાથી પરાઙ્મુખ તે એવંભૂત.

# શ્રી દ્રવ્યગુણપર્યાયનો રાસ-શ્રી યશોવિજયજી

## તથા

## શ્રી દ્રવ્યાનુયોગ-તર્કણા-શ્રી ભોજ પંડિત

૧. **નૈગમ નય**—બહુમાનગ્રાહી; સામાન્ય વિશેષ જ્ઞાનરૂપ ઘણા પ્રમાણનો ગ્રાહી. '**नैकैर्मानै र्मिनोतीति नैगमः। ककारलोपान्निगमः।**'

૨. **સંગ્રહ નય**—સંગ્રહે તે સંગ્રહ. (૧) ઓઘ સં૦-સામાન્ય સં૦ જેમકે-દ્રવ્યત્વ. (૨) વિશેષ સં૦ જેમકે- જીવત્વ.

૩. **વ્ય૦ ન૦**—સંગ્રહનયના વિષયનો ભેદ દેખાડનાર. (૧) સામાન્ય સંગ્રહભેદક વ્યવહાર. જેમકે-**દ્રવ્ય** તે **જીવ-અજીવ**. (૨) વિશેષ સંગ્રહ ભેદક વ્ય૦. જેમકે-**જીવ** તે **સિદ્ધ-સંસારી**.

૪. **ઋજુસૂત્ર નય**—વર્ત્તમાનમાં વર્ત્તતા અર્થને ભાષે તે; વર્ત્તમાન પણ સ્વકીય અર્થને, પરકીય અર્થને નહિં;-(૧) સૂક્ષ્મ ઋજુ૦-ક્ષણિક પર્યાયને, ઉત્પાદ-વ્યયને માને. (૨) સ્થૂલ ઋજુ૦-મનુષ્યાદિ પર્યાયને (આયુના અંત સુધી એક પર્યાયરૂપે અર્થાત મનુષ્યાદિ પર્યાયરૂપે) માને.

૫. **શબ્દ નય**—પ્રકૃતિ-પ્રત્યયાદિક વ્યાકરણ વ્યુત્પત્તિથી સિદ્ધ થયેલ શબ્દ માને; શબ્દનાં લિંગ-વચનાદિ ભેદે અર્થનો ભેદ માનનાર. e.g **नटः, नटी, नटं.** (લિંગ-ભેદે અર્થભેદ). आपः, जलं (વચનભેદે અર્થભેદ).

ઋજુ૦ નય કાલભેદે જ અર્થભેદ માને છે.

શબ્દ નય લિંગાદિ ભેદે પણ અર્થભેદ માને છે.

સમ૦—શબ્દભેદે પણ અર્થભેદ માને છે.

૬. **સ૦ ન૦**—શબ્દભેદે અર્થભેદ માનનાર.

૭. એવં૦ ન૦—ક્રિયાપરિણત અર્થગ્રાહી.

## શ્રી નયચક્રસાર—પં૦ દેવચંદ્રજી

૧. **નૈગમ નય**—નથી એક ગમ, અભિપ્રાય, આશય, બોધમાર્ગ જેને તે નૈગમ. ભેદઃ—

(૧) આરોપ નૈગમઃ (अ) દ્રવ્યારોપ નૈ. (ब) ગુણારોપ નૈ. (क) કાલારોપ નૈ. (ड) કારણાદ્યારોપ નૈ.

(૨) અંશ નૈ.
- ભિન્નાંશ નૈ.
- અભિન્નાંશ નૈ.

(૩) સંકલ્પ નૈ.
- નવા નવા ક્ષયોપશમરૂપ
- નવા નવા ઉપયોગ રૂપ નૈ.

(૪) (શ્રી વિશેષાવશ્યક અનુસાર) ઉપચાર નૈ.

૨. **સંગ્રહનય**—(૧) જે વચનથી સમુદાય અર્થ ગ્રહવાય તે સંગ્રહ; (૨) જે થકી સર્વભેદ સામાન્યપણે ગ્રહિયે તે સંગ્રહ; (૩) સામાન્યરૂપપણે સર્વ સંગ્રહ કરે તે સંગ્રહ; (૪) એકઠા, એક વચનમાં, એક અધ્યવસાયમાં, એક ઉપયોગમાં, સામાન્યરૂપપણે, સમકાલે સર્વ વસ્તુનું ગ્રહણ કરવું તે સંગ્રહ. ભેદઃ—(૧) સામાન્ય--(અ) જાતિ સા. (બ) સમુદાય સા. (૨) વિશેષ. અથવા--(૧) સંગૃહીત સં. (૨) પિંડિત સં. (૩) અનુગમ સં. (૪) વ્યતિરેક સં. અથવા—(૧) × મહાસત્તારૂપ સં. (૨) અવાંતર+ સત્તારૂપ સં૦—ત્રણ ભુવનમાં એવી કોઇ વસ્તુ નથી કે જે સંગ્રહ નયને ગ્રહણમાં ન આવતી હોય.

૩. **વ્યવહાર નય**—ભેદગ્રાહી, સંગ્રહે ગ્રહેલ વસ્તુનું ભેદાંતરે ભેદન--છેદન કરનાર. અથવા વ્યવહરણ=પ્રવર્ત્તન.

- (૧) શુદ્ધ વ્યવહાર
  - વસ્તુગત શુદ્ધ
  - સાધનગત શુદ્ધ
- (૨) અશુદ્ધ વ્યવહાર+
  - સદ્ભુત
  - અસદ્ભૂત
    - સંશ્લેષિત (અનુપચરિત)
    - અસંશ્લેષિત (ઉપચરિત)

---

× મહાસત્તા=સમસ્ત પદાર્થોની અસ્તિત્વ ગુણ ગ્રહણ કરનારી સત્તા.

+અવાંતર સત્તા—કોઈ વિવક્ષિત પદાર્થની સત્તા.

+વિશેષાવશ્યક અનુસાર વ્યવહારના બીજા બે ભેદ છેઃ—

૪. **ઋજુસૂત્ર**—**ઋજુ** સરળ અવક્ર; શ્રુતબોધ. વર્ત્તમાનપણે ઉપન્યું જે વર્ત્તમાન કાળે વસ્તુ તે જ વસ્તુ કહેનાર; નામાદિ ચાર નિક્ષેપા એ આ ઋજુસૂત્રના ભેદ છે; તેમાં નામાદિ ત્રણ દ્રવ્ય નિક્ષેપા છે; ચોથો ભાવ એ ભાવ નિક્ષેપ છે.

૫. **શબ્દ નય**—'શપતિ ઇતિ શબ્દઃ'—બોલિયે અથવા બોલાવિયે શબ્દપણે તે શબ્દ નય. વાચ્ય અર્થને ગ્રહણ કરવાનું પ્રધાનપણું છે જે નયમાં તે શબ્દ નય: શબ્દનું કારણ તો વસ્તુનો ધર્મ છે; તે વસ્તુનો ધર્મ—વાચ્યાર્થ જે વચને ગ્રહણ થાય તે શબ્દ નય.

ઋજુસૂત્રને વર્ત્તમાન કાળના ધર્મ ઇષ્ટ છે તેમ આ શબ્દ નયને પણ વર્ત્તમાન કાળના ઇષ્ટ છે. e.g. ઘટ પૃથુબુધ્નોદર, જલહરણક્રિયાસમર્થ એ ઘટ. શબ્દ નય **ભાવઘટને** ઘટ માને છે; શેષ નામ, સ્થાપના, દ્રવ્યને નથી માનતો; ઋજુસૂત્ર ચાહે તે માને છે.

શબ્દના અર્થની જ્યાં ઉપપત્તિ હોય તેને જ તે વસ્તુપણે કહે; એટલે ઋજુસૂત્રે **સામાન્ય** ઘટ ગવેષ્યો; શબ્દ

---

વ્યવહાર

- (૧) વિભજન વ્ય૦
- (૨) પ્રવૃત્તિ વ્ય૦
  - (૧) વસ્તુ પ્રવૃત્તિ વ્ય૦
  - (૨) સાધન પ્રવૃત્તિ વ્ય૦
    - લોકોત્તર સાધન પ્ર. વ્ય.
    - કુપ્રાવચનિક સા.
    - લૌકિક સા.
  - (૩) લૌકિકપ્રવૃત્તિ

નયે સદ્ભાવ જે અસ્તિધર્મ અને અસદ્ભાવ જે નાસ્તિધર્મ તે સર્વસંયુક્ત વસ્તુને વસ્તુપણું કહ્યું.

**સમભિરૂઢ નય**—વસ્તુની જે પર્યાયવાચી સંજ્ઞા હોય તેજ સંજ્ઞા વડે તેને બોલાવે; સંજ્ઞાંતર, નામાંતર અર્થને વિમુખ કરે તે સમભિરૂઢ; જે પર્યાય પ્રગટ હોય તે પર્યાય જે શબ્દથી સમજાય તે શબ્દ વડે જ વ્યવહરનાર તે સમભિરૂઢ.

૭. **એવંભૂત નય**—વાચ્ય-વાચકની પૂર્ણતાને કહેનાર; સર્વપર્યાયવાચી.

# શ્રી આગમસાર—પં. દેવચંદ્રજી

૧. **નૈગમ નય—અંશગ્રાહી,** એક નથી ગમો જેને તે નૈગમ; ગુણનો એક અંશ ઉપજ્યો હોય તેને નૈગમ કહિયે. પાલી (?) કે ઓદન કે સર્વજીવ સિદ્ધ સમાન એ ત્રણ દૃષ્ટાંત. (૧) ભૂત, (૨) ભવિષ્ય, (૩) વર્ત્તમાન એ ભેદ. જ્ઞાનરૂપ ધ્યાનના પરિણામ વિના અંશગ્રાહી.

૨. **સંગ્રહનય--સત્તાગ્રાહી.** એક નામ લીધાથી સર્વ ગુણ--પર્યાય પરિવાર સહિત આવે જેથી તે સંગ્રહનય. જેમ—દાતણ મંગાવ્યું તેમાં પાણી—લોટો વગેરે બધું સાથે આવ્યું. (૧) સામાન્ય સં.—દ્રવ્યત્વ. (૨) વિશેષ સં.—જીવત્વ. જ્ઞાનરૂપ ધ્યાનના પરિણામ વિના સત્તાગ્રાહી.

૩. **વ્યવહારનય--ભેદગ્રાહી.** બાહ્ય સ્વરૂપ દેખી ભેદની વ્હેંચણ કરનાર, અને બ્હાર દેખાતા ગુણને જ

માનનાર; પણ અંતરંગ સત્તા ન માનનાર; આમાં આચાર-ક્રિયા મુખ્ય છે; અંતરંગ પરિણામનો ઉપયોગ નથી. જ્ઞાન-રૂપ ધ્યાનના પરિણામ વિના બાહ્ય ક્રિયાગ્રાહી, ભેદગ્રાહી. (૧) શુદ્ધ, (૨) અશુદ્ધ, (૭) શુભ, (૪) અશુભ, (૫) ઉપ-ચરિત, (૬) અનુપચરિત.

૪. **ઋજુસૂત્ર નય**—વર્ત્તમાનગ્રાહી; પરિણામગ્રાહી; અતીત—અનાગતની અપેક્ષા વિના વર્ત્તમાનમાં જ વસ્તુ જે પરિણામે પરિણમે, તે પરિણામે તેને માને.

**ભાવગ્રાહી**—ગૃહસ્થ ભાવસાધુ,--વર્ત્તમાન પરિણામ તેવા હોય તો. (૧) સૂક્ષ્મ ઋ૦—સદાકાળ સર્વ વસ્તુમાં એક વર્ત્તમાન સમય વર્ત્તે છે. (૨) સ્થૂલ ઋ૦—મોટા બાહ્ય પરિણામ.

૫. **શબ્દ નય**—જે વસ્તુ, ગુણવંત કે નિર્ગુણ, જે ભાષાવર્ગણાથી શબ્દપણે વચનગોચર થાય, નામપણે ઓળ-ખાય તે શબ્દનય. શબ્દનો જે અર્થ હોય તે-પણું વસ્તુમાં વસ્તુપણે પામિયે ત્યારે તે વસ્તુને શબ્દનય કહિયે. ઘટની ચેષ્ટા કરે તે ઘટ. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ ભેદ.

૬. **સમભિરૂઢ નય**—અંશ ઊણી વસ્તુને સંપૂર્ણ કહેવી તે; કોઈ વસ્તુના કેટલાક ગુણ પ્રગટયા છે, કેટલાક નથી પ્રગટયા, પણ અવશ્ય પ્રગટવાના છે, એવી વસ્તુને વસ્તુ કહે. તે વસ્તુના નામાંતર એક કરી જાણે. e. g. (૧)

જીવ, ચેતન, આત્મા એનો એક અર્થ કરે. (૨) e.g. તેરમા ગુણ સ્થાનકવાળાને સિદ્ધ કહેવો તે.

૭. **એવંભૂત નય**—જે વસ્તુ પોતાના ગુણે સંપૂર્ણ છે, અને પોતાની ક્રિયા કરે છે, તેને જ વસ્તુ કહી બોલાવનાર. e.g. મુક્ત તે સિદ્ધ. અથવા પાણીથી ભરેલો, સ્ત્રીના મસ્તકે આવતો, જલધારણ ક્રિયા કરતો તે ઘટ.

# શ્રીજૈનસિદ્ધાંત પ્રવેશિકા-પં. ગોપાલદાસજી

૧. **નૈગમ નય**—બે પદાર્થમાંથી એકને ગૌણ અને બીજાને પ્રધાન કરી ભેદ અથવા અભેદનો વિષય કરવાવાળું જ્ઞાન તે નૈગમ નય; અથવા પદાર્થના સંકલ્પને ગ્રહણ કરનાર તે નૈગમ નય.

૨. **સંગ્રહ નય**—પોતાની જાતિનો વિરોધ કર્યા વિના અનેક પદાર્થોને એકપણે ગ્રહણ કરે તે.

૩. **વ્યવહાર નય**—સંગ્રહ વડે ગ્રહણ કરેલ પદાર્થનો વિધિપૂર્વક ભેદ કરનાર.

૪. **ઋજુસૂત્ર નય**—ભૂત ભાવિની અપેક્ષા રાખ્યા વિના વર્ત્તમાનમાત્ર પર્યાયને ગ્રહણ કરનાર.

૫. **શબ્દ નય**--લિંગ, કારક, વચન, કાલ, ઉપસર્ગ આદિના ભેદથી જે પદાર્થને ભેદરૂપે ગ્રહણ કરે તે શબ્દ નય.

૬. **સમભિરૂઢ નય**—લિંગાદિ ભેદ ન હોય તો પણ

પર્યાય શબ્દના ભેદને લઇ પદાર્થનો પણ ભેદ માનનાર.

૭. **એવંભૂત નય**—જે શબ્દનો જે ક્રિયાવાચી અર્થ હોય એ જ ક્રિયાપણે પરિણામ પામતી વસ્તુને માનનાર.

# શ્રી નયોપદેશ—શ્રી યશોવિજયજી

૧. **નૈગમ નય**—નિગમથી થયેલ જ્ઞાન તે નૈગમ; ( નિગમ એટલે લોકપ્રસિદ્ધ અર્થવાળાં શાસ્ત્ર ).

૨. **સંગ્રહ નય**—સંગૃહીત કે પિંડિત અર્થનો **નિશ્ચય** તે સંગ્રહ. (નિશ્ચય=સામાન્ય.) સંગૃહીત સામાન્ય=પર સામાન્ય, જેમકે દ્રવ્યત્વ; પિંડિત સામાન્ય=અપર સામાન્ય, જેમકે જીવત્વ.

૩. **વ્યવહાર નય**—બહુ ઉપચારવાળો, વિસ્તૃત અર્થ-વાળો એવો જે લૌકિક બોધ તે વ્યવહાર.

૪. **ઋજુસૂત્ર નય**—જ્યાં ભાવપણું ત્યાં વર્ત્તમાનપણું એવી વ્યાપ્તિની અભેદબુદ્ધિ તે ઋજુસૂત્ર. અથવા જ્યાં વર્ત્ત-માનપણું ત્યાં ભાવપણું એવી વ્યાપ્તિની અભેદબુદ્ધિ તે ઋ. સૂ. તાત્પર્ય કે પદાર્થમાત્ર વર્ત્તમાનપણે 'સત્' છે, એમ માનનાર. અથવા વર્ત્તમાનમાં સત્ તેજ પદાર્થ એમ માનનાર.

૫. **શબ્દ નય**—ઋજુસૂત્ર કરતાં **વિશેષતર** (વધારે વિશેષ) તે શબ્દ નય; ઋજુસૂત્ર તો એકલા કાળને એટલે વર્ત્તમાનને આશ્રયી છે, પણ **શબ્દ** તો કાળ ઉપરાંત લિંગ, વચન, કારક, ઉપસર્ગ આદિની અપેક્ષા પણ રાખે છે.

૬. **સમભિરૂઢ નય**—જૂદા જૂદા અર્થમાં અસંક્રમ એ સમભિરૂઢ; શબ્દભેદે અર્થભેદને ગ્રહણ કરનાર. [ઋજુસૂત્ર કરતાં **વિશેષતમ** (સૌથી વિશેષ), કેમકે કાલ, લિંગાદિ ઉપરાંત શબ્દભેદ હોય તો આ નય અર્થભેદ પણ માને છે.]

૭. **એવંભૂત નય—વ્યંજન** અને **અર્થ**ના વિશેષણરૂપ તે એવંભૂત; જેમકે રાજચિહ્ન યુક્ત હોય તે રાજા, અન્યથા નહિં.

## શ્રી પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર—શ્રી વાદિદેવસૂરિ

૧. **નૈ૦ ન૦**—બે ધર્મ કે બે ધર્મી કે ધર્મ અને ધર્મી એમાંથી એકને પ્રધાન કરી બીજાની ગૌણતાએ જે બોધ થાય તે નૈ.

૨. **સં૦ ન૦**—સામાન્યમાત્ર ગ્રહણ કરનાર સંગ્રહ.

૩. **વ્ય૦ ન૦**—સંગ્રહે ગ્રહણ કરેલ અર્થનું વિધિપૂર્વક અવહરણ (નિરાકરણ-ભેદ) અભિસંધિપૂર્વક જેના વડે થાય તે વ્યવહાર.

૪. **ઋજુસૂત્ર નય**—વર્ત્તમાન ક્ષણ સ્થાયિ પર્યાયને જ પ્રધાનપણે ગ્રહનાર.

૫. **શ૦ ન૦**—કાલાદિ ભેદે કરી ધ્વનિનો (શબ્દનો) ભેદ માનનાર.

૬. **સ૦ ન૦**—પર્યાય શબ્દમાં નિરુક્તિભેદે કરી અર્થ-ભેદ માનનાર.

૭. **એ૦ ન૦**—જે ક્રિયાને લઈ શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે જ ક્રિયાવાળી વસ્તુને તે (શબ્દ) નામ વડે બોલાવનાર.

卐

# શ્રી નયકર્ણિકા—શ્રી વિનયવિજયજી

૧. **ન૦ ન૦**—નૈગમ વસ્તુને સામાન્ય અને વિશેષ એ બંને ધર્મયુક્ત માને છે. કેમકે સામાન્ય એ વિશેષ રહિત નથી અને વિશેષ એ સામાન્ય રહિત નથી.

૨. **સં૦ ન૦**—આ નય વસ્તુને કેવળ સામાન્ય ધર્મ-વાળી માને છે, કેમકે સામાન્યથી જૂદું એવું વિશેષ. (આકાશ પુષ્પની પેઠે) છે જ નહિં.

૩. **વ્ય૦ ન૦**—વસ્તુને વિશેષ ધર્મવાળી જ માનનાર; (કેમકે વિશેષ વિનાનું સામાન્ય ગધાસિંગ સમાન છે.)

૪. **ઋ૦ ન૦**—ભૂત-ભાવિની અપેક્ષા રાખ્યા વિના કેવળ વર્ત્તમાન અને તે પણ પોતાના (સ્વત્વભૂત) ભાવને માનનાર.

૫. **શબ્દ નય**—અનેક શબ્દો વડે એક અર્થવાચક પદાર્થોને એક જ પદાર્થ માનનાર.

૬. **સ૦ ન૦**—શબ્દભેદે વસ્તુભેદ માનનાર.

૭. **એ૦ ન૦**—એક પર્યાયવડે બોલાતી વસ્તુ પોતાનું કાર્ય કરતી હોય તો જ એવંભૂત નય તેને **વસ્તુ** કહે છે.

## શ્રી તત્ત્વાર્થ અર્થપ્રકાશિકા-પં. સદાસુખદેવજી

૧. **નૈગમ નય**—અતીતમાં વર્ત્તમાનનો સંકલ્પ, આગામીમાં વર્ત્તમાનનો સંકલ્પ કરનાર અને વર્ત્તમાનમાં પર્યાય પૂર્ણ હો કે ન હો, પણ તેને પૂર્ણ કહેનાર. (૧) અતીતમાં વર્ત્તમાનનું આરોપણ. (૨) ભવિષ્યમાં વર્ત્તમાનનો આરોપ. (૩) વર્ત્તમાન નૈગમ, વસ્તુ થઈ ન થઈ છતાં કહેવી કે થાય છે.: પ્રકારાંતરે ભેદ:—(૧) **દ્રવ્ય** નૈ. ધર્મી-સામાન્ય. (૨) **પર્યાય** નૈ. ધર્મ-વિશેષ. (૩) **દ્રવ્ય--પર્યાય** નૈ. ધર્મી-ધર્મ (સામાન્ય વિશેષ).

૨. **સંગ્રહ નય**—સમસ્ત વસ્તુ અને તેના સમસ્ત પર્યાયને સંગ્રહી એકરૂપ કહેનાર.

૩. **વ્ય૦ ન૦**—અનેક પ્રકારના ભેદે કરી વ્યવહરનાર.

૪. **ઋ૦ ન૦**—સરળ વર્ત્તમાન પર્યાયમાત્રને જ ગ્રહણ કરનાર. અર્થપર્યાય એક સમયવર્ત્તી છે; તે જ **ઋ.** સૂ. નો વિષય છે.-આ સૂક્ષ્મ ઋ. સૂત્ર. મનુષ્યાદિ પર્યાય આયુ પરિમાણ છે; એ સ્થૂળની અપેક્ષાએ વર્ત્તમાન પર્યાય છે, અને એથી સ્થૂળ **ઋ.** સૂ.

૫. **શ૦ ન૦**—લિંગ, સંખ્યા, સાધન, કાળ, ઉપસર્ગ ઈત્યાદિમાં જે વ્યભિચાર આવે તેને દૂર કરવા તત્પર તે.

૬. **સ૦ ન૦**—એક શબ્દમાં અનેક અર્થ છે, તેમાંથી કોઇ પ્રસિદ્ધ અર્થને ગ્રહણ કરી તેનો તે કહેનાર.

૭. **એ૦ ન૦**—જે ધર્મની મુખ્યતાને લઈ વસ્તુ

નામપણે ઓળખાતી હોય તે જ ધર્મરૂપે જ્યારે તે પરિ-ણમે ત્યારે જ તે નામ તેને ઘટે એમ કહેનાર.

卐

# શ્રી પ્રવચન સારોદ્ધાર—શ્રી નેમિચંદ્રસૂરિ

૧. **નૈ૦ન૦**—ઘણા **પ્રમાણે** કરીને અર્થાત્ મહા-સામાન્ય પ્રમાણ, અવાંતર સામાન્ય પ્રમાણ, વિશેષ વિષય પ્રમાણ—એ આદિ પ્રમાણે કરી વસ્તુનું વિશેષપણું માપનાર. અથવા નિશ્ચિત છે જ્યાં ગમ અર્થાત્ વસ્તુનું (સામાન્ય વિશેષાત્મક વસ્તુનું) ગ્રહણ અથવા જ્ઞાન જ્યાં તે નૈગમ; અથવા જેના અનેક બોધમાર્ગ તે નૈગમ.

૨. **સં. ન.**—અશેષ (સર્વ) વિશેષનો પરિહાર કરી જગત્ત્રય (ત્રણે જગત્‌ને, તેમાંની વસ્તુને) સામાન્યરૂપે ગ્રહણ કરનાર.

૩. **વ્યવહાર નય**—વિશેષે કરી અવહરિયે, નિરા-કરિયે, ભેદ કરિયે તે વ્યવહાર.

૪. **ઋ. ન.**—અતીત અને અનાગત જે વક્ર તે ત્યજીને સરલ જે વર્ત્તમાન સમય તેમાં વર્ત્તતા પર્યાયને બોધે તે.

૫. **શ. ન.**—વસ્તુના અર્થનું પ્રતિપાદન જે વડે થાય તે શબ્દ.

૬. **સ. ન.**—સં અર્થાત્ એકીભાવે, અભિરૂઢ અર્થાત્ પ્રવર્ત્યો છે જે; અર્થાત્ શબ્દની પ્રવૃત્તિને વિષે જે એકીભાવે

પ્રવૃત્ત થયો છે તે સમભિરૂઢ. પર્યાય શબ્દના અર્થ પણ જૂદા આ નય માને છે.

૭. **એવં. ન.**—એવં અર્થાત્ જેવો શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે, તેવા જ અર્થ પ્રમાણે ભૂત અર્થાત્ થવું તે.

# શ્રી સૂત્રકૃતાંગ ટીકા—શ્રી શીલાંકસૂરિ

૧. **નૈ. ન.**—મહાસામાન્ય અને અંતરાળ સામાન્ય-વિશેષરૂપ વસ્તુનો નિશ્ચય કરનાર.

૨. **સં. ન.**—પદાર્થોનું સામાન્ય આકારપણે **સમ્યગ્** ગ્રહણ તે સંગ્રહ.

૩. **વ્ય. ન.**—લોકને જે ગ્રાહ્ય તે જ વસ્તુ એમ માનનાર.

૪. **ઋ. ન.**—અતીતરૂપે પર્યાય નષ્ટ છે, અનાગમ રૂપે અનુત્પન્ન છે, એટલે એ બંનેનો પરિહાર કરી વર્ત્ત-માન કાલ ક્ષણવર્ત્તી જે વસ્તુ તેનો જ આશ્રય કરનાર, તેનું જ પ્રતિપાદન કરનાર, તેનો જ બોધ કરનાર.

૫. **શબ્દ નય**—પદાર્થની પ્રતીતિ શબ્દ વડે જ થાય છે, એટલે લિંગ, સાધન, પુરુષ, વચન આદિના ભેદને લઇ ભેદ પામતા શબ્દોથી વસ્તુને પણ ભિન્ન માનનાર.

૬. **સ. ન.**—પર્યાયના જૂદા જૂદા અર્થ હોવાથી અમુક એક ઉપર આરોહનાર.

૭. **એ. ન,**—જ્યારે શબ્દની પ્રવૃત્તિ થાય ત્યારે જે ચેષ્ટાને લઇ એ શબ્દની પ્રવૃત્તિ થતી હોય તે ચેષ્ટા થવી જ જોઇએ એમ ગ્રહણ કરનાર.

## શ્રી ન્યાયાવતાર ટીકા—શ્રી સિદ્ધર્ષિ

૧. **નૈ. ન.**—સામાન્ય-વિશેષ પરસ્પર ભિન્ન છે એવું માનનાર. આ નયને અનુસરનારા નૈયાયિક-વૈશેષિક.

૨. **સં. ન.**—એકલાં સામાન્યને માનનાર. આ નયને અનુસરનારા શુદ્ધાદ્વૈતવાદી, સાંખ્યો.

૩. **વ્ય. ન.**—શાસ્ત્રીય સામાન્ય-વિશેષની અપેક્ષા વિના લોકવ્યવહારને જ અનુસરનાર. આ નયને અનુસરનારા ચાર્વાક.

૪. **ઋ. ન.**—ક્ષણક્ષયી વિશેષ (પર્યાય) જ સત્ય એવું માનનારા. આ નયને અનુસરનારા બૌદ્ધ.

૫. **શ. ન.**—રૂઢિને લઈ શબ્દની પ્રવૃત્તિ ઇચ્છનારા. શબ્દાદિ ત્રણને અનુસરનારા વૈયાકરણીઓ.

૬. **સ. ન.**—વ્યુત્પત્તિ પ્રમાણે જ શબ્દનો અર્થ માનનારા.

૭. **એ. ન.**—**વર્ત્તમાન કાળમાં** થતી જે ક્રિયા તે ક્રિયાવાળી વસ્તુને જ તે ક્રિયા જણાવનાર શબ્દ વડે બોલાવાય એમ માનનારા.

### તત્ત્વાનુબોધ—

૧. **નૈગમ નય**—(૧) એક અંશને સંપૂર્ણ વસ્તુ માને. (૨) કારણને કાર્ય માને.

૨. **સંગ્રહ નય**—સર્વને એક કહે.

૩. **વ્ય. ન.**—સર્વને એક કહેલ તેની વ્હેંચણ કરે.

૪. **ઋ. સૂ. ન.**—વર્ત્તમાન ઉપયોગ ગ્રહે.

૫. શબ્દ.

# નય રહસ્ય–શ્રી યશોવિજયજી.

**નય**=બીજા અંશોનો પ્રતિક્ષેપ (અનાદર, ખંડન, નિષેધ) કર્યા વિના વસ્તુના પ્રકૃત એક અંશને ગ્રહણ કરનાર અધ્યવસાયવિશેષ.

૧. **નૈગમ**=(૧) નિગમમાં ઉપજતો અધ્યવસાય વિશેષ.
(૨) "**'ણેગેહિં માણેહિં મિણઇત્તિ'** **ય ણેગમસ્સ ય** નિરુત્તિત્તિ."

એક પ્રમાણનો પ્રમેય વિષય નહિં એવો અધ્યવસાય તે 'નૈગમ', અર્થાત્ બધાં પ્રમાણનો પ્રમેય વિષય એવો અધ્યવસાય.

(૩) નૈગમમાં કહેલા શબ્દ (તે) નો અર્થ તે નૈગમ; તેમ જ શબ્દાર્થના જ્ઞાનનું દેશથી કે સર્વથી ગ્રહણ કરનાર

તે નૈગમ—**તત્ત્વાર્થ ભાષ્ય**. ( ચારે નિક્ષેપા આ નયને અભિમત છે. )

૨. **સંગ્રહ**—(૧) નૈગમાદિથી પ્રાપ્ત થયેલ અર્થનો સંગ્રહ કરનાર અધ્યવસાય એ સંગ્રહ.

(૨) "**સંગહિય પિંડિયત્થં સંગહવયણં સમાસઓ બિંતિ.**"

(૩) અર્થોનું (૧) સર્વદેશે સંગ્રહ કરવું તે અથવા (૨) એક દેશે સંગ્રહ કરવું તે 'સંગ્રહ.'

**સર્વદેશ સંગ્રાહક** તે મહાસામાન્ય સંગ્રહ અથવા પરસંગ્રહ અથવા સંગૃહીત સામાન્ય સંગ્રહ; એકદેશ સંગ્રાહક તે અવાંતર સામાન્ય સંગ્રહ, અથવા અપર સંગ્રહ અથવા પિંડિત સંગ્રહ.

( અથવા સામાન્ય–વિશેષ સંગ્રહ )—**તત્ત્વાર્થભાષ્ય.** ( આને પણ ચારે નિક્ષેપા અભિમત છે. )

૩. **વ્યવહાર**—(૧) લોકવ્યવહારને અનુસરતો અધ્યવસાયવિશેષ તે વ્યવહાર. (૨) "**વચ્ચઇ વિણિચ્છિયત્થં વવહારો સવ્વદવ્વેસુત્તિ**" અર્થાત્ સર્વ દ્રવ્યના વિનિશ્ચયાર્થે વહેંચણ કરે તે વ્યવહાર; **વિશેષ** વડે કરીને **સામાન્યનું** નિરાકરણ, અવહરણ કરનાર તે વ્યવહાર.

(૩) લૌકિક સમ, ઉપચારપ્રાય, અને વિસ્તૃતાર્થપ્રાય તે વ્યવહાર, (**તત્ત્વાર્થભાષ્ય**). ( આને પણ ચાર નિક્ષેપા

*અભિમત છે.

૪. **ઋજુસૂત્ર**—(૧) *પ્રત્યુત્પન્ન (વર્ત્તમાન [*હાજર હોય તે]) ગ્રાહી અધ્યવસાયવિશેષ. (૨) '**पच्चुप्पन्नग्गाही ऊज्जुसुओ णयविही मुणेयव्वोत्ति**'। (૩) સત્ એવા વર્ત્તમાન અર્થના અભિધાનનું પરિજ્ઞાન તે ઋજુસૂત્ર—(તત્ત્વાર્થ ભાષ્ય.)

---

* **નિક્ષેપાઃ**—

(૧) **નામ**—કોઈ વસ્તુને એવા નામે બોલાવિયે કે તે નામ પ્રમાણે તેમાં ગુણ, આકાર કે ઉપયોગ ન હોય.

(૨) **સ્થાપના**—,, ,, આકાર હોય, ગુણ ન હોય.

(૩) **દ્રવ્ય**— ,, ,, આકાર તથા ગુણ હોય, પણ ઉપયોગ ન હોય.

(૪) **ભાવ**— ,, ,, આકાર, ગુણ, ઉપયોગ જેમાં વર્ત્તતા હોય તે ભાવ નિક્ષેપો.

# શુદ્ધિ પત્રક

| પૃ. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૯ | निप्टा | निष्टा |
| ૨૨ | शक्तय | शक्त्य |
| ૩૫ | तद्राह्यं | तद्ग्राह्यं |
| ૪૦ | विघीयतं | विधीयते |
| ૪૨ | णिश्वं | णिश्चं |
| ૬૩ | वश्चाति | वश्चति |
| ૬૬ | બીજાના | બીજા |
| ૮૭ | भूत— —विशिप्ट | भूत-—विशिष्ट |
| ૮૯ | देशात् | देयात् |
| ૯૨ | મક્ષ | મહા |
| ,, | निश्च | निश्च |
| ૧૧૩ | અભ્યુગમ | અભ્યુપગમ |
| ૧૧૪ | બહુ તતા | બહુશ્રુતતા |

